
જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ



जंसेयं तं समायरे

સંપાદક

સોમચંદ ડી.

# વિષય દર્શન

વિ૦ સં. ૨૦૦૧ : : વર્ષ : ૨ : : ખંડ : ૨ : જયેષ્ઠ :


| | | | |
|---|---|---|---|
| ૧ | કર્ત્તવ્ય ગીત [ કાવ્ય ] | શ્રી અજ્ઞેય | ૧૭૯ |
| ૨ | મહાસાગરનાં મોતી | આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી મ૦ | ૧૮૦ |
| ૩ | માયાનું મહાતાંડવ | આ૦ શ્રી વિજયરામચન્દ્રસૂરિજી મ૦ | ૧૮૫ |
| ૪ | સંસ્કાર ઝરણ | શ્રી મફતલાલ સંઘવી | ૧૯૦ |
| ૫ | જૈન નૃત્યકલા | શ્રી જયન્તિ શાહ | ૧૯૪ |
| ૬ | ઇર્ષ્યાની વેદિ પર | આ૦ શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ૦ | ૧૯૯ |
| ૭ | આસ્તિકતાનો સંદેશ | પં. શ્રી પ્રવીણવિજયજી ગણિ | ૨૦૮ |
| ૮ | મહાકવિ શ્રી સમયસુંદર | શ્રી અગરચંદ નાહટા | ૨૧૩ |
| ૯ | વિખરાયેલાં ફૂલો | મુનિશ્રી મહિમાવિજયજી મ૦ | ૨૨૪ |
| ૧૦ | પ્રસન્ન પળો | મુનિશ્રી કનકવિજયજી મ૦ | ૨૨૮ |
| ૧૧ | શંકા અને સમાધાન | ,, | ૨૩૪ |
| ૧૨ | પહેલું પગલું | ક૦ | ૨૪૦ |
| ૧૩ | ભક્ત હૃદયની વેદના | મુનિશ્રી રુચકવિજયજી મ૦ | ૨૪૩ |
| ૧૪ | અંતરનો નાદ | શ્રી અતિથિ | ૨૪૪ |
| ૧૫ | ફૂલહાર | મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મ૦ | ૨૪૫ |
| ૧૬ | પાદપૂર્તિનો પ્રત્યુત્તર | સંપાદકીય | ૨૪૯ |
| ૧૭ | જ્ઞાનગોચરી | શ્રી ગવેષક | ૨૫૧ |
| ૧૮ | ઇતિહાસ ! ત્હારાં વહેણો | ,, | ૨૬૨ |
| ૧૯ | ‘સતી ચરિત્રનાં કલંકનો’ ભ્રમ | શ્રી અભ્યાસી | ૨૭૪ |
| ૨૦ | શિક્ષણ અને શિક્ષણાલયો | શ્રી સોમચંદ શાહ | ૨૯૨ |
| ૨૧ | પુરોહિતના ત્રણ પુત્રો | શ્રી પંકજ | ૨૯૭ |
| ૨૨ | યુદ્ધવિરામ અને વિશ્વશાન્તિ | શ્રી સોમચંદ શાહ | ૩૦૩ |
| ૨૩ | નવાં પુસ્તકો | શ્રી અભ્યાસી | ૩૦૭ |
| ૨૪ | સંપાદકીય | | ૩૧૨ |

## કલ્યાણની વ્યવસ્થાના નિયમો

૧ કલ્યાણનો મુખ્ય ઉદ્દેશ: 'દેશ અને સમાજના વાતાવરણને અનુલક્ષીને જૈન સંસ્કૃતિનો સંદેશ: સરળ, ભાવવાહી અને સંસ્કારી ભાષાના લેખો દ્વારા જૈન-જૈનેતર સમાજના સંસ્કારવાંચ્છુ વર્ગની સમક્ષ રજૂ કરવો.'

૨ જૈન તત્ત્વજ્ઞાન, શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય, તીર્થ-પ્રવાસ, કથા કે ધર્મોપદેશ ઇત્યાદિ કોઈપણ વિષયને સ્પર્શીને, ટૂંકમાં મુદ્દાસરનું લખાણ કે, જે હળવી, શિષ્ટ અને સરળ ભાષામાં લખાયેલું હોય તેવું લખાણ પ્રગટ કરવું. [ઉપદેશરૂપનું લખાણ વર્તમાનકાળની સાહિત્યશૈલીએ સુરુચિપૂર્ણ ભાષામાં હોવું આવશ્યક છે.] આવેલા લેખોમાં આવશ્યક જણાતો ફેરફાર કરવાનો અધિકાર સંપાદકને રહેશે.

૩ લેખોની પસંદગીનું કાર્ય સંપાદકની ઇચ્છા ઉપર રહેશે. પસંદગીનું ધોરણ બેશક નિષ્પક્ષ રીતે સચવાશે. કોઈને પણ અન્યાય નહિ થાય તેની પૂરતી કાળજી રહેશે. પણ પ્રાચીન સંશોધન, જૈન તત્ત્વજ્ઞાન કે અદ્યતન શૈલીએ રજૂ થતી ઐતિહાસિક કથા, અથવા તીર્થયાત્રા અને ધાર્મિક કે સામાજિક પ્રશ્નોની જૈન સંસ્કૃતિની દૃષ્ટિયે સમાલોચના; ઇત્યાદિ વિષયોના ટૂંકા, મર્મસ્પર્શી અને રોચક ભાષાવાળા લેખોને પહેલું સ્થાન મળશે.

૪ કોઇપણ કારણસર અપ્રગટ થયેલ લેખ પાછો મંગાવનારને મંગાવનારના ખર્ચે તે લેખ પાછો મોકલવામાં આવશે; પણ પ્રસિદ્ધ ન કરવાનાં કારણો જણાવવાને સંપાદક જવાબદાર નહિ રહે.

પત્રવ્યવહારનું સીરનામું:-
કલ્યાણ પ્રકાશન મંદિર,
બાબુબિલ્ડીંગ-પાલીતાણા.

# આપ્તમંડળની યોજના

કલ્યાણની હિતકર પ્રવૃત્તિઓને પહોંચી વળવાની આર્થિક સ્થિતિ અમારી પાસે નહિ હોવાથી તેને સારુ જૈન સમાજના શ્રદ્ધાળુ, સંસ્કારરસિકોની સમક્ષ અમે ટેલ પાડી હતી. જેથી શુભેચ્છકોની સલાહથી આ યોજના નિશ્ચિત થઈ છે.

## યોજના:

૧. રૂા. **૨૦૧** એકી વેળાયે આપનાર સદ્ગૃહસ્થો **સં**રક્ષક મંડળના **આ**જીવન **સભ્ય.**

૨. રૂા. **૧૦૧** એકી વેળાયે આપનાર સદ્ગૃહસ્થો **સ**હાયક મંડળના **આ**જીવન **સભ્ય.**

૩. રૂા. **૫૧** એકી વેળાયે આપનાર સદ્ગૃહસ્થો **શુ**ભેચ્છક મંડળના **આ**જીવન **સભ્ય.**

૪. રૂા. **૨૧** એકી વેળાયે આપનાર સદ્ગૃહસ્થો **શુ**ભેચ્છક મંડળના **પં**ચવર્ષીય **સભ્ય.**

૫. રૂા. **૧૧** એકી વેળાયે આપનાર સદ્ગૃહસ્થો **શુ**ભેચ્છક મંડળના **દ્વિ**વર્ષીય **સભ્ય.**

## આપ્તમંડળ

**આ**પ્તમંડળની ઉપરોકત યોજનાને આવકારવાપૂર્વક, કલ્યાણની શુભપ્રવૃત્તિઓને પોતાનો **સહકાર** આપવાની ઉદારતા કરી, જેઓએ પોતાનાં શુભ નામો અમારા આપ્તમંડળમાં નોંધાવ્યા છે તે સદ્ગૃહસ્થો–

## સંરક્ષક મંડળના આજીવન સભ્યો :

૧ શેઠ શાંતિલાલ મણિલાલ શ્રોફ ખંભાત
૨ શેઠ રમણભાઇ દલસુખભાઇ મુંબઈ
૩ શેઠ કાન્તિલાલ ઉજમશી શ્રોફ ખંભાત
૪ શેઠ બાપુભાઇ છગનભાઇ શ્રોફ મુંબઇ
૫ શેઠ કલ્યાણભાઇ છગનલાલ નાણાવટી મુંબઇ

## સહાયક મંડળના આજીવન સભ્યો.

૧ શેઠ. જયંતિલાલ બહેચરદાસ દોશી મુંબઇ
૨ શેઠ પોપટલાલ પરશોતમદાસ મુંબઇ
૩ શેઠ રમણલાલ વજેચંદ ખંભાત
૪ શેઠ ભોગીલાલ ગીરધરલાલ મુંબઇ
૫ સી. પી. દોશી એન્ડ કું. મુંબઇ
૬ શેઠ ઝવેરચંદ પ્રાગજી ઝવેરી જામનગર
૭ શેઠ રતનલાલ જીવાભાઇ ચોકસી અમદાવાદ
૮ શેઠ છોટાલાલ હેમચંદ રાજકોટ
૯ શેઠ મનુભાઈ લાલભાઈ ચંદુલાલ ઝવેરી અમદાવાદ
૧૦ શેઠ કનુભાઇ લાલભાઈ ચંદુલાલ ,, ,,
૧૧ શેઠ જગજીવનદાસ શેષકરણ જુનાગઢ
૧૨ દોશી સૌભાગ્યચંદ કુંદનમલ મુંબઈ
૧૩ શેઠ રમણલાલ ડાહ્યાભાઈ ઝવેરી અમદાવાદ

## શુભેચ્છક મંડળના આજીવન સભ્યો.

૧ શ્રી શાંતિભવન જૈન સંઘ જામનગર
૨ શેઠ માણેકલાલ પુંજાભાઈ મુંબઇ
૩ શેઠ કેશવલાલ વજેચંદ કાપડીઆ ખંભાત
૪ શેઠ મૂળચંદ ડાહ્યાભાઇ દલાલ ખંભાત
૫ વોરા ઉમેદચંદ કાલીદાસ હ. હેમકોરબેન જામનગર
૬ શેઠ હીરાલાલ ઉમેદચંદ ખંભાત
૭ શેઠ અમરચંદ મંગુભાઈ ખંભાત
૮ શેઠ કેશવલાલ છોટાલાલ ખંભાત

૯ શ્રી સીપોર જૈન સંઘ સીપોર
૧૦ શેઠ વાડીલાલ છોટાલાલ વીસનગર
૧૧ શેઠ મોહનલાલ સખારામ પુના સીટી
૧૨ શેઠ કાન્તિલાલ હુંસરાજ રાજકોટ
૧૩ શેઠ મફતલાલ મોહનલાલ અંધેરી

૧૪ સંગીતરત્ન હીરાલાલ દેવીદાસ અમદાવાદ
૧૫ ગુલાબચંદ ગફલભાઇ હળવદ
૧૬ શેઠ મણિલાલ ડોસાભાઇ ખાંડવાળા
હા. નિર્મળા બ્હેન પાટણ

## શુભેચ્છક મંડળના પંચવર્ષીય સભ્યો.

૧ શાહ નેમચંદ માણેકચંદ મુંબઇ
૨ શેઠ ગીરધરલાલ અમીચંદ કુંડલા
૩ શાહ બાલચંદ ઇશ્વરલાલ મુંબઇ
૪ શાહ વરજીવનદાસ અભેચંદ મુંબઇ
૫ ઝવેરી શાંતિલાલ ખેતસી જામનગર
૬ શાહ નાનચંદ તલકચંદ દાદર
૭ દોશી લાલચંદ મુલચંદ જામનગર
૮ શાહ છોટાલાલ માણેકચંદ ,,
૯ ઝવેરી કપુરચંદ અજરામર ,,
૧૦ જૈન લાઇબ્રેરી સીરસાલા
૧૧ શા. શાંતિલાલ ઉમેદચંદ ખંભાત
૧૨ શા. સોમચંદભાઇ પાનાચંદ ખંભાત

૧૩ સંઘવી કીરચંદ સુંદરજી મોરબી
૧૪ મકીમ વેલજી કચરાભાઈ જામનગર
૧૫ શ્રી સરદારપુર જૈન સંઘ
૧૬ પારેખ નારણજી હીરજીભાઈ જામનગર
૧૭ શાહ ચંપકલાલ છોટાલાલ સુતરીયા
૧૮ શાહ નટવરલાલ ભોગીલાલ વડનગર
૧૯ શાહ ભાઇચંદ ફુલચંદ મોરબી
૨૦ મહેતા માધવજી હીરજીભાઈ ધોરાજી
૨૧ શાહ નરભેરામ હુંસરાજ જામનગર
૨૨ શાહ વાડીલાલ ફકીરચંદ ખંભાત
૨૩ શેઠ પ્રેમચંદ કચરાણી ભાણવડ
૨૪ ગાંધી મોનજી ધનજી આસામડા

૨૫ શા. ત્રિભોવનદાસ હીરજી શીવા
૨૬ શાહ બાબુલાલ નેમચંદ મુંબઇ
૨૭ શ્રી આગલોડ જૈન સંઘ
૨૮ નંદરબાર જૈન પેઢી
૨૯ ઝવેરી અમૃતલાલ કપૂરચંદ મુંબઇ
૩૦ રાધનપુર જૈન સંઘ
૩૧ શાહ કાંતિલાલ મહાદેવ કચ્છ—માંડવી
૩૨ શેઠ ચુનીલાલ કમળશી જોરાવરનગર
૩૩ શેઠ સાકરચંદ પાનાચંદ જામવણથલી
૩૪ શાહ વીરપાળ હીરાલાલ જામનગર
૩૫ શાહ રમણલાલ ચુનીલાલ મુંબઈ
૩૬ શાહ રાયચંદ દેવરાજ જામનગર
૩૭ શાહ બાબુભાઇ પરશોતમ તંબોળી રાજકોટ
૩૮ શાહ મગનલાલ પાનાચંદ રાજકોટ
૩૯ શાહ વીરચંદ લખમીચંદ અમદાવાદ
૪૦ શાહ રીખવાજી મનાલાલ મુંબઈ
૪૧ પટવા ચીમનલાલ છોટાલાલ અમદાવાદ
૪૨ શાન્તાબેન રમણલાલ ઝવેરી અમદાવાદ

## શુભેચ્છક મંડળના દ્વિવર્ષીય સભ્યો.

૧ વોરા લાલચંદ વેલચંદ વઢવાણ શહેર
૨ શાહ મણિલાલ ચુનીલાલ વઢવાણ શહેર
૩ દોશી સવચંદ જેઠાભાઇ વઢવાણ શહેર
૪ દોશી ફુલચંદ લાલચંદ વઢવાણ શહેર
૫ શાહ શાંતિલાલ ત્રીકમલાલ વઢવાણ શહેર
૬ શ્રી જિતરાજજી હિંદુમલજી કોલ્હાપુર
૭ શાહ બાલચંદભાઈ ભીખાભાઇ ખંભાત
૮ શાહ ફુલચંદ રણછોડદાસ ખંભાત
૯ શાહ અમરચંદ કસલચંદ ખંભાત
૧૦ શાહ ભોગીલાલ દલસુખભાઇ ખંભાત
૧૧ પા. મગનલાલ લલ્લુભાઈ ખંભાત
૧૨ શાહ વાડીલાલ ચુનીલાલ દંતારા ખંભાત
૧૩ શાહ નેમચંદ પાનાચંદ ખંભાત
૧૪ શાહ ઠાકરશીભાઈ ધરમચંદ ખંભાત
૧૫ શાહ ભીખાભાઈ ચુનીલાલ ભગત
૧૬ શાહ હીરાલાલ કીલાભાઇ ખંભાત

૧૭ શાહ ન્યાલચંદ રતનચંદ ખંભાત
૧૮ શેઠ ભોગીલાલ બબલદાસ મુંબઇ
૧૯ ઝવેરી માણેકલાલ ચુનીલાલ સુરત
૨૦ ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ મોરબી
૨૧ શાહ વરવાલાલ અમૃતલાલ ખાવડ
૨૨ શ્રી લાડોલ જૈન સંઘ [ વિજાપુર ]
૨૩ શાહ સુંદરલાલ ચુનીલાલ વડોદરા
૨૪ શાહ ભીખાભાઇ ઝવેરચંદ ખંભાત
૨૫ શાહ પરશોતમદાસ છગનલાલ ખંભાત
૨૬ શાહ જીવાભાઇ મોતીલાલ ખંભાત
૨૭ શાહ નગીનદાસ આશાલાલ ખંભાત
૨૮ શાહ ભોગીલાલ ચુનીલાલ ખંભાત
૨૯ શાહ ગુલાબચંદ કપુરચંદ ખંભાત
૩૦ શાહ મનુભાઇ કચરાભાઇ ખંભાત
૩૧ શાહ રતનલાલ છગનલાલ ખંભાત
૩૨ પા. અમૃતલાલ મનસુખભાઈ ખંભાત
૩૩ શાહ કેશવલાલ મૂળચંદ ખંભાત
૩૪ શાહ નાનાલાલ જેઠાભાઇ ખંભાત
૩૫ શાહ ભીખાભાઇ મોહનલાલ ખંભાત
૩૬ શાહ નાથાલાલ મોહનલાલ મહેસાણા
૩૭ મેઘજી ટોકરશીભાઇ હ. પ્રેમજીભાઇ મુંબઇ
૩૮ શ્રી જૈન શ્વેતામ્બર પાઠશાળા ઇડર
૩૯ ચીમનલાલ જી. શાહ મુંબઇ
૪૦ શાહ લાલજી કેશવજી ચીનાઇ મુંબઇ
૪૧ શાહ ચંદુલાલ ભોગીલાલ અમદાવાદ
૪૨ ઝવેરી મંગળદાસ નથ્થુભાઇ વિજાપુર
૪૩ ઝવેરી ભોગીલાલ નથ્થુભાઈ મુંબઇ
૪૪ શેઠ ભોગીલાલ હાલાભાઇ પાટણ

**ભૂલસુધાર:** ચાલુ ખંડમાં પૃ. ૧૭૯ પર 'કર્તવ્યગીત' કાવ્યમાં છેલ્લી પંક્તિમાં **'રત્નો ઢેર'** છપાયું છે તેને સ્થાને **'રત્નોકા ઢેર'** સમજવું.

# મંગાવો !

જેની માંગણી ખૂબ રહેતી હતી

તે

## પંચ પ્રતિક્રમણ મૂળ ગુજરાતી.

છૂટક નકલ કિં. ૧-૮-૦ ૧૦૦ ના રૂા. ૧૨૫-૦-૦

卐

## બે પ્રતિક્રમણ સાર્થ.

છૂટક નકલ કિં. ૧-૮-૦ ૧૦૦ ના રૂા. ૧૨૫-૦-૦

તદુપરાંત જૈન ધર્મના ફોટાઓ, પાઠશાળા, લાયબ્રેરી ઉપયોગી પુસ્તકો, અને નવકારવાળી, સાંપડાઓ વગેરે મળશે.

નીચેના સીરનામે પૂછાવો !

સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે
પાલીતાણા, ( (કાઠિઆવાડ )

ગોરધનદાસ જીવનલાલ શાહ
C/o નાસુદબેન જૈન પાઠશાળા
૧૪, ધનજીસ્ટ્રીટ, બુલીયન એક્ષચેંજ
બીજે માળે, મુંબઇ

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

પુ. : ૨ : ખં. : ૨ : જ્યેષ્ઠ : ૨૦૦૧


## કર્તવ્યગીત

[ નાચો નાચો પ્યારે મનકે મોર ]

જાગો જાગો જૈનો જોર જોર,
આજ જાગનમેં કરો ન દેર.

નિંદ શય્યામેં કાલ ગુમાયા,
હીરા ખુવાયા હાથ ન આયા;
કૈસૈ હી નાહક મેં કરતે હો સ્હેર જાગો...૧

માયાકી બંગડી હાથમેં લગાઈ,
ધર્મસગાઈ દીઈ ફગાઈ;
આશાકી નદીયાંને લીયા હૈ ઘેર. જાગો...૨

માયા પ્રપંચસે ધનકો મીલાઈ,
ભૂંડી જુઠાઈ બુદ્ધિ બુડાઈ;
કૈસે યું કરતે હો મિલ્કત મેં લ્હેર. જાગો...૩

સુધાકુંડ જિનાગમવાણી,
તત્ત્વોકી ખાની ધર્મસુકાની;
ગજાવો ગગનમેં સુધર્મોકી હેર. જાગો...૪

સફરલંબી હૈ તેરી મુસાફીર,
જાના હૈ તીર બનના હૈ ધીર;
લીખા હૈ કીસ્મત મેં રત્નો ઢેર. જાગો...૫

શ્રી અજ્ઞેય

# મહાસાગરનાં મોતી

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

**સ્વ** અને પરનું કલ્યાણ સાધવામાં પ્રતિદિન જેઓ કટિબદ્ધ હોય, પોતે અંતઃકરણની ભાવનાથી સ્વીકારેલી પ્રતિજ્ઞાઓનું પાલન પ્રાણના અંતે પણ કરવા જેઓ બદ્ધ-લક્ષ્ય હોય, જિનાજ્ઞાનો સંચાલન-દોર જેઓના જીવનમાં અને પ્રત્યેક આચરણોમાં સક્રિય ગૂંથાએલો હોય, સત્યને પ્રગટ કરતાં માન-પૂજા કે સ્વયશથી જેઓ નિરપેક્ષ રહેતા હોય, એવા પરમાર્થ પરાયણ ગુરુદેવો ભવસાગરથી તારનાર બને છે.

* * *

આશા અને વિહ્વલતા, અસ્થિરતા અને મલિનતા, અવિદ્યા અને અપૂર્ણતા, આ તો અનાદિ કાલથી આત્માના સહચારી છે. પરંતુ, આ અયોગ્ય સંગતોની છાયાથી આત્માને જુદો કરવાનું કાર્ય ગહન છે. તેવું ગહન અથવા કઠીન પણ કાર્ય સંતોષ-નિકેતન એવા સંતોની સંગતથી સહજ સાધ્ય બને છે.

* * *

વિદ્વત્તા માત્ર જ કામ નથી આવતી. વિરતિભાવ વિહુણી વિદ્વત્તા વિધવા જ ગણાય. આચારોથી પતિત અને વિચારોથી પણ પતિત, એવા કદાચ મહાન વિબુધ પણ મનાતા હોય, છતાંય, તેનું જ્ઞાન લાભના બદલે અલાભ જ પેદા કરે છે.

ડુબતા માનવને, પોતાની પાસે રહેલું વજન જેમ ડુબાડવામાં મદદગાર બને છે, તેમ વિરક્તિ ભાવનાથી રહિત કોરું જ્ઞાન પાપાચરણમાં મદદગાર હોઈ સંસારવૃદ્ધિનું કારણ બને છે.

*　　*　　*

સંસાર વૃક્ષનું બીજ જેમ કર્મો છે. ને તે વૃક્ષવૃદ્ધિનું કારણ મોહમયી વિલાસી ચેષ્ટાઓ છે, એને નવપલ્લવિત કરનાર આશ્રવનાં દ્વારો છે; તેમ મોક્ષવૃક્ષનું બીજ સમ્યગ્દર્શન છે. તેની વૃદ્ધિનું કારણ સમ્યગ્જ્ઞાનદ્વારા આત્માને થતો અખંડ આનંદનો અનુભવ છે. જ્યારે તેને નવપલ્લવિત બનાવનાર શુભાશયથી અને શુદ્ધાંતઃકરણથી કરાએલી જિનાજ્ઞાવાસિત સત્ક્રિયાઓ છે.

*　　*　　*

આત્માની ભૂમિ ઉપર મનોવૃક્ષનો આશ્રય લઇ, આશા-તૃષ્ણાની વિષવેલી ફુલીફાલી બને છે, અને તેમાં કુવિકલ્પજન્ય ફળો પેદા થાય છે. તેથી પ્રાણીઓને તે મિજાજી બનાવે છે, મૂર્છાગત દશાનો કારમો અનુભવ કરાવે છે, તથા સંયોગ અને વિયોગની હારમાળાઓનો ગણિતાકાર બનાવી સરવાળે નફામાં ૦–ઝીરો રાખે છે.

*　　*　　*

અપમાન કરનારો કે ગાળો દેનારો સાચો દુશ્મન નથી. એક રીતે તો એ સાચો મિત્ર છે; કારણ કે, તે તો સાવધાન બનાવે છે, અને જાગ્રત દશામાં લાવે છે. પવિત્ર અને આદર્શ જિંદગીને કલંકિત કરનાર તો ક્રોધ–માન–માયા ને લોભનાં આક્રમણો અથવા હલ્લાઓ છે. એ જાણી પ્રજ્ઞાવાનોએ અંતર-

રિપુઓને ઓળખી લે છે, અંતર શત્રુઓનો વિજય એ જ શાશ્વતો વિજય છે. એ વિજય પછી કોઈના આક્રમણનો ભય રહેતો નથી.

*　　　*　　　*

દુન્યવી પ્રત્યેક પદાર્થ પ્રત્યેનો રાગ, એ જાજ્વલ્યમાન આગ છે. રાગી માનવ અંધ ગણાય છે. ચક્ષુવિહુણો મનુષ્ય પ્રેરણા યા ઇશારાના સહારે સનસનાટ દોડ્યો જાય છે. પરંતુ અંતર ચક્ષુ વિનાનો તો, વિવેકવંત એવા પૂજ્ય પુરુષોની પ્રેરણા કે શુભાશયના સંકેતોને માનતો કે સમજતો ય નથી. અંતમાં દુર્દશાથી ઊંડી ખીણમાં પતન થયા પછી રૂવે છે, ને કડવા અનુભવો કરે છે.

*　　　*　　　*

ઉછળતા ખમીરે યુદ્ધના મોખરે ઊભો રહી, દુશ્મનોના તીક્ષ્ણ ઘાને સહી, વિજયની તાલાવેલીમાં અંધ થઇ લડનારો સાચો શૂર નથી, અથવા અનીતિ અને અન્યાયના આશ્રય નીચે લાખો કે ક્રોડો કમાઈ હજારો ઉપર પોતાનો વટ પાડનારો પણ સાચો શૂર નથી; પરંતુ તે જ સાચો શૂર હોઈ શકે, કે જે, આ જિંદગીરૂપી તોફાની દરિયાઇ વાવાઝોડાની સુખદુ:ખની અથડામણોમાંથી, તરુણ અવસ્થા સ્વરૂપ મધ્ય દરિયે પોતાની વહેતી મૂકેલી જીવનનાવને, સદાચારના માર્ગદ્વારા આબાદ બચાવી લ્યે છે.

*　　　*　　　*

કાનનો ઉપયોગ, વિકથામાં, પરનિંદાની વાતોમાં કે અનર્થકારી સમાચારો સાંભળવામાં જેઓ કરે છે, તેઓ પોતાની

જાતને જોખમની ધાર પર મૂકનારા છે. સ્વાર્થને છોડીને કોઇ-પણ અનર્થકારી વાતોમાં કાનને રોકવા નહિં. હિતકર એવું શાસ્ત્રોનું શ્રવણ કરવા, શાસ્ત્ર રહસ્ય પીવા, કાનને અંજલિ બનાવો! કારણ કે, તે પીવાથી આત્માનો ક્રમિક વિકાસ તેમ જ પૂર્ણ ઉન્નતિ સાધી શકાય છે.

*　　　*　　　*

અપકાર કરનારાઓનું પણ ભલું થાઓ! એવો અવસર આવો કે, મ્હારા અપરાધીઓનું પણ ભલું કરીને સજ્જનતાની સાકર વહેંચું! એવી ઉદાર અને પ્રશસ્ત ભાવના વર્તો. પોતાની સજ્જનતાના અને યોગ્યતાના પ્રકાશ કિરણો દુર્જનો-ના હૃદયમાં પ્રકાશ પાથરે છે, અને કૃત્યોનું સાચું ભાન કરાવે છે. આજ ઉપકારીઓનું કર્તવ્ય છે.

*　　　*　　　*

પ્યારા પ્રાણો આપવા પડે તો પણ સત્યનું શરણ ન છોડવું. સત્ય ગયું તો અખિલ ધર્મો ગયા. સત્ય છે, તો હરેક ધર્મો છે જ. સર્વ પ્રકારના ધર્મ-નિધાનોને રહેવા માટે સત્ય એ પટારો યા તિજોરી છે. અસત્વાદી સત્યની હીનપત થવા સાથે તિરસ્કાર પામે છે, જ્યારે સત્યવાદીઓ પૂજાય છે, સ્તવાય છે અને વંદાય છે. જેઓની વાણીથી કોઇ પણ પ્રકારે કોઇ પણ પ્રાણીનું અહિત ન થાય, તેવી વાણી એ સત્યવાદીઓના મુખનું સૌન્દર્ય છે. હિતાવહ વાણી એ જ સત્ય છે.

*　　　*　　　*

હામાં હા, અને નામાં ના કહેનારા મિત્રો એ સફેદ ઠગો છે, અથવા ચોર મિત્રો છે. પાપકાર્યોને કરતાં જે અટકાવે નહિ,

અને ધર્મનાં શુભ કાર્યોમાં પ્રેરે નહિં, એવા મિત્રો–રોગીના પેટમાં રહેલા મળના જેવા દુશ્મનો જ સમજવા. સાચા મિત્રો તે જ કહેવાય, કે જેઓ આપત્તિમાં મદદગાર થતા હોય, પાપ-કાર્યોથી બલાત્કાર કરીને પણ નિવારણ કરતા હોય, અને ધર્મ-કાર્યો પ્રતિ જે કોઇ પણ પ્રકારે જોડાવા મથતા હોય.

* * *

એક જ તલવાર શીર કાપે છે, અને એ જ શીરને બચાવે પણ છે. પરંતુ તેનો ઉપયોગ કરનાર કુશળ હોવો જોઇએ. વાણી માનવોને ચારે દિશાની શાતા પણ અપાવે છે. અને તે જ વાણી જો બરોબર ન બોલાય, તો સજા પણ કરાવે છે. વાણીમાં બોલનારાઓનું જ મહત્ત્વ છે.

* * *

## આપણી પુરાણી સંસ્કૃતિ :

ધનોપાર્જના જયારે અનિવાર્ય બને છે ત્યારે ગૃહસ્થોએ પોતે ધનની કમાણી માટે અમુક મર્યાદા નિયત કરવી જોઇએ. પૂર્વકાલમાં આપણા વેપારી સમુદાયમાં એવી પ્રવૃત્તિ હતી કે, પોતાની જરૂરીયાતોને મર્યાદિત રીતે સંતોષ્યા પછી, બાકીનું ધન તેઓ પરમાર્થમાં ખરચી નાખતા યા પોતાનું જીવન તે કાર્યોમાં પૂરું કરતા. આજથી પચાસ વર્ષ પહેલામાં હિસાબી ચોપડાઓ જોતાં એ સંસ્કૃતિના પૂરાવાઓ મળી આવે છે. આપણા વેપારીઓએ એ મરવા પડેલી સંસ્કૃતિનો પુનરુદ્ધાર કરવા કટિબદ્ધ થવું પડશે.

# માયાનું મહાતાણ્ડવ અને સરળતાનો વિજય

## પૂ૦ આચાર્યદેવશ્રી વિજયરામચન્દ્રસૂરિ મહારાજ

સરળતા ગુણની મહત્તા વચનાનીત છે, જ્યારે માયા, એ સર્વ પ્રકારના દોષોની જનેતા છે. માયાવી આત્માઓ જગતમાં જે જે રીતે અનર્થો કરી રહ્યા છે તે દર્શાવવાપૂર્વક સરળતા ગુણની મહત્તા આ લેખમાં જણાવી છે.

**આ** જગતમાં માયાનું સામ્રાજ્ય કમ વ્યાપેલું નથી. કેવળ અર્થ અને કામની ઉપાસનામાં પડેલા અજ્ઞાન જીવો કેવી રીતે માયાવી વ્યવહાર ચલાવી રહ્યા છે, એ પણ સમજવા જેવું છે. માયાની ઉપાસનામાં આનંદ માનતા રાજાઓ અર્થના લોભથી સઘળાય લોકને ઠગે છે. રાજાઓ સઘળાને ઠગવાને માટે પ્રપંચના ગુણોનો આશ્રય લઈને અનેક રીતે પોતાની ઠગવિદ્યાનો ઉપયોગ કરે છે. એ જ રીતે, માયામાં સર્વસ્વ માનનારા બ્રાહ્મણો, કે જેઓ અંદરથી અપ્રમાણિક હોઇ સાર વિનાના છે તેઓ પણ બહારના આડમ્બરથી તિલકોદ્વારા મુદ્રાદ્વારા, મન્ત્રોદ્વારા અને પોતાની ક્ષમાના દર્શનદ્વારા, લોકને ઠગે છે. માયાને ભજનારા વાણીયાઓ પણ ખોટાં માપ અને શીઘ્રકારિતા આદિ અનેક પ્રકારોથી ભોળા લોકોને ઠગે છે. બતાવવું કાંઇ અને આપવું કાંઇ—એ વગેરેમાં માયાવી વાણીયાઓ એવા ઝડપી હોય છે કે—ભોળાઓને વાત-વાતમાં ઠગી શકે છે. તેઓ તોલ અને માપમાં એવી શીઘ્રતાથી ચાલાકી કરી શકે છે કે—ભોળાઓ ભાગ્યે જ કળી શકે.

હૃદયમાં નાસ્તિકતા છતાં અનેક જાતના ત્યાગીના વેષમાં

પાખંડને ભજનારા માયાવીઓ પણ જટાધારી બનીને, મુંડ બનીને તથા શિખા, ભસ્મ, વલ્કલ કે નગ્નપણું આદિ ધરીને ભોળા શ્રદ્ધાળુઓને ઠગે છે. આવા ઠગારાઓ જગતમાં ઓછા નથી હોતા. રાગ વિનાની હોવા છતાં રાગ બતાવવાની કળામાં કુશળ અને હાવ, ભાવ, લીલાપૂર્વકની ગતિ અને વિલોકનો દ્વારા કામિઓને રંજિત કરતી વારાંગનાઓ પણ જગતને ઠગે છે. પત્નીઓ પતિઓને અને પતિઓ પત્નીઓને, પિતાઓ પુત્રોને અને પુત્રો પિતાને, ભાઈ ભાઈને અને મિત્રો મિત્રોને માયાથી પરસ્પરને ઠગનારા બની જાય છે. અર્થના લોભી લોકો અને ચોર આદિ લોકો માયા આચરવામાં સદા જાગૃત રહે છે. અને અહર્નિશ જાગૃત એવા તે લોકો પ્રસંગ મળે તો પ્રમાદી લોકોને ઠગ્યા વિના રહેતા નથી. પોતાના પાપફલને ભોગવતા અધમ આત્માઓ અનેક રીતે સારા લોકોને ઠગે છે. વ્યન્તર આદિ કુયોનિમાં રહેલા દેવો પણ પ્રમાદી એવા માણસોને ક્રૂર બન્યા થકા બહુ પ્રકારનાં છલોદ્વારા ઘણી ઘણી પીડાઓ કરે છે. મત્સ્ય આદિ જલચર જીવો કપટથી પોતાનાં બચ્ચાંઓનું પણ ભક્ષણ કરે છે અને તેઓ પણ માયાવી એવા મચ્છીમારોથી બન્ધાય છે. શિકારીઓ પણ નાના પ્રકારના ઉપાયોથી સ્થલચર જીવોને અનેક આપત્તિઓ આપે છે. પક્ષિઓ પણ પરસ્પર માયાના ઉપાયથી અનેક જાતિનાં પાપોને આચરે છે. આ રીતે પારકાને ઠગવામાં તત્પર એવા જીવો આખાએ લોકમાં પોતાના ધર્મનો અને સદ્ગતિનો નાશ કરીને પોતે જ ઠગાય છે.

આ સઘળો ય પ્રપંચ માયાનો છે. આ માયાનો નાશ કર્યા વિના ઉત્તમધર્મની આરાધના શકય નથી. આ માયાના નાશ માટે ઋજુતાનો આદર એ જ સાચો ઉપાય છે. સરલતા-

રૂપ સાચા ઉપાયનું આસેવન કર્યા વિના માયા મરવાની નથી અને એ વિના ધર્મ આરાધાવાનો નથી. આ કારણે, ધર્મને આરાધવા માટે માયાને મારનાર આ ઋજુતાનો સ્વીકાર કરીને, ઋજુ બનવાની ઘણી જ અગત્ય છે. માયા એ જગતનો દ્રોહ કરનારી હોવાથી વિષધરીના જેવી છે. માયારૂપ વિષધરીથી ડસાયેલા આત્માઓ જંગમ લોક ઉપર અપકાર કરવાની વૃત્તિથી ભરેલા હોય છે. માયાને જીતવાને માટે આર્જવ એ મહૌષધિ છે અને એ જગતને આનન્દ આપનાર છે. આ આર્જવગુણને આત્મસાત્ કરી ઋજુભાવને ધરવો, એ આ ધર્મને આરાધવાને ઇચ્છનારાઓને માટે અતિશય જરૂરી છે.

અનંત ઉપકારી પરમર્ષિઓ ફરમાવે છે કે, સરલતા એ મુક્તિપુરીનો સરલ પંથ છેઃ બાકીનો સઘળો ય આચાર-વિસ્તાર એની સાધના માટે જ છે. ખરેખર, સરલતાના સ્વામિઓ લોકમાં પણ પ્રીતિનું કારણ થાય છે. કુટિલ માણસોથી તો જીવો સર્પની જેમ ઉદ્વેગને પામે છે. કપટથી રહિત છે ચિત્તવૃત્તિ જેઓની એવા મહાત્માઓને, તેઓ ભવવાસને સ્પર્શનારા હોવા છતાં પણ મુક્તિસુખ એ સ્વસંવેદ્ય બની જાય છે. જેઓ કુટિલતાથી કિલષ્ટ મનના માલિક બન્યા છે, તેઓ પરના વ્યાપાદનમાં જ રક્ત હોય છે, એટલે તેઓને સ્વપ્નમાં પણ સુખ કયાંથી થાય ?

સમગ્ર વિદ્યાઓમાં વૈદુષ્ય પામવા છતાં અને કલાઓને જાણ્યા છતાં, એવા ધન્ય આત્માઓ તો થોડા જ હોય છે, કે જેઓને બાળકોના જેવું સરલપણું મળ્યું હોય ! વિદ્વત્તા અને કલાવેદિતા મળવી સરલ છે, પણ સરલતા મળવી એ સરલ નથી. વિદ્વત્તા અને કલાવેદિતાની સાથે સરલતાની પ્રાપ્તિ, એ

કોઈ ધન્ય આત્માઓને માટે જ સરજાયલી છે. અજ્ઞાન એવા બાળકોની સરલતા પણ જો પ્રીતિને માટે થાય છે, તો પછી સર્વ શાસ્ત્રોના અર્થથી ઓતપ્રોત ચિત્તવાળા બનેલા પંડિત પુરુષોની સરલતા પ્રીતિનું કારણ થાય, એમાં તો પ્રશ્ન જ શો ? અજ્ઞાનીઓની સરલતા કરતાં જ્ઞાનીઓની સરલતા, એ ઘણી જ કિંમતી વસ્તુ છે. એવા જ્ઞાનીઓની સરલતા એ જગત માટે પણ સુરલતાસમી છે, પણ એ સરલતા જ્ઞાનીઓને ય સહજ–પ્રાપ્ય તો નથી જ. આ રીતે સરલતાની પ્રાપ્તિને અતિશય મુશ્કેલ બનાવનારી અતિશય ભયંકર કોટિની દશા સ્વભાવને ભૂલવાથી થઇ છે : અન્યથા, જ્ઞાનીઓ તો ફરમાવે છે કે, સરલતા એ સ્વાભાવિક વસ્તુ છે, જ્યારે કુટિલતા એ કૃત્રિમ વસ્તુ છે. સ્વાભાવિક સરલતાને છોડીને કૃત્રિમ કુટિલતાને આશ્રય કોણ આપે ? આ વાત સ્વભાવને સમજનારા આત્માઓ માટે ઘણી જ સુંદર છે, પણ જેઓને આત્માના સ્વભાવની વાત પણ પસંદ નથી, તેઓ માટે આવી વાત પણ જરાય હિતને કરનારી થતી નથી.

અનંત ઉપકારીઓ તો ફરમાવે છે કે, ધન્ય છે તે આત્માઓને કે જેઓ છલ, પૈશૂન્ય અને વક્રોકિતથી વંચન કરવામાં પ્રવીણ એવા પણ માણસ ઉપર સુવર્ણની પ્રતિમાની માફક વિકાર વિનાના રહે છે. ઠગવાનો પ્રયત્ન કરનાર ઉપરે ય સહજ પણ વિકાર ન થવો, એ સામાન્ય ગુણ નથી. આત્મામાં અતિશય ઉત્તમતા જન્મ્યા વિના આ દશા આવવી, એ કોઇ પણ રીતે શકય નથી. અનંત ઉપકારીઓ ફરમાવે છે કે ‘ અહો ! શ્રુત-સાગરના પારને પામેલા એવા પણ શ્રી ગૌતમ મહારાજા, કે જેઓ ગણધરદેવોમાં પ્રથમ હોઈ શ્રેષ્ઠ હતા, તે પણ આર્જવના

પ્રતાપે ભગવાનની વાણીને એક નૂતન શિષ્યની માફક સાંભળતાં હતાં. આ આશ્ચર્ય એ અકારણ નથી. આજે નહિ જેવા જ્ઞાનની પ્રાપ્તિ છતાં પણ કોઈનું સાંભળવું એ પાલવતું નથી અને સંભાળવા છતાં પણ 'હું જાણું છું'-એમ બતાવવાના ચાળા કરવાનું મન થયા વિના રહેતું નથી. આ દશામાં એ સરલતા સ્વપ્નમાં ય કેમ સંભવે ? આલોચના માટે પણ ઋજુતા જરૂરી છે ઋજુતાપૂર્વક આલોચના કરનારો સઘળાય દુષ્કર્મોને ખપાવી નાખે છે, જ્યારે કુટિલતાથી આલોચનાને કરનારા અલ્પ પાપ હોય તો તેને પણ વધારી દે છે. કાયામાં, વચનમાં અને ચિત્તમાં સર્વ પ્રકારે અકુટિલ નહિ બનેલા આત્માઓનો આ સંસારથી મોક્ષ નથી. મોક્ષ તેજ આત્માઓનો છે કે જેઓ કાર્યમાં, વચનમાં અને મનમાં સર્વ પ્રકારે સરલ બનેલા છે. આજ સુધીમાં જેઓએ મોક્ષને સાધ્યો છે, તેઓએ સરલતાથી જ. જેઓ સાધી રહ્યા છે તેઓ પણ સરલતાથી જ અને જેઓ સાધશે તેઓ પણ સરલતાથી જ, કુટિલ આત્માઓ મોક્ષ પામ્યા પણ નથી, પામતા પણ નથી અને પામશે પણ નહિ.

---

### પરિગ્રહનો મોહ

જગતમાં મોટામાં મોટું પાપ પરિગ્રહનો મોહ છે, પરિગ્રહ ત્યજવો સ્હેલો છે, પણ તેનો મોહ, તેના પ્રત્યેનો મમતાભાવ એ ત્યજવો ખૂબ જ કપરૂં કામ છે. તમને ખબર છે ! લાખોનાં દાન દેનારા હજારોની સંખ્યામાં મળી જશે પણ દીધેલાની મમતાને સર્પની કાંચળીની જેમ અંતરથી ફગાવી દેનારા બે-પાંચ પણ મળવા મુશ્કેલ છે.

પરિગ્રહનો મોહ પતળો પડ્યા વિના સાચું દાન આપી શકતું જ નથી. એવાં દાનની પૂંઠે, ક્યાં તો વેપારી સોદો હશે. ચક્રવર્તી વ્યાજ સહિત મૂળ મૂડી મેળવવાની નફાખોરી હશે. અથવા કીર્તિ, માન કે નોખ જમાવવાની ભૂખ હશે. એટલે સરવાળે પરિગ્રહનું મમતાનું પાપ તો ફાલીને ફૂલેલું જ રહેવાનું.

## સંસ્કાર ઝરણું........ શ્રી મફતલાલ સંઘવી.

નિર્મળ જળધારમાં શાન્તિમંત્રનું રમણીય સંગીત વારસાની ફોરમ રૂપે છે તેમ; ગુરુ–પિતાના ઉદ્દેશની ખાટી–મીઠી સુરભિ તેમના શિષ્ય–પુત્રોમાં વહતી રહે છે. જન્મેલા ઝરણાને ધરણીના આધારની જેમ, સંસ્કારની સરિતાનું વહેણ પણ પરંપરાએ જીવતું જ રહે છે.

સંસ્કાર, વહેતી ગંગાનું પવિત્ર જીવન્ત સંગીત છે. હિમાલયથી ગગનસ્પર્શી માનસ–ટૂંકોમાંથી ગંગોત્રીને અજવાળતાં અનેક વિચારસભર ઝરણાઓમાં આપણે જીવીએ છીએ. આસપાસમાં વિચારની જે આછી–પાતળી કણિકાઓ વેરાયલી પડી છે, તેમાં એ બળ અને જ્યોત છે, કે જે વડે આજે આપણું ઘડતર થઇ રહ્યું છે.

વિશાળ આ વિશ્વ–મંડપમાં આપણે આમંત્રિતો છીએ. એ બોલ બોલીને મંડપમાં આપણે છતા થઈએ છીએ. એ બોલમાં જે નાદ ગૂંજતો હોય, તે નાદની સંકલનામાં જીવતા આશયરૂપ શબ્દોની ત્યાં આંકણી થાય છે. ને આપણું જીવન મળેલા આ આમંત્રણવડે એની અવધો મૂકતું જાય છે. આપણું જીવન આપણા વ્યક્તિત્વવડે છે. માનવપ્રાણીના અભ્યુદયમાં રાચતી આપણી સમગ્ર જીવનકલાના અંશોને પ્રકાશમાં લાવવાના પ્રેમવડે કરીને આપણામાં રહેલા વિશ્વપ્રેમને આપણે છતો કરીએ છીએ. આપણા આંતરૂપુરુષને છતો કરવામાં જેટલી આપણી ભાવના તેટલો આપણાવડે પરમેશ્વરત્વનો અંધારામાં પ્રકાશ રેલાવવાનો આશય–સિદ્ધ.

જે ઘાટનાં જળ આપણે ભૂતકાળમાં પીધાં હોય, વર્તમાનમાં આનંદપૂર્વક પીતા હોઈએ, તેવા પ્રકારની સલિલ–ધારા આપણા માનવ શિખરેથી પ્રવાહરૂપે વહતી થાય. પીધેલાં જળ જેટલાં નિર્મળ તેટલું તેની વરાળનું સૂક્ષ્મ બંધારણ ને તેટલું તેનું ઉચ્ચ આશ્રયસ્થાન. માનસના ઉત્તુંગ હિમાદ્રિ–શિખરેથી આવી નિર્લેપ બંધારણયુક્ત વરાળનાં સલિલધારે જાહ્નવીમાં સર્જન થાય, ને માનવકુલ દીપી ઉઠે.

શિષ્યમાં ગુરુના અંશો ઉતરે, તેમ પુત્રમાં પિતાના. કઈ રીતે? જેમ સોનાના એક ટૂકડામાં સોનાની પાટના ગુણધર્મો વિરાજી રહે છે, જળની એક ધારમાં અફાટ સાગર–જળના ગુણધર્મો રમતા રહે છે, તે રીતે ગુરુની સપાટીએ પહોંચવા ઉચ્ચાદર્શપૂર્વક તપતા શિષ્યમાં ગુરુના અંશો આકર્ષાય છે, પિતાની પાટમાંથી કોરાયલા પુત્રમાં પણ તે રીતે પિતાના અંશોનું અવતરણ થાય છે.

સુસંસ્કાર પ્રજાનું જીવન સત્ત્વ છે, સંપત્તિ તેનો શણગાર છે. સંસ્કારની પ્રતિમાને માનવકુલના કલ્યાણ કાજે અખંડ–અવ્યાબાધ રાખવા માટે આર્ય ઋષિમુનિઓએ શ્રદ્ધા ને ભક્તિનાં અમૃતકાવ્યો લખ્યાં છે. સંસ્કારની અવધારણા જેવી તેવી રમત વાત નથી. બનાવટ કે ઢોંગવડે તે પમાય તેમ પણ નથી. ગુરુના સંસ્કારો પામવા, શિષ્ય જેમ ગુરુની આજ્ઞામાં વર્ત્તે છે, તે રીતે આપણાથી અધિકતર સ્નેહના અધિકારીઓ અને ગુણરશ્મિઓના સંગ્રાહક વડીલો પ્રત્યે આપણે પણ વિનય ને ભક્તિ દર્શાવવાં જોઇએ.

સંસ્કાર–ઝરણ સૂકાય નહિ, છતાં તેને કાર્યના નિર્માલ્ય સહારામાં વળવાના પ્રસંગો આવી જાય. પ્રજાની એકરંગી દૃષ્ટિ

જ્યારે નિજના વર્તમાનને સર્વથા સગવડભર્યો બનાવવાની ઘેલછામાં રંગાય છે, ત્યારે આવી કટોકટીનો કપરો કાળ આવી લાગે છે. ત્રિકાળમાં જીવતી પ્રજા, સંસ્કારમાં અધિકતર આનંદ-મયતા પામે છે.

સંસ્કારનું વિશુદ્ધિકરણ પ્રજાઓના જીવનધર્મો અને એક લોહીના અખંડ કાળ-પૃષ્ઠે છે. કાળની કીતાબે જે સંસ્કાર-સત્યો આલેખાયલાં છે, તે સર્વનાં મૂળ મહાજનોની નિર્મળ જીવનગંગોત્રીના હિમાલય દેશમાં છે.

અનેક સમાજોનું એકત્રિત બળ રાષ્ટ્રમાં જીવતું થાય. રાષ્ટ્રના ભિન્નભિન્ન પ્રાન્તે તે તે સમાજના તે તે પ્રકારના બળોનું અવતરણ થાય. અને તે પ્રમાણે રાષ્ટ્રનું ખમીર જળવાય. રાષ્ટ્રના તે પ્રકારના ખમીરવડે થનારી પ્રજામાં અમુક બળો જાગૃત થાય, ને તે બળો રાષ્ટ્રના શુભાશુભમાં ભાગ ભજવે. પરિણામે સંસ્કારિતાનો વિજય અને અસંસ્કા-રિતાનો પરાજય થાય.

સંસ્કારમાં પ્રજા જીવન જીવે, અસંસ્કારમાં મહામૃત્યુ માણે. અસંસ્કારના ઓળા તેને અધમૂઆ જેવી બનાવી દે. સંસ્કારના જમે-ઉધારનું ખાતું વિશ્વના વ્યાપક તત્ત્વોની સુસંગતતામાં રાચતા પવિત્ર જીવન વ્યવસાયી પુરુષોને અંતર ચોપડે રહે છે. તેઓની હિસાબી ભૂલમાં આપણું મૃત્યુ અને દક્ષતામાં જીવન.

આંબાની લીલમરંગી ડાળે કોયલ બેસે, ટહૂકો કરે. ટહૂ-કામાં પ્રજાજનોની જાગૃતિના સૂર છેડે; છતાં તે ન આંબા કનેથી કંઇ અપેક્ષા રાખે, કે ન જગર્જનો કનેથી. દુનિયાના મહાપુરુષોના અંતરનો ટહૂકો પણ કંઇક આવો જ હોય. તે

વડે સંસ્કૃતિની છીછરી સરિતામાં વર્ષતુંનાં ઘોડાપૂર આવે, પ્રજાઓના જીવનને તપાવતા સુખ–દુઃખરૂપી કાંઠાઓ ઢંકાઇ જાય. સર્વત્ર સંતોષ ને આનંદની હરિયાળી ઊગે.

સંસ્કારના ભિન્નભિન્ન સ્રોતો છતાં ય સર્વનું ઉદ્ભવસ્થાન એક ભિન્નભિન્ન સ્વરૂપે સર્વે એક જ આશયની સિદ્ધિમાં રમતા હોય. માનવતાના પરમ આરામની સર્વે તપસ્યા તપતા હોય. વિનય, ભક્તિ કે શ્રદ્ધા જેમાં જે જે અંશો ઓછા હોય, તેનામાં તે તે સ્થાન શોધે અને માનવતાની આબાદીવડે નિજનું કર્ત્તવ્ય સાધે.

નર–નારીના જીવનનું મંગલ જીવન સંસ્કારરૂપે તેમના વંશજમાં ઉતરે. નરના તીક્ષ્ણ સંસ્કારો નારીના જીવન–ગુલાબની રેશમી પાંખડીઓના ઢાંકણરૂપ બની રહે અને તેમના વંશજો પ્રાયઃ તદનુસાર જીવતાં શીખે.

સંસારમાં સંસ્કારીજનો તે ગણાય કે જેમનાં વિનમ્ર હૈયાંનાં ભાવસભર વાદળો અવનવા તાપે તપતા જગર્જનોને શીતળ છાંયડીરૂપે બની રહે છે. જેમનો બોલ ત્રિકાળરંગી છતાં સાપેક્ષ દૃષ્ટિએ બોલાયેલો હોય છે, જેના વિચાર–વાણી અને વર્તનમાં માનવકલ્યાણની પરમ કવિતા તરતી હોય છે. જે પ્રતિપળે વિશ્વના વિશ્વેશ્વરમાં નિજને ભૂલી જવા ભમતો રહે છે. જેના સમગ્ર જીવનની છાપ, થનારી પ્રજાઓના જીવનને જીવાડનારી જીવન્ત તસ્વીર બની રહે છે.

સારો સંસ્કાર, એ અવિકારી આત્માનો ઓડકાર છે.

# જૈન નૃત્ય કલા.

## STUDIES IN ANCIENT JAIN DANCING.

શ્રી જયંતિ શાહ

**નૃત્યમાં સંસ્કૃતિને સંજીવન કરનારી ભક્તિ–પ્રેમ ભાવનાનું પ્રબળ તત્ત્વ છે, નૃત્ય કલા દ્વારા પરમાત્માની ભક્તિ કરવાપૂર્વક જીવનને ધન્ય બનાવી શકાય છે, જૈન સમાજે આજે પ્રભુ ભક્તિ માટે સંગીતની જૈન નૃત્ય કળાને વિકસાવવાની જરૂર છે, નૃત્યની માર્ગી શૈલી પર જૈન બાળકોને રસ લેતા કરવાની આવશ્યતા છે.**

લેખક આ હકીકતને આ લેખમાં રજૂ કરે છે.

**પ્રેમ** ભાવનાથી પ્રગટેલો, સ્ત્રી–પુરુષની વિશુદ્ધ જીવન ભાવનાનો, નૃત્યનો એકજ પ્રકાર આપણી પાસે વર્ષોજૂનો છે. આપણા પુરાણા મંદિરોમાં પૂજાના પ્રકારોમાં આજ સુધી નૃત્યકળા જીવંત રહી છે અને આપણી સંસ્કૃતિમાં થોડું ચેતન રેડ્યા કર્યું છે.

વર્ષો પહેલાં આવા નૃત્યો જીવનના એક ઉપયોગી અંગ સમા હતા. આજે પણ કેટલેક સ્થળે, કેટલાક સમાજોમાં, મંદિરોમાં આ ભાવના જળવાઇ રહી છે. આજે પણ એ ભાવના આપણા સમાજમાં કંઇક અંશે જળવાયેલી છે. નૃત્યની ભાવના આપણા ભાવુક સમાજમાં જાગૃત થતી જાય છે અને એના પરિણામે આપણી પાસે એવાં થોડાં કલાકારો છે જે આપણને નૃત્યની વિશુદ્ધ ભાવનામાં તલ્લીનતા આપે છે. આ રીતે હિંદની પૌરાણિક ભાવનાઓ જાગૃત થતી જાય છે.

આજનો માનવી ગમે તેવો સુસંસ્કૃત અને સુધરેલો હોય, આજના સાહિત્યકારો ગમે તેવા મહાન સર્જનો કરતાં હોય, ભલે એ બધુંય હોય; છતાંય પૌરાણિક સંસ્કૃતિને સ્પર્શ્યા વગર કોઇ રહી શકતું નથી. રહી શકશે નહિ એ નિઃશંક છે.

જીવનની કેડી પર ડગ માંડીએ અને નવી જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે.

નિસાસા, આંસુ અને નિરાશા માણ્યા પછી કોઇક કોઇક સમયે આપણને હૃદયમાંથી આનંદનો પ્રવાહ મળે છે. આ આનંદનો પ્રવાહ આત્મિક હોય છે. આ પ્રવાહને વિકાસમાર્ગે વાળવા માટે નૃત્ય પ્રેરણાસ્થાન છે.

નૃત્ય એ આપણા જીવનના વિકાસની પારાશીશી છે. નૃત્ય એ આપણા આત્મિક આનંદનું પ્રદર્શન છે. અને નૃત્ય એ આપણા વિકાસનું પ્રથમ પગથિયું છે. પુરાણ કથાઓ, પુરાતન અવશેષો અને ખંડેરો દ્વારા આપણને માહિતી સાંપડે છે કે નૃત્યની પદ્ધતિ જૂના યુગની છે અને આપણા આત્માને વિકાસમાર્ગે દોરવા માટેજ આ પદ્ધતિ યોજવામાં આવેલી હતી. મંદિરના ભીંત ચિત્રો તરફ નજર ફેંકતા થઇએ છીએ ત્યારે આપણને નૃત્યની ભાવનાનો ખ્યાલ આવે છે. આપણો આત્મિક ભાવ હૃદયમાં પ્રગટે છે. નૃત્યના દર્શનથી આધ્યાત્મિકતાનું દર્શન થાય છે.

'**શત્રુંજય મહાત્મ્ય**' જેવા આપણાં પ્રાચીન ગ્રંથ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, 'નૃત્ય એ પરાપૂર્વથી ચાલ્યું આવે છે અને તેનું પહેલું પ્રદર્શન કિન્નર સ્ત્રીઓએ તથા દેવ સ્ત્રીઓએ ભગવાન શ્રી ઋષભદેવ સમક્ષ યોજ્યું હતું. વાસ્તવિક રીતે જોઇએ તો ઋષભદેવ ભગવાન મુખ્ય શિક્ષક હતા અને એમણે નૃત્યની તાલીમ એમના વડાપુત્ર **ભરત** અને પુત્રી **બ્રાહ્મી**ને આપી હતી.

આ ગ્રંથમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે, 'સંસારનો ત્યાગ કરવા પૂર્વે ભગવાને જગતની વ્યવસ્થા નિયત કરી, ઘટિત કાર્યોમાં પ્રેરક એવા પરમેશ્વરે સઘળી પ્રજાઓને નાના પ્રકારના કાર્યોમાં યોજી. દેવોએ જેમનું સ્તવન કર્યું છે એવા પ્રભુ કોઇક સમયે બાગમાં, કોઇક સમયે સમુદ્રકાંઠે, કોઇ સમયે પર્વતોના ક્રીડાસ્થાનોમાં, કોઇવાર ચિત્ર-વિચિત્ર દેવાલયોમાં, કોઇવાર સ્ત્રીઓના ગ્રામ્ય ગીતો શ્રવણ કરવામાં તથા **કોઇવાર ઇન્દ્રના હુકમથી દેવ સ્ત્રીઓએ ભજવેલા નાટકો જોવામાં અને કિન્નર સ્ત્રીઓના ગાન સાંભળવામાં સમય ગાળીને કાલને ખપાવતા હતા.**'

જંબૂસ્વામી ચરિત્રમાં એવી વસ્તુ રચવામાં આવી છે કે, સામાન્ય વ્યક્તિથી માંડીને રાજ-દરબારો સુધી નૃત્ય પહોંચતું હતું.

જંબૂકુમારનો વિવાહ વિધિ પૂર્ણ થયા પછી જાણે પોતે કૃતાર્થ થયા હોય તેમ હર્ષ પામતા સ્વજનોની સાથે જંબૂકુમાર વધુઓ વડે મનોહર એવા રથ ઉપર બેસી પોતાના ઘરને દ્વારે આવી પહોંચ્યા. ' આજે મને વ્રત લેવામાં વિઘ્ન કરનારો વિવાહ મહોત્સવ નિવૃત થઈ ગયો એમ માનીને જાણે હર્ષ પામતા હોય તેમ જંબૂકુમાર માતા પિતાએ નચાવેલા વિશેષ નૃત્ય કરવા લાગ્યા.

જ્યારે જ્યારે તીર્થંકરનું સમવસરણ રચાય છે ત્યારે ત્યારે દેવ નૃત્ય કરે છે. વીર પ્રભુના સમવસરણમાં પણ દેવે નૃત્યની યોજના કરી હતી એવા ઉલ્લેખો મળી આવે છે.

**जीहो बहुतेर पुरुष तणी कला, जीहो नारी कला चोसठ।**
**जीहो लीपी अढारे सोहामणी, जीहो कुल चउथापे उक्किट्ठ॥**

પુરુષની બોંતેર કલા, સ્ત્રીની ચોસઠ કલા તથા અઢાર જાતિની સોહામણી લીપી અને અને ઉગ્રકુલ, ભોગકુલ, રાજકુલ તથા ક્ષત્રિયકુલ એ ઉત્કૃષ્ટ ચાર કુલો પ્રભુએ સ્થાપ્યાં.

જૈન ધર્મના પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવે આ વ્યવહાર પ્રવર્તાવ્યો ત્યારથી પુરુષોને બોંતેર કળા અને સ્ત્રીઓને ચોસઠ કળા શીખવી. શ્રી ઋષભદેવ ભગવાને પણ પોતાના વડા પુત્ર ભરતને ૬૪ કળાનો કાંડ શિખવ્યો. આ કળાઓમાં નૃત્યકળા વિશિષ્ટ સ્થાન ભોગવતી હતી. અને આ કળાને દેદીપ્યમાન બનાવવા માટે વિવિધ વેશભૂષા, અલંકારો, કુમ્ કુમ્ તિલકની યોજના કરવામાં આવતી હતી. આજે ઋષભદેવ ભગવાનને નિર્વાણ પામ્યાને ઘણો કાળ વ્યતીત થયો છે છતાં આ અલંકારો, વેશભૂષા, કુમકુમ તિલક ચિરંજીવ રહ્યાં છે. અને એની સાબિતી મંદિરના દિવાલ માર્ગો આપી શકે તેમ છે. મંદિરના દિવાલ માર્ગો પર યોજવામાં આવેલા નર્તિકાના લાક્ષણિક પોઝ પરના અલંકારો– હાથ પરના કંકણ, પગના ઝાંઝર, કટિમેખલા, કાનનાં કુંડલ ઇત્યાદિ અંગના વિશિષ્ટ અલંકારો વધુ સાબિતી આપે છે અને શિલ્પીઓએ આ કાર્ય યોજવામાં પોતાનો પ્રાણ નીચોવ્યો છે.

જૈનોએ 'નૃત્ય'નું સ્થાન આજ લગી જાળવી રાખ્યું છે. નૃત્યની ભાવના આપણા ત્યાંના દેવમંદિરોમાં ઉતારાતી આરતી પ્રસંગે દૃષ્ટિ-ગોચર થાય છે. જૈનોની પૂજામાં પણ નૃત્ય પૂજાએ અગ્રસ્થાન મેળવ્યું છે. આ રીતે હિન્દની પૌરાણિક ભાવનાઓ જાગૃત થતી જાય છે. નૃત્યની ગૂંથણી કરવામાં પ્રાચીન પ્રજાએ જે દીર્ઘ સૌજન્ય રેડ્યું છે એ પ્રાચીન સંસ્કૃતિના પ્રત્યાઘાતીઓને ગમે તેવું લાગતું હોય છતાં એ નિરર્થક નથી એમ જાણ્યે અજાણ્યે એનાથી સ્વીકારાય છે.

દેવમંદિરોમાં ઉતારાતી આરતી માટેની પ્રમુખ આરતીનું નૃત્ય 'અપ્સરા નૃત્ય' તરીકે પંકાઇ ગયું છે. એ આરતી પ્રસંગે અપ્સરા નૃત્યના દર્શન થાય છે.

'વિવિધ પૂજા' ના રચયિતાઓએ પૂજામાં 'નૃત્ય પૂજા' મૂકી છે અને એથી જૈનોની લલિતકળામાં નૃત્ય અગ્રસ્થાન ભોગવતું હતું એની સાબિતી આપે છે. જૈનોએ આજલગી નૃત્યકળાને ખૂબજ કેળવી હતી. આ કળાનો ઉપયોગ આજે સમાજ માત્ર રંજન ખાતર ઉપયોગ કરી લે છે, આ નૃત્યપૂજાના કેટલાક ઉલ્લેખો બહુજ સરસ છે.

સરસ નાટક કરી શુદ્ધ ભાવજ ધરી, નિજ આતમા મતિ અસારી;
એક શત આઠ કુમર કુમરી કરથી કરે, વિવિધ સંગીત વાજીંત્ર ધારી. સરસ૦

સોલ શૃંગાર કરી કુમરી નાચતી વલી, થૈયાં થૈયાં થેઈયાં કરંતી;
દેખાવતી હસ્તગત ઘૂઘરી નાદશું, ઘૂંટણ દેઈ ભમરીય ફરંતી. સરસ૦

વિવિધ પ્રકાર એમ નાટક કરંતી, લાજ મર્યાદા મનમાં ધરંતી;
એહ વિધ ભવિકજન નાટક કરંતાં, સંસારસમુદ્ર વહેલા તરંતી. સરસ૦

નાટક પૂજા સોળમી, સજી સોલે શૃંગાર;
નાચે પ્રભુકે આગલે, ભવનાટક સબ ટાર.
દેવ કુમર કુમરી મિલિ, નાચે ઈક શત આઠ;
રચે સંગીત સુહાવના, બતિસ વિધકા વાટ.

રાવણ ને મંદોદરી, પ્રભાવતી સુરિયાભ;
દ્રૌપદી જ્ઞાતા અંગમેં, લિયો જન્મકો લાભ.
ટારો ભવ નાટક સબી, હે જિન દીનદયાલ;
મિલકર સુર નાટક કરે, સુધર બજાવે તાલ.

નાટ્યશાસ્ત્રના નિષ્ણાત અભ્યાસીઓએ નૃત્યના બે વિભાગ યોજ્યા છે. એક માર્ગી અને બીજો દેશી. માર્ગી નૃત્ય દેવ મંદિરોમાં યોજવામાં આવે છે અને તે દેવની સમક્ષ, દેશી પદ્ધતિનું નૃત્ય એ માત્ર રંજન ખાતર યોજાય છે અને તે દેશ દેશની પદ્ધતિ અનુસાર હોય છે. માર્ગી પદ્ધતિનું નૃત્ય માત્ર પવિત્ર તહેવારોમાં યોજાઇ જાય છે. જે દ્વારા આપણામાં ભાવુકતા તેમજ સંસ્કારિતા પેદા કરી શકાય છે. જૈનોની નૃત્યકલાની પદ્ધતિમાં માર્ગી સીસ્ટમ પર વધુ ધ્યાન અપાયું છે. અને એથીજ ભાવનાના પ્રસંગે માત્ર દેવમંદિરોમાં નૃત્યની યોજના કરવામાં આવે છે. નૃત્યકલાની પદ્ધતિ એ માત્ર રંજન ખાતર હોતી નથી; પણ પૂજ્ય પુરુષો પ્રત્યેની બહુમાનપૂર્વકની ભક્તિ તરીકે હોય છે.

હિન્દુઓ પોતાની કલાને હિન્દુ કલા તરીકે સંબોધી શકે છે, હિન્દુઓ નૃત્યકલા તરીકે હિન્દુ નૃત્યની ઉપમા આપી શકે છે. **રાગી**નીદેવી જેવી મશહુર નર્તિકા આ નૃત્યને Hindu Dancing તરીકે કહી શકે છે. મુસ્લીમો પોતાની કલાને મુસ્લીમ કલા તરીકે આવકારે છે. બુદ્ધ ધર્મના અનુયાયીઓ પોતાની શિલ્પકલા સંસ્કૃતિને બૌદ્ધિક સંસ્કૃતિ તરીકે ગણે છે તો જૈનો પોતાની કલાને 'જૈન કલા–જૈન નૃત્ય–જૈન શિલ્પ' તરીકે કેમ ન સ્વીકારી શકે? આ વસ્તુ કદાચ જ બની શકે તો 'જૈનાશ્રિત કલા' કહેવામાં શું વાંધો હોઇ શકે?

જૈનોએ આજે આ કળાને વિકસાવવાની આવશ્યકતા છે. જૈન નૃત્ય શૈલીએ માર્ગી સીસ્ટમ પર બાળકોને નૃત્ય વિભાગમાં રસ લેતા કરવા જરૂરના છે.

નૃત્યમાં સંસ્કૃતિને સંજીવન કરનારી પ્રેમ ભાવનાનું પ્રબળ તત્ત્વ છે. એ તત્ત્વને સંયોગાનુસાર વિશુદ્ધ રીતે જીવનમાં ઉતારી શકાય છે. એમાં અવનવું ચૈતન્ય રેડી સંસ્કૃતિની એ કળાભાવનાને અમરત્વ આપી શકાય; અને એ દ્વારા પરમાત્માની ભક્તિ કરવાપૂર્વક જીવનને ધન્ય બનાવી શકાય.

# ઈર્ષ્યાની વેદી પર નિર્દોષ બલિદાન.

## પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિ મહારાજ.

**સેં**કડો વર્ષ પર બની ચૂકેલી આ એક ઐતિહાસિક ઘટના છે. મગધના પાયતખ્ત પાટલીપુત્રના સમ્રાટ મહારાજા **અ**શોકના હાથે પોતાના એક નિર્દોષ રાજકુમારનું સર્વસ્વ ઝૂંટવાઈ જાય છે, તે કેવળ એક અબળાના હૃદયની કારમી ઈર્ષ્યાવૃત્તિના યોગે; આ રીતે ઈર્ષ્યાની વેદી પર એક પવિત્ર અને આજ્ઞાધારી રાજકુમારનું જે રીતે બલિદાન દેવાય છે તેનો ટૂંક ઈતિહાસ આ કથામાં રજૂ થયો છે.

**પા**ટલીપુત્રનગરમાં મૌર્યવંશને દીપાવનાર, ભુજાબલ અને મુત્સદ્દી-મતિથી મગધની ઓજસ્વી રાજ્યગાદીનો માલીક **અ**શોક, બેસ ગામના વણિકની પુત્રી ધર્મપરાયણ **પદ્**માવતીની સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. રાજા **અ**શોકનો રાજ્યકાલ ઘણો જ સુંદર અને શાંતિમય વાતાવરણથી સંકળાયેલો હતો. લગ્ન બાદ પદ્માવતી પોતાના સૌન્દર્ય, પતિવ્રતાધર્મ, શીલદૃઢતા, આદિ ગુણોથી રાજાનાં દીલને રીઝવી, પટ્ટરાણી પદને મેળવે છે. પટ્ટરાણી બન્યા બાદ રાણી પદ્માવતીના ઉદરથી એક પુત્રનો જન્મ થાય છે. જેનો જન્મમહોત્સવ મહારાજાએ મોટા આડંબરથી કર્યો, હજારો યાચકોને મન–માન્યાં અને મોં–માગ્યાં દાન આપ્યા. હર્ષઘેલા રાજ્ય સ્નેહીઓએ એ જન્મેલ પુત્રનું નામ કુણાલ રાખ્યું આ સમય ઇ. સ. પૂર્વે ૨૩૭–૩૮ નો હતો. કુણાલના જન્મ બાદ કુણાલ માતૃ-સ્નેહના સુંદર આશ્વાસનથી વંચિત બન્યો. પટ્ટરાણી **પદ્**માવતીનું મૃત્યુ થયા બાદ **અ**શોકના અંતેઉરમાં પટ્ટરાણી બનવાની ઘણી રાણીઓની ઉમ્મેદવારી હતી. પણ એ પદ તો બૌદ્ધપુત્રી **તિ**ષ્યરક્ષિતાના ભાગ્યમાં સર્જાએલું હતું. એટલે મહારાજા **અ**શોકે **તિ**ષ્યરક્ષિતાને પટ્ટરાણીના પદથી ભૂષિત કરી.

કુણાલને રાજ્યશિક્ષણ તેમજ અન્ય વ્યવહાર અભ્યાસ કરાવવા, તેની

માતાના સ્વર્ગવાસ બાદ ધાવમાતા સુનંદાની સાથે અવંતીથી મગધમાં લાવવામાં આવ્યો. રાજા અશોક તિષ્યરક્ષિતાના સૌન્દર્ય અને પ્રેમમાં અત્યન્ત અન્ધ બન્યો. તિષ્યા પણ અભિમાનના તાનમાં તીવ્ર તણખાથી બળી-જળી રહેતી. અને સ્વતંત્રપણે સઘળું ય વર્તન નિરંકુશ રાખતી. મહારાજા પોતાના પ્રેમમાં પૂરેપૂરા અંધ છે, એમ નિશ્ચય થતાં તેનો લાભ લેવા રાણી તિષ્યરક્ષિતાએ સ્વપુત્ર મહેન્દ્રના માટે યુવરાજ પદવીની માગણી કરી. વિચક્ષણ અને ન્યાયી મહારાજાએ એનો જવાબ ખુલ્લી રીતે નકારમાં જ વાળ્યો. અને સ્પષ્ટપણે જણાવ્યું કે, 'યુવરાજ કુણાલને ગાદીનો માલીક બનાવી, મ્હારે મારી ફરજ અદા કરવાની છે, અને એજ સત્ય ન્યાય છે, તેમજ તે વીર અને રાજ્યતખ્તને પૂરેપૂરો લાયક છે.' આ સમયે પટ્ટરાણીનો પુત્ર મહેન્દ્ર પાંચ વર્ષનો હતો.

રાજપુત્ર કુણાલ ઘાટદાર સુંદર ચહેરાવાળો, અસાધારણ કાંતિવાળો અને અસીમ તર્ક—ન્યાયમતિથી દીપતો હતો. બાલવયથી તેનામાં નૈસર્ગિક સંગીતકલાની બક્ષીસ હતી. એટલે તેને સીતાર પર પોતાનો કાબૂ જમાવ્યો હતો, સીતારની તારોના મીલનથી મધુરસ્વરે ગીતો ગાઇને રાજપુત્ર કુણાલે રાજા અને અખિલ રાજકુટુંબને મુગ્ધ કર્યું હતું. અને સૌ કોઇનો પ્રીતિપાત્ર બન્યો હતો. રાજપુત્રના શરીરનો બાંધો, સંગઠિત અને ખડતલ હતો. તેની ચૌદ વર્ષની વયમાં પણ તે મહારથી યુવક જેવો દેખાઇ આવતો.

રાજકુમારના સંગીતથી રાજમહેલ ગૂંજી ઊઠતો. શોકનું વાતાવરણ રાજમહેલમાં સ્પર્શતું જ નહીં. પણ તિષ્યરક્ષિતા તેની પ્રપંચ અને ચાલબાજીની ચિંતવનામાં જ રહેતી. આર્ત્તધ્યાનની નદીમાં ડૂબકી મારનારાઓને બાહ્ય આનંદી અને સંતોષી વાતાવરણ કારમું ભાસે છે. 'કોઇપણ ઉપાયથી જો કુણાલ રાજ્યગાદીને નાલાયક ઠરે તો જ મારો પુત્ર રાજ્યનો અધિપતિ બને. બાકી તો મ્હારી આશાઓ હતપ્રહત થએલ છે. રાજ્યમહેલમાં પ્રપંચો, ખટપટો, કાવત્રાંઓ અને ભેદ નીતિઓ અમોઘ શસ્ત્રની જેમ સફલતાને સધાવે છે.' આવી દુર્ભાવના-

એથી તિષ્યરક્ષિતા કુણાલને કલંકિત કરવા અનેક છિદ્રો શોધતી રહેતી. ભાવિમાં જેવાં સર્જનો ઘડાએલા હોય છે તેવા સંજોગો આપોઆપ ઊભા થાય છે. કબૂતરને પંજામાં ફસાવવા જેમ બિલાડી દોડે તેમ એકાંતમાં બેસી મધુર સંગીત ગાતા કુણાલની પાસે તે જઈ પહોંચી. કુણાલ સંગીતમાં એવો તન્મય બન્યો હતો કે, એની પાસે શું છે? કોણ આવ્યું છે? એનું ભાન પણ તે વીસરી ગયો હતો. દુષ્ટમતિ તિષ્યરક્ષિતાએ પોતાનો દાવ સાધવા અકસ્માત્ થતી દુશ્મનોના હૂમલાની જેમ કુમારના પર અનુકૂલતાની શેતરંજ બીછાવી. અઘટિત અને ગર્હ્ય પ્રેમની યાચના કરતી તે દુષ્ટાના આશયને કુમાર સમજ્યો. રાણીના પ્રપંચદાવોને વેડફી નાંખ્યા. ઉચિત શબ્દોમાં તિરસ્કાર કર્યો. નીતિને નહીં ભૂલતો રાજપુત્ર સીતારને ફેંકી, તેની ચાલબાજીની જાલને છિન્નભિન્ન કરી સનસનાટ બહાર નીકળ્યો અને પોતે પોતાનું જીવન જોખમમાં સમજ્યો. ભાવિની સઘળી ય જવાબદારીઓ તેના સામે ખડી થઈ.

પોતાની ધાવમાતા સુનંદાની સાથે કુણાલ પોતાના કાકા માધવસિંહની પાસે અવંતી ચાલ્યો ગયો. સત્ત્વમૂર્તિ કુણાલ તીક્ષ્ણ મતિના પ્રતાપે નીતિ ને શસ્ત્રવિદ્યાના સાગરનો પાર કહાડી ચૂકયો. કુણાલની પ્રતાપી વાણી અને સંગીતના સુંદર સુરાવટની જમાવટ, સાહસિકતાથી ન્યાયપૂર્ણ જીવન વીતાવવાની ઝંખના, વગેરે સુગુણોએ અવંતીના અખિલ રાજદરબારને કુમારે મુગ્ધ જ બનાવ્યો હતો. રાજકુમાર કુણાલના લગ્ન વિદિશા નગરીના વણિકપુત્રી ધર્મપરાયણ શરદબાલા સાથે કરવામાં આવ્યા હતા.

કુમારની વય લગભગ સોળવર્ષની થતાં સોળમા વર્ષની સાલગિરી (વર્ષગાંઠ) ના દિવસે રાજ્યદરબાર ભારે ભપકાથી ભરવામાં આવ્યો. કારણ કે, કુમાર કુણાલને આજે રાજ્યાભિષેક કરવાનો પૂરો યોગ દેખાતો હતો. દરેક યુવરાજોને સોળવર્ષની ઉમ્મરે યુવરાજ પદ અર્પણ કરવામાં આવતું હતું.

રાજપુત્ર કુણાલની સોળમા વર્ષની વર્ષગાંઠનાં સુપ્રસંગે ભરાતા રાજ્ય

દરબારના અવસરે કુમારના આનંદમાં વધારો કરે એ જાતનો મહારાજા અશોકે એક રાજખરીતો તૈયાર કરી રાખ્યો અને રાજદૂતને તે પત્ર અવંતીના રાજદરબારમાં તાકીદે પહોંચાડવાની આજ્ઞા કરી. સમય મધ્યાહ્ન કાલના ભોજન પહેલાં એક કલાકનો હતો. દૂતને આવવાની રાહ જોતા રાજવી બેઠા હતા. એટલામાં ભોજનનું આમંત્રણ આવતાં સાદા ભાવથી પત્રને જેમનો તેમ પલંગ ઉપર રાખી સમ્રાટ્ અશોક ભોજન કરવા ગયા. દુષ્ટા તિષ્યરક્ષિતાના હાથમાં આ પત્ર આવ્યો. આદિથી અંત સુધી વાંચ્યો. આ તકનો દાવ કદિય નિષ્ફલ નહીં જાય એમ માનતી તેણીએ લેખમાં મેખ મારે તેવી રીતે '**अधीअऊ**'ના સ્થલમાં નેત્રાંજનની શળીદ્વારા એક બિંદુ 'અ' ના ઉપર કરી દીધું. જેમનો તેમ અખંડ પત્ર ત્યાં મૂકીને જાણે પોતે કશુંય જાણતી જ નથી તેમ પ્રસન્નવદને મહારાજાના ખંડમાંથી સર્પિણીની જેમ બહાર નીકળી ગઈ. સ્વાર્થસિદ્ધિના નશામાં એક મહાસાહસિક કુમારના નિર્દોષ જીવન પર વિશ્વાસઘાતિની કુલટાએ કેવી નિંદ્ય ત્રાપ મારી ?

વિશ્વાસઘાતીઓ બદલામાં ઘોર ચિંતાની આગમાં જળવા સિવાય બીજું કશુંય મેળવતા નથી જ. એ સ્વર્ણ વાક્યો પર આ કહાણી મ્હોર છાપ મારે છે. ક્ષુદ્ર અને ઐહિક સિદ્ધિઓની આશાઓ કયા કયા દુષ્ટ અકૃત્યોનો ભોગ નથી બનાવતી ?

તિષ્યરક્ષિતા જાણે કૃતકૃત્ય થઈ ચૂકી હોય એમ નિશ્ચિંત બની. ભોજનથી પરવાર્યા બાદ મહારાજા અશોકે કુણાલને લખેલો પત્ર ઉતાવળના અંગે તપાસ્યા વગર જ પેક કર્યો. અને તેની ઉપર મ્હોર છાપ મારી. કેટલાક સમાચારો મુખથી કહીને દૂતને તાકીદે પહોંચવા સૂચવ્યું અને રવાના કર્યો. રાજવિના દિલમાં કેટલો અસીમ હર્ષ અને પુત્રના પ્રતિ કેવું વાત્સલ્યભર્યું હૃદય હશે ! '**स्त्रीणां चरित्रं पुरुषस्य भाग्यं देवो न जानाति कुतो मनुष्यः** ।' સ્ત્રીઓના દુર્ગમ ચરિત્રોને અને પુરુષોના વિશાળ ભાગ્યને દેવો પણ નથી જાણી-કળી શકતા તો પુરુષો તો જાણે જ ક્યાંથી ?

૨

**અ**વન્તિમાં રાજપુત્ર કુણાલની વર્ષગાંઠના મહોત્સવ અંગે દબદબાભર્યો દરબાર ભરાયો હતો. પ્રતાપશાલી યુવકે પોતાના સુગુણોદ્વારા અવંતીની અખિલ જનતાને મુગ્ધ બનાવી હતી. એટલે આજના દરબારમાં નાગરિક જનવર્ગ પણ ચીકાર ભરાયેલો નજરે ચઢતો હતો. મધ્યાહ્ન બાદ સુંદર વસ્ત્રાલંકારથી સજ્જ થઇ, પ્રધાન રાજ્યાધિકારીઓની સાથે હજારો ધનાઢ્યોની સલામોને અને આશીર્વાદોને નમ્રભાવે ઝીલતો રાજપુત્ર સિંહાસન પર જઇને બેઠો. રાજપુત્રની નજીકમાં ન્યાયાધીશો, અમાત્યો, તેમજ અન્ય વિશ્વાસુ મંડળ શોભતું હતું. નજરાણાની સુંદર ભેટો પર ભેટો કુમારના સન્મુખ પ્રજાજનોએ ચઢાવી, પ્રસન્નવદને કુમાર પ્રત્યેક સભાસદોના હૃદયમાં એક સાહસિક પુરૂષનું સ્થાન લઈ ચૂકયો હતો. દબદબાભરી રાજ્યસભામાં કુમારની ગુણગાથા ગુંજી ઊઠતી.

પણ દૈવ, માનવોને આનંદસીમાના અંતમાં પહોંચતા પહેલાં જ નવો પર્દો પાડે છે.

**અ**વંતી દરબારની રાજસભા ઉત્સાહી તાનમાં આવી હતી. ઉત્સાહ અને આનંદસાગરના પ્રવાહમાં ઝૂલતી સભામાં એક પ્રતિહારે આવી, રાજકુમાર અને સરદારોને નમી. એકાએક મગધથી આવેલ રાજદૂતની વધાઇ આપી. દ્વારપાલની વાણીએ યુવરાજને અને યુવરાજના કાકા **માધવસિંહ**ને અખિલ સભાસદો કરતાં વિશેષ આનંદ અને ઉત્સાહ આપ્યા. મન્દમન્દ પગલાં ભરતો રાજદૂત યુવરાજની સમીપમાં આવ્યો. પંચાંગ પ્રણિપાત કરી, અદબથી મહારાજા **અ**શોકની મ્હોર છાપવાળો ખરીતો યુવરાજના હાથમાં આપ્યો. પોતાના પિતાજીની મ્હોર છાપવાળો પત્ર પોતાના માથે ચઢાવી, કાકા **માધવસિંહ**ના હાથમાં આપ્યો, અને **માધવસિંહે** મંત્રિરાજને તે પત્ર આપ્યો અને વાંચવાને ફરમાવ્યું.

રાજદરબારના ઓરડામાં ખીંચોખીંચ ભરાયેલી રાજસભા પુત્રના પ્રતિ પિતાનો અગાધ પ્રેમ જોઇ, ચકિત જ થઇ ગઈ હતી. મંત્રીશ્વરે પત્રને વાંચ્યો. અને તેના મોં પર દુઃખની શ્યામરેખાઓ ઉપસી આવી. નેત્ર આંસુથી

ભીનાં થયાં. ચતુર **માધવસિંહ** ને અન્ય રાજ્યકર્મચારીઓ આ દૃશ્ય જોઈ ચોંકી ગયા. અને મનમાં સમજ્યા કે; 'મહોત્સવના પ્રસંગે કોઈ શોક-સમાચાર દેખાય છે.' કાંપતા હૈયે અને ગભરાટથી, **માધવસિંહે** વિગત પૂછી, પરંતુ તે મહાસચિવની જિહ્વા, બોલતાં જકડાઇ ગઇ. પ્રશ્નનો ઉત્તર નહી મલવાથી અખિલ સભા શોકાતુર બની. અને સહુ કોઇએ પત્રની ભયંકરતા હૃદયોમાં આંકી લીધી.

'મહારાજાના મુખથી પુત્રને કુશલ સંદેશા પાઠવ્યા હતા. અનેક શુભાશીર્વાદો કહ્યા હતા. અને આ પત્ર પુત્રની વર્ષગાંઠના શુભપ્રસંગે જ તાકીદે પહોંચવો જ જોઇએ એવું રાજવીનું ફરમાન હતું'—આ પ્રમાણેનો વિચાર કરતો, મગધથી આવેલ દૂત આ જાતનો શોકમય દેખાવ જોઈ આભો જ બની ગયો.

દૂતે ગદ્ગદ્ અવાજે મંત્રીશ્વરને પૂછ્યું, 'આ પત્ર વાંચતાં આપ કેમ અટકાવો છો? મહારાજા વગેરે સર્વ રાજ્યકુટુંબ આનંદમાં છે, અને પત્રમાં પણ આનંદ સૂચવ્યો છે. તેમજ મુખથી પણ આનંદ સંદેશા જ પાઠવ્યા છે. અહીંના પણ શુભ સમાચારો મંગાવ્યા છે. આવા મંગલ-મય સુપ્રસંગમાં અન્ય શું હોઇ શકે? જેથી આપને અચકાવવું પડે છે.' ન છૂટકે મંત્રીશ્વરે માધવસિંહના હાથમાં પત્ર મૂકયો. તેણે ધ્રૂજતા હાથે પત્ર લઇ વાંચ્યો. અને કારમી ચીસ પાડીને કહ્યું અહાહા! કેવી દુર્ભ-વ્યતા. તેણે તરત જ કાગળ હાથમાંથી ફેંકી દીધો અને તેનું હૈયું ગ્લાનિ પામ્યું.

રાજસભાની પરિસ્થિતિ સંક્ષુબ્ધ બની. આ દૃશ્ય જોતાં વીર કુણાલે ધીરતાથી નક્કરવાણી દ્વારા કાકાને કહ્યું કે, 'મહારાજાએ એવી શી આજ્ઞા ફરમાવી છે? કે, જેથી આટલો બધો ઊહાપોહ?' વીર રાજપુત્રના સ્હામે એક મીંટથી **માધવસિંહ** જોવા લાગ્યા. એકેય શબ્દ ઉત્તરમાં ન મળતાં સિંહશિશુ વીર કુણાલ રાજસિંહાસનથી ઝડપથી ઊઠયો અને પત્ર વાંચવા લાગ્યો. **માધવસિંહે** પ્રણયવાણીથી જણાવ્યું કે, 'આ ઝેરી પત્રને નહી સ્પર્શતા અહીં રહેવા દ્યો. અને મહારાજા પાસેથી પુનઃ સત્ય

સમાચાર મંગાવીશું જેથી એ તમોને જાણવા મળશે. **માધવસિંહજીએ** કરેલા નિષેધથી સભાસદો સારી પેઠે સમજી ગયા કે; આ પત્રમાં કુમારના વિષયમાં માઠા સમાચાર હશે. પર્દા પાછળ બેઠેલી રાજસ્ત્રીઓ અને ખાસ કુણાલની ધાવમાતા **સુનંદા** વગેરે આ દૃશ્ય જોઇ કરુણ ધ્વનિએ રુદન કરવા લાગ્યા.

'કાકાશ્રી ! ગમે તેમ હોય પણ મગધના સમ્રાટનું આ રીતે અપમાન કેમ થાય ?' આમ બોલતાં વીરકુણાલે પત્ર વાંચ્યો. આનંદ સમાચાર વાંચ્યા પછી, '**અંધીઅઉં**' શબ્દ વાંચતાં ભાવાર્થ સમજી ગયો. અને કાકાશ્રીને કહેવા લાગ્યો કે 'ચંદ્રગુપ્તના અમીરી વંશમાં આજ સુધી વડિલની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર કોઇપણ પેદા થયો નથી અને હું પાટવીકુમાર થઇને મહારાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ તો મારા માર્ગે અનેકો ચાલશે. કુલમર્યાદાનો લોપ થશે. તો હું પાપી જ તે પાપનો આદિનિદાન કહેવાઇશ, માટે તમો સમ્રાટની આજ્ઞાને માન આપી કુલાણુને અંધ કરો !'

રાજકુમારના આ શબ્દો સહુને તીર જેવા લાગ્યા. **માધવસિંહે** જણાવ્યું કે, 'આવું અપકૃત્ય કરવા મહારાજા કદીય આજ્ઞા ફરમાવે નહી. આ બાબતની પુનઃ પ્રતીક્ષા કરવી. પછી જે કરવું હોય તે કરી શકાશે. એકાએક સાહસ કરવું ઊચિત નથી'. ધાવમાતા **સુનંદાએ** પણ રાજપુત્રને આ સાહસથી અટકવા ઘણું જ **સમજાવ્યો**. પરંતુ સાહસિક કુણાલે પિતૃઆજ્ઞા પ્રભુઆજ્ઞા તુલ્ય માની, અને તેનો તાત્કાલિક અમલ કરવા ઇચ્છુક બન્યો.

નિર્દોષ બાલક પર ઝઝુમી આવેલા જુલ્મને કોઇ પણ સાંખવા સહજ તૈયાર નહોતું. '**યદ્ભાવિ ભાવાનાં ભવત્યેવ નાન્યથા**' પણ ભવિતવ્યતા એવી સર્જાએલી હોય ત્યાં થાય શું ? આ બધુંય તર્કટ છે, એમ સહુ કોઇનું હૃદય કબૂલતું. વીરપુત્ર કુણાલ એક જ જોશમાં ચઢયો કે, 'પિતૃ આજ્ઞાનું પાલન એજ વિનીતોનું ભૂષણ છે.' કુણાલે ઉગ્રશબ્દોમાં દ્વારપાલને આજ્ઞા ફરમાવી. અગ્નિમાં તપાવેલી લોઢાની શલીઓ હાજર કરો ! ઊગ્રસ્વરૂપ અદમ્ય થતાં દ્વારપાલને અનિષ્ટ પણ આજ્ઞા માનવી પડી. અંતમાં રાજ્યપુત્રે એ શલીઓ દ્વારા જિંદગીનો અંધાપો સ્વીકાર્યો.

અખિલ સભામાં શોકના મોજા ઊછળ્યાં. કુમારના અંધાપાની વાત વીજળી વેગે ફેલાવા લાગી. આવેલા રાજદૂત સાથે મહારાજાને ઊંડી અસર થાય એવી ભાષામાં માધવસિંહે એક પત્ર લખીને મોકલ્યો. રાજદૂત પણ સવેગ પત્ર લઇ સમ્રાટની સભામાં આવી પહોંચ્યો. લોહીથી ખરડાએલો ખરીતો જોતાં સમ્રાટ અશોક શોકમગ્ન બન્યા પણ ધીરતાથી કાગળ ફોડયો. અને વાંચ્યું: 'આખી અવંતીનગરીની પ્રજાના હૃદયને મુગ્ધ બનાવનાર, કુમાર કુણાલને યુવરાજપદ સમર્પણનો સંદેશ આવવો જોઇતો હતો તેના બદલામાં રાજપુત્રને અંધાપો આપવાની આજ્ઞા કેમ ફરમાવવામાં આવી તે સમજાતું નથી. પિતૃઆજ્ઞાને માન આપનાર સાહસિક યુવરાજ કુણાલે પોતાના જ હાથે પોતાની આંખો ફોડી, આજ્ઞા પાલકતાના ગૌરવને સાચવ્યું છે. આ બનાવથી રાજકુલ શોકમાં ડૂબી ગયેલ છે. રાજ્ય કારભારીઓ અસંતોષી બન્યા છે. તો સર્વેને કેવી રીતે સંતોષવા, યુવરાજપદ કોને સમર્પણ કરવું, વગેરે ખુલાસો મોકલી સર્વેને સંતોષવા મહેરબાની થાય' ઉપરનો પત્ર વાંચતાં સમ્રાટ અશોક શોકસાગરમાં ડૂબ્યો, સચેતન બનતાં ખ્યાલ આવ્યો કે, જયારે પત્ર પલંગ પર પડ્યો હતો તે સમયનો દાવ સાધી, તિષ્યરક્ષિતાએ જ આ કાવત્રું રચ્યું હશે ! પુત્રના અંધાપાનો બદલો લેવા સમ્રાટે ફરમાવ્યું કે, અધમકૃત્યકારી કપટી રાણીને જીવતાં ને જીવતાં બાળી મૂકો.

અહાહા ! મોહ રાજાની કેવી અજાયબીભરી લીલા છે. રાણીએ રાજાને પ્રેમાંધ બનાવ્યો હતો તે જ રાજા તે જ રાણીના માટે કેવી કડક અને ઊગ્ર આજ્ઞા ફરમાવે છે. ક્ષણિક સ્નેહનાં નાટકો અસ્થિર જ હોય છે. રાજ્ય કર્મચારીઓને દયા આવવાથી રાણીને પ્રાણમુક્ત ન કરતાં ઘોર અટવીમાં રાખવાનું ઊચિત માન્યું. આખર પશ્ચાત્તાપથી તે મૃત્યુ પામી. કર્મસત્તાની પાસે મોટી મોટી રાજસત્તાઓ પણ નબળી પડી જાય છે.

આ બનાવથી મગધના મહારાજાને ઘણો કલેશ થયો. તેઓના સ્વભાવમાં અસીમ પરિવર્તન થયું. મહારાજ અશોકને આ બનાવથી

ખૂબ દુઃખ થયું. ત્યારબાદ સમ્રાટ **અશોક** ધર્મપરાયણ જીવન જીવવા લાગ્યો, અને રાજકારણથી ખૂબ નિવૃત્ત બન્યો.

મહારાજા **અશોકે** પુત્રના નિર્વાહ માટે અવંતી પાસેના એક ગામની આવક જૂદી કાઢી આપી અને કુણાલ પણ તેટલામાં સંતોષ માની તે જ ગામમાં રહ્યો. અને અધ્યાત્મરસના ભજનો ગાઈ, ભજન ભક્તિમાં લયલીન રહેતો.

**સાપેક્ષ વ્યવહાર એ સત્ય છે,**
**જ્યારે નિરપેક્ષ નિશ્ચય એ જૂઠ છે.**

નિશ્ચય નય અવલંબતાજી, નવિ જાણે તસ મર્મ;
છોડે જે વ્યવહારનેજી, લોપે તે જિનધર્મ. ૧

નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર. ૨

નિશ્ચય નવિ પામી શકેજી, પાળે નવિ વ્યવહાર;
પુણ્યરહિત જે એહવાજી, તેહને કવણ આધાર? ૩

આલંબન વિણુ જેમ પડેજી, પામી વિષમી વાટ;
મુગ્ધ પડે ભવકૂપમાંજી, તેમ વિણુ કિરિયા ઘાટ. ૪

**—ઉ૦ શ્રી યશોવિજયજી મહારાજ**

# આસ્તિકતાનો સંદેશ.

## પૂ. પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી ગણિ.

'લાડી, ગાડી અને વાડીમાં અમનચમન કરી, પ્રાપ્ત સામગ્રીઓનો યુવાવસ્થામાં મરજી મુજબ ભોગવટો કરવામાં જ જીવનની સફલતા છે.– આમ માનનારા નાસ્તિક વૃત્તિના આત્માઓ જ્યારે આસ્તિક સમુદાયની સાથે ભેટાય છે ત્યારે તે લોકોની વચ્ચે કઈ રીતની વાતચિતો થાય છે, તે આ સંવાદમાં દર્શાવવાનો પ્રયત્ન થયો છે, અને અન્તે સરળ આત્માઓ ક્રમશઃ જે રીતે માર્ગ સન્મુખ વળે છે, તે આમાંથી આપણને જાણવા મળે છે.

પાત્રો. **કુસુમચંદ્ર, શાંતિચંદ્ર: નવીનચંદ્ર, રસિકલાલ:**

**શાંતિચંદ્ર**—અરે મી. **નવીનચંદ્ર**! તમો સવારના પહોરમાં **રસિકલાલને** સાથે લઇ બગલમાં ગાયના પુંછડા જેવું અને હાથમાં લાલ રંગનો ગરમ ટુકડો લઇ ઉતાવળા ઉતાવળા ક્યાં જઈ રહ્યા છો ?

**નવીનચંદ્ર**—ભાઇ **શાંતિચંદ્ર**! બગલમાં આ ગાયના પૂંછડા જેવું કાંઇ નથી, પરન્તુ આ તો સર્વ જન્તુઓના રક્ષણ માટેનું અપૂર્વ સાધન છે. અને તેનું નામ ચરવળો છે. અને હાથમાં બેસવા માટે લાલ રંગનો ગરમ ટુકડો છે, જેને કટાસણું કહેવામાં આવે છે. તે લઇને અમો આજે જ્ઞાનપંચમીનો મહાન્ દિવસ હોઇ ઉપાશ્રયે પૌષધ કરવા માટે જઇએ છીએ.

**રસિકલાલ—શાંતિચંદ્ર! જિનદાસ શેઠ** જેવા પરમ **ધાર્મિક** પિતાના પુત્ર હોવા છતાં ચરવળા જેવી પવિત્ર વસ્તુને ગાયનું પુછડું કહી ધાર્મિક ઉપકરણનું ઇન્સલ્ટ કરતાં જરા પણ લજ્જા નથી આવતી ? મને નથી સમજાતું કે તમો આ કઇ રીતે બોલી રહ્યા છો ?

**કુસુમચંદ્ર**—ભાઈ **રસિક**! તારો મિજાસ તો લગભગ સોળ ખાંડી જેટલો માલૂમ પડે છે. આથી ધર્મનાં ઉપકરણનું શું મોટું અપમાન કરી નાંખ્યું ? શું આવી સામાન્ય બાબતમાં તમારા જેવા ધર્મ ઢીંગલા-

ઓને ક્રોધ કરવો શોભે ખરો ? આ તો સ્વતંત્રતાનો જમાનો છે. જેને જેમ ફાવે તેમ બોલી શકે છે.

રસિક—ભાઇ કુસુમ ! આને ક્રોધ ન કહેવાય, પરન્તુ ધર્મ પ્રત્યેની સાચી લાગણી કહેવાય. સાચી વસ્તુની રક્ષા માટેનો આ પ્રયત્ન છે. ધર્મના અપમાન સમયે છતી શક્તિએ તેનો પ્રતિકાર કરવો જ જોઇએ. એ હેતુથી જ તમોને બે શબ્દો મારે કડક કહેવા પડ્યા છે.

નવીનચંદ્ર—ભાઇ શાંતિ ! તમો 'ઇચ્છામાં આવે એમ બોલવું એને સ્વતંત્રતા કહો છો ' એ પણ વીસમી સદીની એક નવીન શોધ છે. ખરૂં પુછાવો તો મરજીમુજબ બોલવું એનું નામ સ્વતંત્રતા નહિ પરન્તુ સ્વચ્છંદતા, નરી અજ્ઞાનતા, ઉદ્ધતાઈ અને જ્ઞાનનું ખોટું ઘમંડ છે.

રસિકલાલ—ભાઈ નવીનચંદ્ર ! નાહકની માથાકૂટ મૂકી દ્યો. આ તો કળિકાળનો પ્રભાવ ગણાય. વળી પાશ્ચિમાત્ય કેળવણીના નશાથી ધર્મ માટે એલફેલ બોલનારાઓનો આ જમાનામાં કાંઈ ટોટો નથી. ચાલો જલદી ચાલો, આપણને પૌષધ લેવાનું મોડું થશે અને તેમ થતાં સમ્યગ્જ્ઞાન ઉપર થતું વિવેચન જાણવાની તક જતી રહેશે.

નવીનચંદ્ર—ચાલો ભાઇ રસિક, આપણે હવે બહુ સમય નહિ ગુમાવીએ પરન્તુ એઓ કયાં સીધાવી રહ્યા છે તે તો જરા પૂછી લઇએ.

[ શાંતિચંદ્ર તથા કુસુમચંદ્રને ઉદ્દેશીને ]

અરે ભાઈ શાંતિચંદ્ર ! આ હાથમાં વોકીંગસ્ટીક અને આંખે ચશ્મા ચઢાવી કુસુમચંદ્રની સાથે તમો કયાં સીધાવી રહ્યા છો ? તે તો કહો !

શાંતિચંદ્ર—ભાઇ નવીન ? We are going for a morning walk. ( વી આર ગોઇંગ ફોર એ મોર્નીંગ વોક ) શરીરની તંદુરસ્તી માટે હમો રોજ સવારના દોઢ બે માઇલ સુધી ફરવા જઇએ છીએ. પહેલું સુખ તે જાતે નર્યા. અંગ્રેજીમાં પણ કહ્યું છે કે, Health is wealth. હ્યો ગુડ બાઈ. હમારે પણ મોડું થાય છે. Time is money. સમયની પણ કીંમત છે.

**રસિક**—મિત્રો ! જરા સબુર ! સમયની તમોને કેટલી કીંમત છે એ તો હમો સારી પેઠે સમજીએ છીએ. જો તમોને સમયની વાસ્તવિક કીંમત હોત તો આવા પર્વના દિવસે ધર્મકાર્ય છોડી રખડપટ્ટીનો ધંધો ન આદર્યો હોત !

**શાંતિચંદ્ર**—ભાઈ **નવીન** ! ધર્મ અને અધર્મ જેવી વસ્તુઓને હું તો માનતો જ નથી. આજકાલ તો ધર્મીઓ દુઃખથી રીબાય છે અને અધર્મીઓને લીલાલ્હેર છે. જાઓ ભાઈ જાઓ. તમોને જ આ ધર્મ સોંપ્યો. મારે ને ધર્મને તો નવગજના નમસ્કાર હો. Do not Bother my head મહેરબાની કરી માથું પકાવશો નહિ.

**નવીન**—ભાઈ **શાંતિચંદ્ર** ! ધર્મને નવ ગજના નમસ્કાર કરનારાઓને દુનિયાના સુખો પણ અઢાર ગજના નમસ્કાર કરી તેનાથી હંમેશા વેગળા જ રહે છે. કહો તો ખરા કે આવા નાસ્તિક વિચારોએ તમારા મગજનો કબજો કયારથી લીધો છે ?

**શાંતિચંદ્ર**—ત્યારે શું તમો બધા આસ્તિકતાના પુતળા અને ધર્મ નહિ માનનારા નાસ્તિકો એમ ખરૂં ને ?

**રસિક**—હા ભાઈ ! ધર્મ અને અધર્મના સુખ અને દુઃખ આ બે પ્રત્યક્ષ પરિણામોને સગી આંખે જોવા છતાં તેને નહિ માનનારાઓ એક વખત નહિ પણ સત્તર વખત નાસ્તિક કહીએ તો એમાં કશું જ ખોટું નથી.

**કુસુમચંદ્ર**—ત્યારે ભાઈ **રસિક** ! તમો મને સમજાવી શકશો કે ધર્મી દુઃખી અને અધર્મી સુખી હોવામાં શું કારણ છે ? તથા ધર્મ અને અધર્મ એ બે વસ્તુ વાસ્તવિક છે કે દુન્યવી સુખોથી વંચિત રાખવા માટે ધર્મગુરુઓની કેવળ વાગ્જાળ છે ?

**રસિક**—હા ભાઈ, ખુશીથી સમજાવી શકીશ, સાંભળો. જે મનુષ્યો હાલ અધર્મી હોવા છતાં સુખમાં મશગૂલ દેખાય છે તે તેઓના પૂર્વકૃત પુણ્યનું શુભ પરિણામ છે. જ્યારે ધર્મનિષ્ઠ આત્માઓ દુઃખી નજરે પડે છે તે તેઓના કરેલા પૂર્વકૃત પાપોનું પરિણામ છે; માટે ધર્મ

કરવાથી દુઃખી થવાય છે અને અધર્મ કરવાથી સુખી થવાય છે એ તો અમૃત મરણ આપનારૂં છે અને ઝેર જીવન અર્પે છે, એના જેવી જ અશ્રદ્ધેય વાત છે.

કુસુમચંદ્ર—મિત્ર, તું જે કહે છે તે જ પ્રમાણે આપણે એક વખત કદાચ સ્વીકારીએ પરંતુ એમ કેમ કહેવાય. તો શું ખોટું છે કે જીવોને સુખી દુઃખી બનાવવા એ તો પરમકૃપાળુ પરમાત્માના હાથમાં છે.

નવીન—અરે ભાઇ આ તો તેં ગજબ કર્યો. પરમાત્માને પરમકૃપાળુ તરીકે ઓળખાવી બીજી બાજુ તે સૌને સુખ દુઃખ આપે છે એમ કહેવું એ તો મારા મોઢામાં જીભ નથી એમ કહેવા બરાબર છે. રાગ અને દ્વેષથી રહિત હોય તેનું જ નામ પરમાત્મા. એવા પરમાત્માને કોઇને સુખી દુઃખી કરવાનું કાંઇપણ કારણ નથી. અને જો તે તેમ કરે તો પરમાત્માના ઉત્તમ પદે ઘડીભર ટકી શકેજ નહિ. આત્માઓને સુખી અગર દુઃખી બનાવનાર તો માત્ર આપણે પોતે ઉપાર્જેલાં કર્મો છે, જેના પંજામાંથી મોટી મોટી રાજ્યસત્તાઓ પણ બચી શકતી નથી. એ કર્મસત્તાના કિલ્લાને તોડવા માટે માત્ર એક ધર્મસત્તા જ સમર્થ છે.

શાંતિચંદ્ર—મિત્રો ! મારી ઘણી શંકાઓનો ખુલાસો તમોએ ઘણી સ્પષ્ટતાથી કર્યો છે, પરન્તુ એક વાત કહેવાની રહી જાય છે અને તે એ છે કે યુવાવસ્થા માત્ર વાડી–ગાડી અને લાડી આદિ વિલાસોના ભોગવટા માટે છે તેવી અવસ્થામાં ધર્મ કરવાનો અને કરાવવાનો તમારો આ એક કદાગ્રહ નહિ તો બીજું શું છે ?

નવીનચંદ્ર—ભાઈ શાંતિચંદ્ર ! આ અમારો કદાગ્રહ નહિ પરન્તુ સદાગ્રહ છે. આવી શંકાઓ માત્ર તમારા હૃદયમાં જ છે, એટલું જ નહિ પરન્તુ વીસમી સદીના વિલાસી વાતાવરણમાં ઉછરેલા ઘણા અજ્ઞાની ભેજાઓમાં વાસ કરીને રહેલી છે. અને એનું મુખ્ય કારણ સમ્યગ્જ્ઞાનના પ્રચારનો પૂરતો પ્રયત્ન નથી. સાંભળો ! માનવભવ એ મોક્ષનો દરવાજો છે. એની મહત્તા સર્વ આસ્તિક દર્શનોએ સ્વીકારેલી

છે. આથી દુર્લભ માનવભવની સાચી સફળતા ત્યાગ ધર્મને જ આભારી છે. તો પછી યુવાવસ્થા તો તે ધર્મ આરાધવા માટેની સોનેરી તક અને સુંદર મોસમ છે. એવી અવસ્થામાં ક્ષણિક આનંદ અને ઘોર દુઃખ આપનારા વિષય વિલાસોમાં રકત બની શાશ્વત સુખ આપવામાં અમોઘ સાધન સમાન ત્યાગ ધર્મને કોણ જતો કરે ? આવી સાચી સલાહ આપવામાં કદાગ્રહ જેવું કાંઇજ નથી.

**કુસુમચંદ્ર**—મિત્રો ! તમોએ આજે અમારા ભેજામાં ઘર કરી બેઠેલી કેટલીક કુશંકાઓનું સમાધાન કરી અમારા ઉપર ઉપકાર કર્યો છે એ માટે તમારા અમો અત્યંત ઋણી છીએ; પરન્તુ સમ્યગ્જ્ઞાન એટલે શું અને કયાંથી પ્રાપ્ત થઇ શકે, એટલું જણાવવા તસ્દી લેશો !

**રસિકલાલ**—મિત્રો ! એમાં ઉપકાર માનવા જેવું કાંઇ નથી. અમોએ અમારી ફરજ અદા કરવા ઉપરાંત અધિક શું કર્યું છે ? વળી તમો સમ્યગ્જ્ઞાન માટે પૂછો છો તો સાંભળો. સમ્યગ્જ્ઞાન એટલે સાચું જ્ઞાન ( Right Knowledge ). જે જ્ઞાન દુરાચારને દૂર હઠાવી જીવનમાં સદાચારને સ્થાપન કરે, ભક્ષ્યાભક્ષ્યના વિવેકને પ્રગટ કરે, સ્વચ્છંદતા હઠાવી સાચી સ્વતંત્રતા બક્ષે, જીવાદિ નવતત્વોની પીછાણ કરાવે, શરીર અને આત્માની ભિન્નતાને સમજાવે, સંસારની ક્ષણ-ભંગુરતાનો ખ્યાલ કરાવે, દેવ, ગુરુ અને ધર્મનું સન્માન પેદા કરે, પરલોકની ચિંતાને જાગૃત કરે, વિનય, વિવેક, નમ્રતા, સાદાઇ, અને નિરભિમાનિતા આદિ સદ્‌ગુણોને ખેંચી લાવે તેજ જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે. આવું જ્ઞાન આપણને ધર્મસ્થાનોમાં સદ્‌ગુરુઓની પાસેથી પ્રાપ્ત થઈ શકે છે માટે ફરવા જવાની સહેલને છોડી દઈ અમારી સાથે ઉપાશ્રયે ચાલો. આજે જ્ઞાનપંચમી હોઇ તેજ વિષય ઉપર ઘણું જાણવાનું મળશે.

**શાંતિચંદ્ર, કુસુમચંદ્ર**—ચાલો ત્યારે અમો પણ તમારી સાથે આવવા તૈયાર છીએ.

**રસિક** તથા **નવીનચંદ્ર**—ચાલો ભાઇ જલદી ચાલો. સમય ઘણો થઇ ગયો છે.

[ સહુ સાથે મળી ઉપાશ્રયમાં '**સમ્યગ્જ્ઞાન**' વિષે પ્રવચન સાંભળવા જાય છે. ]

# महाकवि समयसुन्दर और उनका साहित्य.

## श्री अगरचंद नाहटा, बीकानेर.

कल्याण के गताङ्क में कविवर समयसुन्दरजीके सं. १६८७ के दुष्काल वर्णनका शब्दचित्र प्रकाशित किया गया है। पर लेखक श्री अभ्यासी कविवरके रचित सत्यासीया दुष्काल वर्णन छत्तीसी से अपरिचित ज्ञात होते हैं; अन्यथा इस शब्दचित्र को वे बड़े ही सुन्दर रूपमें लिख सकते थे। इस दुष्काल वर्णन छत्तीसीके कुछ पद्य श्रीयुत् मोहनलाल दलीचंद देसाई को मिले थे जिन्हें उन्होंने जैनयुग वर्ष ५, अंक १, २, ३ में उन्हें प्रकाशित किये थे। उसके पश्चात् हमारी खोज निरन्तर चालू थी जिस के फलस्वरूप हमें इसके अवशिष्ट सारे पद्य उपलब्ध हो गए जिन्हें कविवरने अपने प्रिय ३६ संख्यात्मक रूपमें रखकर छत्तीसी के नाम से प्रसिद्ध किया था। प्रस्तुत दुष्काल वर्णन छत्तीसी को मैंने सम्पादित कर भारतीय विद्या के वर्ष १, अंक २ में प्रकाशित की है। दुष्काल का इतना हृदयद्रावक एवं सजीव वर्णन आज तक किसी भी अन्य कवि का देखने में नहीं आया। कविवरने इसमें दुष्काल की भयङ्करता का एसा रोमाञ्चकारी चित्र उपस्थित किया है कि पढने मात्रसे पाठक उस दुष्कालका नग्न चित्रपट अपने सन्मुख उपस्थित पाता है। इसके अतिरिक्त उस अमर रचना में तत्कालीन परिस्थिति, किन किन दानवीरोंने क्या क्या सुकृत किया ?, किन किन महापुरुषों–जैनाचार्योंका

उस समय स्वर्गवास हुआ ? और कविवरके अपने निजी कटु अनुभवका एसा सुन्दर दिग्दर्शन है कि कवि की प्रतिभा के लिए स्वतः प्रशंसा किये बिना नहीं रहा जाता। चंपकश्रेष्ठि चौपई एवं दुष्काल वर्णन छत्तीसीके अतिरिक्त उन्होंने विशेषशतक की लेखन प्रशस्ति के ६ श्लोकों में भी इस दुष्काल का उल्लेख किया है जो कि उपर्युक्त दुष्काल वर्णन छत्तीसीके साथ भी छपा है।

श्री अभ्यासीजीने अपने लेखमें कविवर के रचित साहित्य पर भी उड़ती नजर फैंकी है, अतः अब उस विषय में भी हमारी खोजका थोड़ा परिचय इस लेखमें दे देना आवश्यक होगा।

हम सं० १९८५ से १७ वर्ष होने आये, कविवर समयसुन्दरजी के साहित्यका अनुसन्धान करते आ रहे हैं। जिसके फल स्वरूप कविवर की जीवनी एवं साहित्य (भाषा और संस्कृत) के सम्बन्ध में बहुत भी नवीन ज्ञातव्य उपलब्ध हुआ है। जीवनी के सम्बन्ध में सर्व प्रथम हमें २ गीत उपलब्ध हुए थे जिन्हे जैन युग वर्ष ५, अंक ९-१० में हमने प्रकाशित करवाये थे। उसके पश्चात् १ गीत और उपलब्ध हुआ जिसे उपर्युक्त दोनों गीतों के साथ हमने अपने सम्पादित ऐतिहासिक जैन काव्य संग्रह में प्रकाशित किया और अपने " युगप्रधान जिनचंद्रसूरि ग्रंथ के पृ. १६७ में कविवर के साहित्य की सूची के साथ उनका संक्षिप्त परिचय भी दे दिया। कविवरका गीत, स्तवन, पद, सज्झायादि फुटकर साहित्य तो बहुत विशाल है, हमने उनका भी संग्रह किया तो ५०० के लगभग लघु कृतियों की प्रेस कॉपी

हमारे पास विद्यमान है। युद्ध जन्य कागज के अकालसे उसका प्रकाशन रुका पड़ा है। कविवर के हाथ की लिखी हुई पचासों प्रतियां हमने देखी है और कई प्रतियां हमारे संग्रह में भी विद्यमान है।

महोपाध्याय समयसुन्दरजी के कई ग्रन्थ अपूर्व एवं त्रुटित अवस्था में मिले हैं जिनका भी आगे उल्लेख किया गया है। जिस किसी सज्जन को उनकी पूर्ण प्रति कहीं उपलब्ध हो तो हमें सूचित करने की कृपा करें। उपाध्याय श्री सुखसागरजी महाराजने कविवर के ग्रंथोंके प्रकाशन की और बड़ा अच्छा प्रयत्न किया है जिसके कारण १ कल्याणमन्दिर वृत्ति, २ गाथा सहस्री, ३ समाचारी शतक, ४ कल्पलता, ५ कालिकाचार्य कथा, ६ सप्त स्मरण वृत्ति ग्रंथ तो सं. १९८८ के बाद इधर कई वर्षों में प्रकाशित हो चुके हैं, इससे पूर्व ७ विशेष शतक कृत्ति, ८ जयतिहुअण वृत्ति, ९ दुरियर वृत्ति उन्होंने पहले प्रकाशित करवाये थे ये सभी ग्रन्थ[1] श्री जिनदत्तसूरि प्राचीन पुस्तकोद्धार फण्ड सूरत से प्रकाशित हुए हैं। इस ग्रंथमाला के अतिरिक्त १० श्रावकाराधना ११ अष्टलक्षी, १२ प्रत्येकबुद्ध चौपई, १३ शत्रुञ्जय रास, १४ वस्तुपाल तेजपाल रास १५ दानादि चौढालिया १६ पुंजा ऋषिरास, १७ दशवैकालिक वृत्ति, १८ अल्पाबहुत्त्वस्तवन स्वोपज्ञ वृत्ति, १९ दुष्कालवर्णन छत्तीसी, २० चौवीसी, २१ पौषधविधि

१ हमने कुछ नवीन पद्य भी देसाईजी को भेजे थे जो जैनयुग वर्ष ५, अंक ९-१० में प्रकाशित हुए।

स्तवन २२ क्षमा छत्तीसी २३ सप्तोपधान स्तवन एवं स्तवन सझायादि लघु कृतियें विभिन्न पुस्तक प्रकाशकों द्वारा प्रकाशित है। अब आपका संक्षिप्त परिचय देकर उल्लेखनीय ग्रन्थों की सूची दी जाती है जिससे पाठकों को आपके महान् पाण्डित्य एवं कवित्व का भलीभांति परिचय हो जायगा।

**परिचय**—सम्राट् अकबर प्रतिबोधक युगप्रधान श्री जिनचंद्रसूरिजीके प्रथम शिष्य श्री सकलचंद्रगणिके आप शिष्य थे। आपका जन्म साचौर के पोरवाड़ वंश में साह रूपसी की भार्या लीलादेवी की कूक्षी से हुआ था। आपने लघुवयमें दीक्षा लेकर वा० महिमराजजी और वा० समयराजजीके पास विद्याध्ययन किया और अपनी असाधारण प्रतिभासे बहुत ख्याति प्राप्त की सं. १६४९ में अष्टलक्षी ( राजानो ददते सौख्यम् इन ८ अक्षरोंवाले वाक्य के १० लाख से ऊपर अर्थ करके ) ग्रन्थ बना कर लाहौरमें सम्राट् अकबर की विद्वत् परिषदमें सुनाया, जिससे सम्राट्ने प्रभावित हो कर भूरि सूरि प्रशंसा करते हुए अपने हाथ से कविवर [ पद ] को समर्पित किया। श्री जिनचंद्रसूरिजीने वह फा० सु २ को वाचनाचार्य पदसे अलंकृत किया। आपने सिन्धु देशमें विहार कर मखनूत शेख को प्रतिबोध देकर पंच नदी के जलचर जीवों एवं विशेषतया गायों की रक्षा करवाई। जेसलमेर के महारावल भीमजी को उपदेश देकर मीनों से मारते हुए सांडा जीवों को छुड़वाया। मण्डोवर वर व मेड़ताके अधिपति को रंजित करके शासन की शोभा बढाई। सं०

१६४१ में श्री जिनसिंहसूरिजीने लवेरे में आपको उपाध्याय पद दिया। सं. १७०२ के चैत्र सुक्ला १३ ( वीरजन्मोत्सव ) के दिन स्वर्गवासी हुए। आपकी शिष्य सन्तति काफी विशाल थीं। एक प्राचीन पत्र में आपके शिष्यों की संख्या ४२ लिखी है जिन में वादी हर्षनंदन अच्छे विद्वान थे। उनके रचित १ उत्तराध्ययन-वृत्ति, २ ऋषिमण्डलवृत्ति, ३ स्थानांग गाथागत वृत्ति, ४ मध्याह्न व्याख्यान पद्धति आदि उपलब्ध हैं। खेद है कि आपके सभी ग्रंथ अद्यावधि अप्रकाशित हैं।

## कविवरका संस्कृत साहित्यः—

### मौलिक

१ भावशतक सं० १६४१ ( प्रेस कॉपी हमारे संग्रह में )
२ अष्टलक्षी सं. १६४९ लाहोर (दे. ला. पु. फण्ड से प्रकाशित )
३ चतुर्मासिक व्याख्यान सं. १६६५ अमरसर (हमारे संग्रहमें)
४ कालिकाचार्य कथा सं. १६६६ वीरसपुर ( कल्पसूत्रके साथ जिनदत्तसूरि ज्ञान० में प्र. )
५ श्रावकाराधना सं. १६६७ मि. सु. १० उच्चनगर ( कोटा से प्रकाशित )
६ समाचारी शतक सं. १६६९ सिद्धपुर प्रारंभ, सं. १६७२ मेड़ता में समाप्ति (प्र. श्री जिनदत्तसूरि प्र. पु. फंड सूरत )
७ विशेष शतक सं. १६७२ पौष दशमी मेड़ता ( प्र. श्री जिनदत्तसूरि प्रा. पु. फंड )

८ विचारशतक सं. १६७४ मेड़ता
९ यति आराधना सं. १६८५ रिणी ( हमारे संग्रहमें )
१० विशेषसंग्रह सं. १६८५ फाल्गुन ( हमारे संग्रहमें )
११ दीक्षा प्रतिष्ठा शुद्धि सं. १६८५ लूणकरणसर ( प्रेसकोपी हमारे संग्रहमें )
१२ विसंवाद शतक सं. १६८५ ( संग्रहमें )
१३ खरतरगच्छ पट्टावली ( प्रेसकोपी–संग्रहमें )
१४ कथाकोश ( अपूर्ण–दे. ला. पु. फंड सूरत. )
१५ सारस्वत रहस्य. ( प्रेसकोपी–संग्रहमें )
१६ प्रश्नोत्तर २८७ ( अलभ्य, सूचीका अंतिमपत्र प्राप्त )
१७ प्रश्नोत्तर सार संग्रह ( वडौदा )
१८ ऋषभ भक्तामर ( प्रेसकोपी हमारे संग्रहमें )
१९ वीर २७ भव ( प्रेसकोपी–संग्रहमें )
२० मंगलवाद ( ,, )
२२ द्रौपदी संहरण.
२३ अल्पाबहुत्त्वगर्भितस्तव स्वोपज्ञवृत्ति ( प्र. आत्मानंद सभा भावनगर )
२४ चौवीस जिन गुरु नाम गर्भित स्तोत्र स्वोपज्ञवृत्ति ( ” )

## संग्रह ग्रन्थ.

१ गाथा सहस्री सं. १६८६ ( प्र. श्री जिनदत्तसूरि ज्ञानभंडार सूरत )

# टीकाएं

१ रूपकमालावृत्ति सं. १६६३ का. सु. १० बीकानेर ( प्रेस कोपी हमारे संग्रहमें )

२ दुरियर स्तोत्र वृत्ति सं. १६८४ श्रावण लूणकरणसर ( प्र. श्रीजिनदत्तसूरि ज्ञान भ० )

३ कल्पसूत्र कल्पलता वृत्ति सं. १६८४ प्रारंभ सं. १६८५ रिणीमें समाप्ति ( प्र. जिनदत्तसूरि ज्ञान भं० )

४ जयतिहुअण वृत्ति सं. १६८७ पाटण. ( प्र. „ „ )

५ भक्तामर सुबोधिनी वृत्ति सं. १६८७ ( प्रति हमारे संग्रहमें )

६ नवतत्त्व शब्दार्थ वृत्ति सं. १६८८ कार्तिक अहमदावाद

७ दशवैकालिक वृत्ति सं. १६९१ खंभात ( प्रकाशित )

८ रघुवंश वृत्ति सं. १६९२ माधव खंभात

९ संदेह दोलावली पर्याय सं. १६९३

१० वृत्तरत्नाकर वृत्ति सं. १६९४ दीवाली जालौर (हमारे संग्रहमें)

११ सप्त स्मरण वृत्ति सं. १६९५ (प्र. श्रीजिनदत्तसूरि प्र. फंड सूरत)

१२ कल्याणमन्दिर वृत्ति सं. १६९५ फा. सु १५ प्रल्हादनपुर ( प्र० पु. फंड सूरत )

१३ दन्डक वृत्ति सं. १६९६ नभ० अहमदावाद

१४ वाग्भट्टालंकार वृत्ति (अपूर्ण—स्वयंलिखित बीकानेर ज्ञानभंडार)

१५ विमलस्तुति वृत्ति ( प्रेस कोपी हमारे संग्रहमें )

१६ चत्तारि परभंगाणि व्याख्या

१७ मेघदूत प्रथम श्लोक ३ अर्थ

१८ माघ काव्य वृत्ति (तृतीय सर्ग स्वयंलिखित प्रति सुराणा लायब्रेरी चूरू)

## बालावबोध.

षडावश्यक बालावबोध सं. १६८३ जेसलमेर (बालोतरा भंडार, आचार्य शाखा भंडार बीकानेर)

## रास चौपाई आदि.

१ चौवीसी सं. १६५९ चैत्री पूर्णिमा संघपति सोमजी अभ्यर्थनासे (हमारे प्र. पूजासंग्रह)

२ शांब प्रद्युम्न चौपाई सं. १६५१ विजयादशमी खंभात (हमारे संग्रहमें)

३ दानादि, चौढालिया सं. १६६२ सांगानेर (प्रकाशित)

४ चार प्रत्येकबुद्धरास सं. १६६४-६५ आगरा (प्र. आनंदकाव्य महोदधि मौं. ७)

५ मृगावती रास सं. १६६८ मुलतान (हमारे संग्रहमें)

६ सिंहल सुत प्रियमेलक चौ० सं. १६७२ मेड़ता (,, ,, )

७ पुण्यसार रास सं. १६७२ भादवा (,, ,, )

८ नलदमयन्ती चौपाई सं.१६७३ साचौर आदिमें(,, ,, )

९ सीताराम चौपाई सं. १६७७ साचौर आदिमें (,, ,, )

१० वल्कलचीरी रास सं. १६९१ जेसलमेर (,, ,, )

११ शत्रुंजय रास सं. १६८२ श्रारण नागौर (प्रकाशित)

१२ वस्तुपाल तेजपाल रास सं. १६८२ तिमरीपुर (प्र. जैनयुग)

१३ थावच्चा चौपाई सं. १६९१ का. ब. ४ खंभात (हमारे सं.)

१४ विहरमान वीसी स्तवन सं. १६९३ मा. ब. ९ अहमदावाद हाथीशाह के आग्रह ( प्रेस कोपी संग्रहमें )

१५ क्षुल्लककुमार रास सं. १६९४ चतुर्मास जालौर (हमारे संग्रहमें)

१६ चम्पकश्रेष्ठी चौपाई सं. १६९५ जालौर ,,

१७ गौतमपृच्छा चौपाई सं. १६९५ आंकेढ ,,

१८ व्यवहारशुद्धि धनदत्त चौपाई सं. १६९६ आसोज ,,

१९ साधु-वन्दना सं. १६९७ चैत्र अहमदावाद ,,

२० पुञ्जरत्न ऋषिरास सं. १६९८ श्रावण सु. ५ (प्र.जैन ज्योतिमें)

२१ ऐरवतक्षेत्र चौवीसी सं. १६९७ अहमदावाद ( हाथीशाह आग्रह—आदिके स्तवन नहीं मिले )

२२ केशी प्रदेशी प्रबन्ध गा. ५७ सं. १६९८ चै. ३ अहमदावाद ( प्रेसकापी, संग्रहमें )

२३ द्रौपदी चौपाई सं. १७०० माह मास अहमदावाद हाथीशाह आग्रह ( ,, )

## छत्तीशी साहित्य ।

( १ ) क्षमा छत्तीसी नागौर. ( २ ) कर्म छत्तीसी सं. १६६८ मा. सु. ६ मुलतान. ( ३ ) पुण्य छत्तीसी सं. १६६९ सिद्धपुर. ( ४ ) संतोष छत्तीसी सं. १६८४ लूणकरणसार. ( ५ ) दुष्काल वर्णन छत्तीसी सं. १६८८. ( ६ ) सवैया छत्तीसी सं. १६९० खंभात. ( ७ ) आलोयणा छत्तीसी सं. १६९८ अहमदावाद.

## संग्रह रूप ।

१ तीर्थभास छत्तीसी २ साधु गीत छत्तीसी

निम्नोक्त कृतियों का उल्लेख देसाई महोदय एवं पं. लालचंद भ. गांधीने अपने ग्रन्थो में किया है पर हमै अभी तक अनुपलब्ध हैं। इनमें से बहुत सी तो भ्रमित ज्ञात होती हैं जिनका सशंकित होना निश्चित है उनका भी नीचे उल्लेख किया जायगा।

श्री देसाईजी के " कविवर समयसुन्दर " एवं जैन गूर्जर कविओ आदि में उल्लिखितः—१ पुण्याढ्य रास. २ संवाद सुन्दर.

पं. लालचंद भगनानदास गांधीने जेसलमेर भंडार सूची मेंः—

१ शील छत्तीसी सं. १६६९ २ बारहव्रत रास सं. १६८५ ३ श्रीपालरास. ४ प्रश्नोत्तर चौ. ५ हंसराज वच्छराज रास. ६ जम्बू रास. ७ नेमिराजिमति रास. ८ अंतरिक्ष गौड़ी छंद.

प्रो. हीरालाल रसिकदास कापड़ियाने अनेकार्थरत्नमञ्जूषा की प्रस्तावना मेंः—

१ जीवविचार वृत्ति का उल्लेख किया पर उसके नीचे की जो प्रशस्ति है वह दंडकवृत्ति की हैं।

बाबू पूरणचंदजी नाहरने प्राचीन जैन हिन्दी साहित्य मेंः—

१ जिनदत्तर्षि कथा.

## सशंकित कृतियां।

१ स्थूलभद्र रास ( प्रति. महावीर विद्यालय ) सं. १६२२ या संवत् गलत है या रचना उनकी नहि है।

२ गाथालक्षण ( सं. १६७२ प्रति हंसविजयजी लायब्रेरी) कवि के लिखित प्रति की नकल है।

३ मयणरेहा चौपाई ( चार प्रत्येक बुद्ध चौपाई के अन्तर्गत ही प्रतीत होती है । )

४ करकण्डू चौपाई ( यह चार प्रत्येक बुद्ध चौपाई के अन्तर्गत है ) सं. १६६२ ।)

५ धनदत्तचौपाई (व्यवहार शुद्धि और धनदत्त दोनो एक ही है।)

६ सुसढचौपाई ( यह इनकी परम्परा में समयनिधान कवि विरचित है । )

७ गुणरत्नाकर छंद ( सहजसुन्दरकृत प्रतीत होता है )

८ रेवती सज्झाय, ९ बीकानेर स्तवन, १० आदीश्वर विनति–तीनों अन्यकर्तृक है ।

## જૈનદર્શન એટલે વિશ્વદર્શન

જૈનદર્શન એ વિજ્ઞાનદર્શન નથી, પણ તત્ત્વજ્ઞાનનું દર્શન છે, આ હકીકત જૈનદર્શનને માનનારાએ ભૂલવા જેવી નથી. કોઈપણ એક વિષયનું પદ્ધતિસરનું પ્રતિપાદક શાસ્ત્ર તે વિજ્ઞાનશાસ્ત્ર છે. એનું ક્ષેત્ર એક વિષય પૂરતું મર્યાદિત છે.

જ્યારે તત્ત્વજ્ઞાન, જગતના સર્વ વિજ્ઞાનોનો પરસ્પરનો સંબંધ, સમન્ય અને ગૌણ–મુખ્ય ભાવનું પ્રતિપાદન કરનારું સંપૂર્ણ શાસ્ત્ર છે. જૈનદર્શનનો સ્યાદ્વાદ સિદ્ધાન્ત આ તત્ત્વજ્ઞાનને સરળતાથી સમજાવનારી કૂંચી છે; કારણ કે, સ્યાદ્વાદથી જગતના સઘળાયે પદાર્થોની બધી બાજૂઓનો સ્વીકાર કરવાપૂર્વક તે તે પદાર્થોને પ્રરૂપવામાં આવ્યા છે. આથી જગતના સર્વશ્રેષ્ઠ વિચારકો જૈન-દર્શનને વિશ્વદર્શન તરીકે ઓળખે છે.

# વિખરાયેલાં ફૂલો.

## મુનિ શ્રી મહિમાવિજયજી મહારાજ.

[ પં. શ્રી પ્રવીણવિજયજી ગણિ-શિષ્ય. ]

સ્વ અને પરનો ભેદ જોવો હોય તો ચંદન વૃક્ષ પડી જાય ત્યારે જોજો ! ભમરા તો જેવા આવ્યા તેવા ઉડી જશે, પણ પલ્લવો તેની સાથેજ સુકાશે.

કોઇ પણ અધિકાર ( Degree ) ને પામીને જે મનુષ્ય પોતાના અધિકારને શોભે એવી કાર્યવાહી કરતો નથી, તેના અધિકારમાંથી આદિનો ' અ ' કાર નીકળી જવાથી ધિક્કારજ બાકી રહે છે.

જ્યોતિષના દ્વેષીને ક્ષેમ નથી, વૈદ્યકના દ્વેષીને આયુષ્ય નથી, નીતિના દ્વેષીને લક્ષ્મી નથી, પરન્તુ ધર્મના દ્વેષીને એ ત્રણમાંથી એકે નથી.

મોહાધીનોના સંસર્ગથી વિખૂટા પડીને આત્મકલ્યાણનો માર્ગ વિકટ તો ખરો પણ અસાધ્ય તો નથી જ.

વિષ મનુષ્યોને ખાવાથી મારે છે જ્યારે વિષય સ્મરણ કરવા માત્રથી મારે છે, છતાં પણ દુનિયાને જેટલો વિષથી થતા નુકશાનનો ભય છે તેટલો વિષયોના ભોગવટાથી આત્માને થતાં ભયંકર નુકશાનનો લેશ પણ ભય નથી.

જીવનની સાચી મહત્તા અઢળક સંપત્તિ કે શારીરિક બળ કેળવવામાં નથી, પરન્તુ આત્મવિકાસ સાધવામાં જ તેની સાચી મહત્તા છે.

જેઓ જન્મે છે એ રડતા, જીવે છે પણ રડતા અને મરે છે એ રડતા તેનાં જીવનની કશીજ કીંમત નથી.

સમસ્ત દુ:ખોનો ઉચ્છેદ કરનારી ધર્મદેશના પ્રાણીઓના ઉપર જે ઉપકાર કરે છે તે ઉપકાર બીજા કોઈથી થાય એમ નથી.

રાજદંડના ભયથી જે પાપ આચરતો નથી તે અધમ જન છે, પરલોકના ભયથી પાપને નહિ કરનારો મધ્યમ છે, પણ જે સ્વભાવથી જ પાપને આચરતો નથી તે ઉત્તમ પુરુષ છે.

અર્થ અને કામમાં મશગૂલ બનેલી દુનિયાને અર્થ અને કામનો ઉપદેશ આપવો તે ડૂબતા પ્રાણીના ગળામાં પત્થરની શિલા બાંધવા જેવું છે.

સાગરનું પાણી બાંધી શકાય છે, સિંહને પાંજરામાં પૂરી શકાય છે; પરન્તુ દુર્જનની જીભ કોઈથી બાંધી શકાતી નથી.

અનાદિ કાળથી અનંત દોષોથી વાસિત એવા આત્મામાં જે કાંઇ ગુણ માલમ પડે છે તેને મહા આશ્ચર્ય સમજો.

સાચો તપ તો તે કહેવાય કે જે તપના યોગે ઈન્દ્રિયનિગ્રહાદિ વધે અને દુષ્કકર્મોની નિર્જરા થવા પામે.

બુદ્ધિનો સદુપયોગ અને દુરુપયોગ એ ઉત્તમતાનું અને અધમતાનું માપક યંત્ર છે.

જન્મ ક્યાં થવો? શરીર કેવું મળવું? એ વગેરે આપણા હાથની વાત નહોતી. જેવા કર્મ કર્યા તેવી સામગ્રી મળી ગઈ પણ હવે કેવા થવું એ આપણા હાથની વાત છે.

પારકા દ્રવ્યથી પોતાની નામના કરનારા તો જગતમાં

ઘણા છે, પરન્તુ પોતાના દ્રવ્યથી પારકી નામના કરનાર તો માત્ર પેથડશાહ મંત્રી જેવા કોઇકજ હોય છે.

**બી**જાના અવગુણને જોવાની કુટેવને બંધ કરવી હોય તો પોતાના અવગુણો જોવાની શરૂઆત કરો.

**વી**તરાગ પ્રણીત સુંદર અનુષ્ઠાનોથી પણ મિથ્યાત્વ વાસિત આત્માઓ પાપકર્મ ઉપાર્જન કરતા હોય તો તેમાં તે વસ્તુનો નહિ પરંતુ તેમની અજ્ઞાનતાનો જ દોષ છે.

'હું આ કરીશ, હું તે કરીશ' આ પ્રમાણે કરીશ કરીશની ચિંતાથી મનુષ્યો મરીશ એ સૂત્ર ભૂલી ગયા છે. કરીશની સાથે મરીશ એ સૂત્રને યાદ કરનારાઓને ધર્મ જાગૃતિ રહેવાનો સંભવ ખરો.

**પા**પબુદ્ધિથી કરેલા પાપને પાપરૂપે કયો મૂર્ખ માણસ સ્વીકારતો નથી ? પણ ધર્મબુદ્ધિથી પાપ ન થવા પામે એ વાત ખાસ લક્ષમાં રાખવા જેવી છે.

**શિ**ક્ષાગુરુ અને કુંભાર બંને એક સ્વભાવવાળા હોય છે. જેમ ઘડાને બરાબર કરવા માટે, કુંભાર ઉપરથી તો પ્રહાર કરે છે, પણ અંદર હાથ રાખી તેની રક્ષા કરે છે, તેમ શિક્ષા આપનાર ગુરુઓ પણ ઉપરથી કઠોર બને છે પરન્તુ જેને તે શિક્ષા આપે છે તેનું હૃદયથી તો ભલું જ ઇચ્છતા હોય છે.

જગતમાં ઇર્ષ્યા સમાન બીજો કોઇ દુર્ગુણ નથી. જો કે ઇર્ષ્યા એ અગ્નિ નથી છતાં પણ તે જેનામાં હોય છે તેના શરીરને નિરંતર બાળ્યા કરે છે. એટલું જ નહિ પણ તપ, જપ, ધ્યાન આદિને પણ બાળીને ખાખ કરી નાંખે છે. પુણ્યાં-

કુરને નવપલ્લવિત રાખવાની ઇચ્છાવાળાએ ઈર્ષ્યા અગ્નિને બુઝાવવાની જરૂર છે.

યૌવન, ધનસંપત્તિ અને પ્રભુતા એ ત્રણની સાથે જો વિવેક ભળે તો જ તેના સદુપયોગની આશા રાખી શકાય. ત્રણે વસ્તુ અનર્થને ઉત્પન્ન કરનારી તો છે જ પણ જો તેની સાથે અવિવેક ભળ્યો તો અનર્થનું પૂછવું જ શું ?

નીચ મનુષ્યો પારકાના કાર્યને બગાડવાનું જાણે છે પણ સુધારવાનું જાણતા નથી. વાયુ વૃક્ષને ઉખેડી શકે પણ જમાવી શકતો નથી.

મર્યાદાથી વધુ પ્રશંસા એ પણ એક જાતનું અપમાન છે. યોગ્યની યોગ્ય પ્રશંસા કરો ! તેની ના નથી.

ગુણો ઉપર મત્સર કરનારા પ્રાણીઓની તપશ્ચર્યા આવશ્યક ક્રિયા દાન અને પૂજા યોગ્ય ફળને આપવા સમર્થ થતી નથી. અપથ્ય ભોજન કરનારા દર્દીને રસાયણ શું ફાયદો કરે ?

### નામ તેનો નાશ છે, પણ;

'નામ તેનો નાશ' આમ બોલીને ઘણી વાર હૂશિયાર ગણાતા માણસો હિમ્મત હારીને અન્યોનો ઉત્સાહભંગ કરાવે છે. ખરી હકીકત એ છે કે, આ લોકોક્તિ 'પાપકાર્યો કરનાર આત્માઓને જગતની, જગતના પદાર્થોની, ધન, યૌવન અને તનની ક્ષણિકતા સ્હમજાવી; પાપમાર્ગેથી પાછા વાળવા માટે જાગૃતિનો સંદેશ આપી અસ્થિર વસ્તુઓની ખાતર તું તારું ન ભૂલી જા !' આ મુજબ હિતશિક્ષા પાઠવે છે. ઉપરોક્ત લોકવાણીનું આ હાર્દ છે. પણ આથી સારા કાર્યો કરનારા આત્માઓએ પોતાની પ્રવૃત્તિઓના ઉત્સાહને સ્હેજ પણ મંદ બનાવવો ન જોઇએ. એમણે એમ સ્હમજવું જોઇએ કે, 'નામ તેનો નાશ છે' એ વાત સાચી પણ કામ કરીને નામ કાઢી જનાર આત્માઓનો નાશ કદિ હોતો જ નથી. હા, વાત સાચી છે કે, એવું ઉત્તમ પ્રકારનું કામ કર્યાવિના નામ રાખવા ધમપછાડા કરનારાઓને આ કહેતી કાનમાં ફૂંક મારી જાય છે કે, ભાઈ ! 'નામ તેનો નાશ છે'—એ યાદ રાખજે હો !

# પ્રસન્ન પળો

## પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ.

મહાપુરુષોની વાણી, એ સાચે સહસ્રરશ્મિશો પ્રકાશ છે. એ વાણીનો સ્વાધ્યાય આત્માને કાંઇ નેકાંઈ નવું દર્શન કરાવે છે. આવા મહાન પુરુષોની વાણીનું પરિશીલન કરતાં, તેના પ્રકાશમાંથી જે કાંઇ આત્માના ઊંડાણમાં પ્રગટ્યું, તેને પૂ. મુનિરાજશ્રી, પોતાની ભાષામાં અહિં રજૂ કરે છે.

૧

ત્યાગધર્મની સાધનાને સારુ સાધકઆત્માઓએ વિવેકપૂર્વક સત્ત્વને ખીલવવું જોઈશે. રાગની સાંકળો પ્રાયઃ બહુ બળવાન હોય છે. વિરાગમાર્ગે ગમન કરવાને ઉત્સુક બનેલા સાધકને સ્નેહની–રાગની કડીબદ્ધ સાંકળો ચોમેરથી જકડી લેવાને પ્રયત્નો કરે છે. આથી રાગવૃત્તિ અને વિરાગવૃત્તિ આ બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ જાગે છે. ખીંચાખીંચી ચાલે છે.

રાગવૃત્તિ બળવાન હોય તો ભડકો થાય, તણખા પણ ઉડે, આજુબાજુ ગરબડ, ઘોંઘાટનું વાતાવરણ જન્મે, ભીરુહૃદયો કંપી ઉઠે, આવા અવસરે સાધકની સાચી કસોટી છે. સત્ત્વશીલ સાધક વિવેકપૂર્વક આની સ્હામે અડગ ઊભો રહે, અણનમ બને, તો અવશ્ય વિજયની વરમાળ એના કંઠે આરોપાય છે.

કોઇ કાલ એવો નહોતો, કે રાગ અને વિરાગની વચ્ચે સંઘર્ષણ, અથડામણ કે ખીંચપકડ જન્મવા ન પામી હોય. વિરાગના–સાધનાના પંથે ગતિ કરનાર સાધક, સત્ત્વશીલ બની રણશૂરા સૈનિકની જેમ જ્યારે નિજના માર્ગને કાપે છે ત્યારે

પૂંઠે રહેલા રાગીજનોની કાયરતા હાલી ઉઠે છે, ડરપોક મનોવૃત્તિ, તે લોકોના આત્માને પામર બનાવી મૂકે છે. તે લોકો ભીરુ બનીને સાધકના માર્ગમાં પાછળ રહીને પથરાઓ ફેંકે છે. અશ્રુટપકતાં નયનોથી વાતાવરણમાં કરુણતા જન્માવવાના બાલીશ પ્રયત્નો કરે છે.

આવી વિષમ પરિસ્થિતિમાં સત્ત્વશીલ આત્મા, ધીરવૃત્તિથી વિવેકપૂર્વક ગંભીરહૃદયે, પ્રસન્નતાને જાળવી નિજની સાધનાના માર્ગે આગળ વધે છે.

પરિણામે વૈરાગ્યનો માર્ગ જયવન્તો બને છે, સાધક આત્મા નિજ સાધ્યને સાધી શકે છે.

૨

મુમુક્ષુ સાધકે નિજની સુધારણા માટે અવશ્ય ઉદ્યમશીલ રહેવું જોઈએ. સુધારણા માટેની સઘળીયે પ્રવૃત્તિઓ મુમુક્ષુ પુણ્યવાને સદાકાળ આચરવી, પણ સુધારણા કેવળ ક્ષણજીવી ન હોવી જોઈએ. કાંઇ કરી છૂટવાની વૃત્તિપૂર્વકની ખોટી ધમાલરૂપ ન જોઇએ. સુધારણા શાશ્વત, સ્થાયી અને અખંડ હોવી જોઇએ.

નિજની–જાતની વાસ્તવિક સુધારણા વિના, પરની સુધારણા કેમેય શકય નથી. અન્યોને સુધારવા માટેના પ્રયત્નો ત્યારે જ સફળ કે, જ્યારે નિજને સુધારવા માટે જાગૃત બનીને પ્રબળ પ્રયત્નો થતા હોય.

૩

**મહાનુભાવ!** આપણા માનીને જેઓને તું સુધારવાને સારુ બારીકાઈથી પ્રવૃત્તિઓ કરવા પ્રેરાય છે, તેના કરતાં યે થોડા

અંશે પણ તારું પોતાનું-નિજનું અંગત હિત જેમાં સમાયેલું છે, તેને માટે ખૂબ લક્ષ્ય આપવું જોઇએ, જેથી નિજની વાસ્તવિક હિતસાધના થઇ શકે.

યાદ રાખ! જગત્ માત્રને સુધારવાનો અને અંગત ગણાતાઓને તારું ગુમાવીને સુધારવાનો ઇજારો તેં એકલાયે નથી રાખ્યો! ઓ મુમુક્ષુ બાન્ધવ! તને પોતાને બે ક્ષણબાદ એ સુધારણાના શબ્દો કહ્યા પછી; માનસિક અનુતાપ, શારીરિક બેચેની અને નિષ્ક્રિયતા રહેતી હોય તો એવા બે શિખામણના શબ્દો, અન્યને કહેવાની તારે શી જરૂર ?

વ્યર્થ, સ્હામાને દુઃખ થાય, દુર્ધ્યાન જન્મે, લાગણીઓ ઘવાય, અર્થને સ્થાને અનર્થ થાય. આમ કરવાથી તને શો ફાયદો ? આમાં સ્હામાના દુર્ધ્યાનમાં તું અજાણે નિમિત્તભૂત કાં બને છે ?

૪

ભ૦ શ્રી મહાવીર પરમાત્માએ 'માતા-પિતાના જીવતાં દીક્ષા નહિ લેવાનો' જે અભિગ્રહ કર્યો. એ પણ એ તારકની ઉચિત ક્રિયા જ હતી. બેશક, આ અભિગ્રહ મોહોદયની હયાતિમાં કર્યો હતો પણ એથી તે મહાનુભાવ આત્મા મોહોદયને આધીન બન્યા નહોતા; કારણકે મોહોદયને આધીન બનીને કરેલી કોઇ પણ ક્રિયા, ઉચિત ક્રિયા કહેવાય નહિ. જ્યારે આ અભિગ્રહ સુંદર પ્રકારના વિવેકપૂર્વક થયો છે.

'ભગવાનને અભિગ્રહ લેવાની જરૂર શી ?' આવા પ્રકારનો પ્રશ્ન સ્હેજે સંભાવ્ય છે. આનો જવાબ સ્પષ્ટ છે, અને તે શાસ્ત્રીય સંગતિ પૂર્વકનો છે. ભ૦ નું મોહનીયકર્મ સોપક્રમ

હતું. વિરતિના પરિણામોથી ક્ષય પામે તેવી સ્થિતિમાં તે હતું. જો આમ થવા પામે તો પરિણામે મહા અનર્થ જન્મે તેમ હતું. આથી જ ભગવાને અભિગ્રહ કર્યો હતો.

નિજની દીક્ષાથી, સ્નેહવાળાં માતા–પિતા નિયમા મૃત્યુ પામશે આ કારણે મહાઅનર્થને અટકાવવાને માટે જ ભગવાને પોતે જ્ઞાનબળથી ભાવિને જાણીને ગર્ભાવસ્થામાં અભિગ્રહ ગ્રહણ કર્યો હતો. ભ૦ ના માતા–પિતાનું આયુષકર્મ સોપક્રમ હતું, આથી સ્નેહનાં કારણે તેઓ વહેલાં મૃત્યુ પામે એમ હતું.

ભ. શ્રી મહાવીર પરમાત્મા, માતા–પિતાના મૃત્યુની સાથે જ અભિગ્રહની પૂર્ણાહુતિ થતી હોવા છતાં પણ, તે પછી બે વર્ષથી કાંઇક અધિક સમય સંસારમાં રહ્યા તે પણ મહા-અનર્થ થતો અટકાવવાને માટે જ રહ્યા છે. જેમ ભ. શ્રી મહાવીરદેવે ગર્ભાવસ્થામાં અભિગ્રહ ધારણ કર્યો હતો તે કેવળ જ્ઞાનદ્વારા માતા–પિતાનું અતિ સ્નેહવશ વ્હેલું મૃત્યુ થવાનું જાણીને તે મહાઅનર્થને અટકાવવા માટે જ વિવેકપૂર્વક અભિગ્રહ કર્યો હતો. એ જ રીતે માતા–પિતાના મૃત્યુબાદ બે વર્ષ રહેવાની જે કબુલાત આપી તે પણ 'કુટુંબીજનોના મોહથી ખીંચાઈને–મોહોદયને આધીન થઈને નથી આપી,' પણ જ્ઞાનથી જોયું કે: આ અવસરે જો હું પ્રવ્રજ્યાનો સ્વીકાર કરું તો ઘણા નષ્ટ-ચિત્તવાળા અને પ્રાણરહિત થાય.' આ અનર્થ થતો અટકાવવાને માટે વિવેકપૂર્વક કબુલાત આપી છે.

## ૫

**શ્રી** શાલિભદ્રજીએ દીક્ષા માટે અનુમતિ માગી ત્યારે **ભદ્રા**માતાને મૂર્ચ્છા આવી. દાસીઓ **ભદ્રા**માતાને સચેત કરવા

ગઈ, પણ શ્રી શાલિભદ્રજી ત્યાં ન ગયા. ભક્તિ હતી, દયા હતી, પણ દ્રવ્યદયા નહોતી, હતી કેવળ ભાવદયા. શ્રી શાલિભદ્રજીમાં વિનયગુણ અપૂર્વ હતો.

માતાની તે સ્થિતિમાં શ્રી શાલિભદ્રજી વિચારે છે;

'આ મૂર્ચ્છા મારા પ્રત્યેના મોહની છે. જો આ વખતે હું પાસે જઈશ, પંપાળવા જઇશ, માતાનું માથું ખોળામાં લઈ લઈશ તો વારંવાર મૂર્ચ્છા આવે એવો મોહ વધી પડશે અને મારે દીક્ષા લેવી છે એ તો નિશ્ચિત જ; ત્યારે એક મૂર્ચ્છામાં કામ પતે તો ખોટું શું ?'

'અનન્તકાળમાં આત્માએ અનન્તાં માત-પિતાને રડાવ્યાં છે, એ રૂદનને જો સાચી રીતે રોકવું હોય તો અત્યારે આ અવસરે અડગ બનીને, વજ્ર જેવી છાતી કરીને મોહની મુંઝવણને કોઇપણ રીતે મારે આધીન ન જ બનવું.'

૬

સંસારને વિરક્તભાવે ત્યજી દેનારા મહાનુભાવ આત્માઓનું હૃદય બેશક વજ્ર જેવું કઠીન બને છે, પણ કોમલતા તો ગુલાબ-પુષ્પની પાંખડીઓ કરતાંયે વિશેષ હોય છે.

શ્રી વીતરાગ પરમાત્માના ત્યાગ માર્ગની તરફ ધીરતાપૂર્વક પગલા માંડનારા આત્માઓ, કોઈનું પણ અશુભ ચિન્તવનારા હોતા નથી. જગતના સઘળાંયે પ્રાણીગણનું હિત ઇચ્છનારા તેઓ હોય છે. સાચી ભાવદયા તેઓના હૃદયમાં રમતી હોય છે.

પરમજ્ઞાની મહાપુરુષો આ મુજબ સ્પષ્ટતા કરે છે:

'ये चारित्रग्राहकास्ते कस्यापि अशुभचिन्तका न भवन्ति,

ते तु जगज्जीवानामुपरि मैत्रीभावं गताः, सकलजीवानां हित-
कारका जगद्वन्द्यतां प्राप्ताः ' ॥

૭

શ્રી ધન્નાજી શ્રી શાલિભદ્રજીના બનેવી થતા હતા, શ્રી શાલિભદ્રજીની સૌથી નાની બેન શ્રી ધન્નાજીની સાથે પરણાવાઇ હતી. ' શાલિભદ્ર દીક્ષા લેવાને તૈયાર થયા છે, અને આના અભ્યાસને સારુ રોજ એક એક પત્નીને અને એક એક શય્યાનો ત્યાગ કરે છે ' આ સમાચાર બેનને મળ્યા. બેન શ્રી શાલિભદ્રનો ત્યાગ યાદ આવવાથી મોહાધીન બનીને રુદન કરે છે.

ધન્નાજી પૂછે છે: ' રુદન શા સારુ ? ' શાલિભદ્રની બેને કહ્યું: ' મારો ભાઇ વ્રત ગ્રહણ કરવાને તૈયાર થયો છે, એક એકનો ત્યાગ કરે છે, આ કારણે હું મુંઝાઉં છું, મને રડવું આવે છે. '

ધન્નાજીએ હસીને સ્મિત વેરતાં કહ્યું, ' તારો ભાઈ જો આમ કરતો હોય તો ખરેખર તે ડરપોક છે, વ્રતના પાલનમાં સત્ત્વહીન છે '

શાલિભદ્રની બેન ચૂપ થઇ. મોહનો ઉછાળો શમવા માંડ્યો.

**વિજ્ઞાન અને ધર્મનું અંતર.**

વિજ્ઞાન બુદ્ધિ અને ગણતરી ઉપર આધાર રાખે છે. ધર્મ અને તત્ત્વજ્ઞાન શ્રદ્ધા અને અંતરને અનુસરે છે. ધર્મે પોતાની દૃષ્ટિએ પ્રત્યેક વસ્તુઓનું સ્વરૂપ નિશ્ચિત કર્યું, જ્યારે વિજ્ઞાન તેને પોતાની આંકણીએ માપવા નિકલ્યું, પણ વિજ્ઞાનની આંકણી નિશ્ચિત નથી. બુદ્ધિ કે ગણતરીફેર કે વિકાસના પરિણામે તે ફર્યા કરે છે અને પરિણામ પણ ફરે છે. વિજ્ઞાને આજસુધીમાં શકય વિકાસ સાધ્યો પણ માનવી તે વિકાસથી શું રળ્યો ? રળવાને બદલે ખોયું ઘણું.

# શંકા અને સમાધાન

જિજ્ઞાસુતા એ આવકારદાયક છે. વસ્તુને સ્હમજવા માટે યા નવું પ્રાપ્ત કરવા માટે સરલ હૃદયના અભ્યાસી આત્માઓની શંકાઓ અનેક પ્રકારનું નવું જ્ઞાન મેળવવામાં સહાય રૂપ બને છે. આ ઉદ્દેશને અનુરૂપ ધર્મ, તત્ત્વજ્ઞાન કે એવા ઉપયોગી વિષયોને અંગે પ્રશ્નોત્તરીની શૈલીએ કાંઇ જાણવા જોગું પ્રગટ થતું રહે એ અમારી ભાવના છે આથી તે વિષયના જાણકાર પૂ૦ વિદ્વાન મુનિવરોની સહાય દ્વારા આ વિભાગ સમૃદ્ધ રહે એ રીતે અમે શક્ય કરી છૂટશું.

**પ્રશ્ન**–દેવતાઓ કઇ ભાષા બોલે ?

**ઉત્તર**–કંઇક પ્રાકૃત અને કંઇક માગધી બન્ને મિશ્રિત (અર્દ્ધમાગધી) ભાષા દેવતાઓ બોલે.

**પ્ર૦**–વ્યવહારી અને અવ્યવહારી કોને કહેવા ?

**ઉ૦**–અનાદિ સૂક્ષ્મ નિગોદ અવ્યવહારી; બાકી સર્વ વ્યવહારી.

**પ્ર૦**–સિદ્ધ ભગવાનમાં પ્રાણ કેટલા ?

**ઉ૦**–શ્રી સિદ્ધ ભગવાનમાં ચાર પ્રાણ હોય,

**પ્ર૦**–શુકલપાક્ષિક અને કૃષ્ણપાક્ષિક જીવોનું સ્વરૂપ શું ?

**ઉ૦**–જે જીવોનો સંસાર પરિભ્રમણ કાળ અર્દ્ધપુદ્ગલ પરાવર્તન બાકી રહેલ છે તે શુકલપક્ષપાક્ષિક અને જે

જીવોનો સંસારપરિભ્રમણકાળ અર્ધપુદ્ગલપરાવર્તન કરતાં અધિક તે કૃષ્ણપાક્ષિક.

પ્ર૦–મનઃપર્યાયજ્ઞાન કોને થાય ?

ઉ૦–ગૃહસ્થને મનઃપર્યાય જ્ઞાન ન થાય, સાધુ મહારાજાઓને જ થાય.

પ્ર૦–ઉપશમ અને ક્ષયોપશમ સમ્યકત્વમાં ભિન્નતા શી ?

ઉ૦–ઉપશમ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ મોહનીયનો ઉદય સર્વથા ન હોય, ક્ષયોપશમ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ મોહનીયનો વિપાકોદય તથા મિથ્યાત્વ મોહનીયનો પ્રદેશોદય હોય.

પ્ર૦–પરમાણુ અને પ્રદેશમાં ભેદ શો ?

ઉ૦–સ્કંધની સાથે રહેલો પ્રદેશ, જુદો પડે તે પરમાણુ.

પ્ર૦–મિથ્યાત્વને ગુણસ્થાનક કહેવાનો હેતુ ?

ઉ૦–ભદ્રકત્વાદિ ગુણોને આશ્રિત મિથ્યાત્વમાં ગુણસ્થાનપણું જાણવું.

પ્ર૦–સિદ્ધશિલા અને અલોકની વચમાં અંતર કેટલું ?

ઉ૦–સિદ્ધશિલા અને અલોકની વચ્ચે ઉત્સેધાંગુલથી એક યોજનનું આંતરું છે.

પ્ર૦–અવધિજ્ઞાનથી મનઃપર્યાય જ્ઞાનને જુદું માનવાનો હેતુ શો ?

ઉ૦–વિશુદ્ધિ ક્ષેત્ર, સ્વામિ અને વિષયના ભેદથી બન્ને પરસ્પર ભિન્ન છે.

પ્ર૦–ધ્વજાદંડનું પ્રમાણ ?

ઉ૦–દેરાસરજીનો જેટલો વ્યાસ તેટલા જ પ્રમાણે ધ્વજાદંડ લાંબો કરવો, અર્થાત્ દેરાસરજીની પાછળની ભીંત બે બાજુ-

ની કરાની ભીંત સહિત માપતાં જેટલી લાંબી હોય તેટલો લાંબો દંડ કરવો. જો ત્રણ ગભારા હોય તો દરેક ગભારાની જેટલી જેટલી લંબાઇ હોય તેટલા લાંબા-ઊંચા દંડ કરવા. આ ધ્વજાદંડનું ઉત્તમ માપ સમજવું.

પ્ર૦-પરમાણુપુદ્ગલના વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું પરાવર્તન થાય ?

ઉ૦-પરમાણુપુદ્ગલના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ પર્યાયોનું પરાવર્તન થાય.

પ્ર૦-પૂજામાં કેવાં અને કેટલાં વસ્ત્રો વાપરવા ?

ઉ૦-જે વસ્ત્રો પહેરીને ભોજન અથવા લઘુનીતિ કે વડીનીતિ ન કરી હોય, ફાટેલ, દાઝેલ કે સાંધેલ ન હોય અને ધોયેલા તેમજ ધૂપથી ધુપિત હોય એવાં શુદ્ધ વસ્ત્રો પ્રભુની પૂજામાં પુરુષોને બે અને સ્ત્રીઓને ત્રણ વાપરવાની વિધિ છે.

પ્ર૦-જગતમાં અંધકાર કેટલાં કારણોથી થાય ?

ઉ૦-૧ શ્રી જિનેશ્વર ભગવાનના નિર્વાણથી, ૨ શ્રી જિનેશ્વર ભગવાનના જ્ઞાનનો વિચ્છેદ થવાથી, ૩ પૂર્વના જ્ઞાનનો વિચ્છેદ થવાથી અને ૪ બાદર અગ્નિનો વિચ્છેદ થવાથી, આ ચાર કારણે જગતમાં અંધકાર થાય.

પ્ર૦-જીવ ગર્ભાવાસમાં ઉત્કૃષ્ટ કેટલા કાલ રહે ?

ઉ૦-કોઈક જીવ સિદ્ધરાજ જયસિંહની માફક માતાના ગર્ભાવાસમાં ઉત્કૃષ્ટ બાર વર્ષ સુધી રહે. કોઈક મહાપાપી, માતાનો વૈરી જીવ વધારેમાં વધારે માતાના ગર્ભમાં બાર વર્ષ સુધી રહી મરીને પાછો ફરીથી ત્યાં ને ત્યાં ઉત્પન્ન થાય તો ચોવીશ વર્ષ સુધી પણ રહે.

પ્ર૦–ચોથા આરામાં પુસ્તકો હતા ?

ઉ૦–'મથુરા નગરીમાં શ્રી જિનદાસ શ્રાવક અષ્ટમી ચતુર્દશીના દિવસે પૌષધોપવાસ કરે છે, ધર્મનાં પુસ્તકો વાંચે છે, તે સાંભળીને તેમને ત્યાં રહેલા બે વૃષભો ધાર્મિક થયા, અંતમાં કાળધર્મ પામી નાગકુમારમાં કમ્બલ, સમ્બલ નામના દેવો થયા.' આ હકીકત શાસ્ત્રોમાં આવે છે. આથી સિદ્ધ થાય છે કે ચોથા આરામાં થયેલા શ્રી જિનદાસ નામના શ્રાવક પુસ્તકો વાંચતા હતા, એટલે ચોથા આરામાં પણ શ્રાવકો ધર્મનાં પુસ્તકો લખતા લખાવતા હતા.

પ્ર૦–આચારાંગ આદિ અંગ સૂત્રોનાં ઉપાંગો કયા ?

ઉ૦–શ્રી આચારાંગ સૂત્રનું ઉપાંગ શ્રી ઔપપાતિક, ૨ શ્રી સૂત્રકૃતાંગનું શ્રી રાજપ્રશ્નીય ઉપાંગ. ૩ શ્રી સ્થાનાંગ સૂત્રનું શ્રી જીવાભિગમ. ૪ શ્રી સમવાયાંગનું શ્રી પ્રજ્ઞાપના. ૫ શ્રી વિવાહપ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતી) સૂત્રનું ઉપાંગ શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ. ૬ જ્ઞાતાસૂત્રનું શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ. ૭ શ્રી ઉપાશકદશાંગનું શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ. ૮ શ્રી અંતકૃતદશાંગનું શ્રી કલ્પિકા. ૯ શ્રી અનુત્તરોપપાતિક દશાનું શ્રી કલ્પાવતંસિકા. ૧૦ શ્રી પ્રશ્નવ્યાકરણનું શ્રી પુષ્પિતા. ૧૧ શ્રી વિપાકસૂત્રનું ઉપાંગ શ્રી પુષ્પચૂલિકા. ૧૨ શ્રી દૃષ્ટિવાદનું ઉપાંગ શ્રી વહ્નિદશા છે.

પ્ર૦–કયા કયા ગુણસ્થાનમાં કાળધર્મ પામે તથા કેટલા ગુણસ્થાનક પરભવમાં સાથે જાય ?

ઉ૦–ત્રીજું 'મિશ્ર' નામનું ગુણસ્થાન બારમું 'ક્ષીણમોહ' ગુણસ્થાન અને તેરમું 'સંયોગી' ગુણસ્થાન. આ ત્રણ ગુણ-

સ્થાનકોમાં વર્તતો જીવ કાળધર્મ પામે નહિ. બાકીનાં અગિયાર ગુણસ્થાનકોમાં વર્તતો જીવ કાળધર્મ પામે. તે અગિયાર ગુણસ્થાનકોમાંથી પહેલું ('મિથ્યાદૃષ્ટિ') ગુણસ્થાનક, બીજું 'સાસ્વાદન' ગુણસ્થાનક અને ચોથું 'અવિરતિ સમ્યગ્દૃષ્ટિ' ગુણસ્થાનક, આ ત્રણ ગુણસ્થાનકો પરભવમાં જીવની સાથે જાય છે અને બાકીનાં આઠ પરભવમાં સાથે જતાં નથી.

પ્ર૦–શાશ્વતી પ્રતિમાઓની ઊંચાઇ કેટલી ?

ઉ૦–ઊર્ધ્વલોકમાં તથા અધોલોકમાં રહેલી શાશ્વતી પ્રતિમાઓ સાત હાથની ઊંચી છે અને તિર્છાલોકમાં રહેલી શાશ્વતી પ્રતિમાઓ પાંચસો ધનુષ્યની ઊંચી છે.

પ્ર૦–અજીર્ણ કેટલા પ્રકારનું ?

ઉ૦–૧ જ્ઞાનનું અજીર્ણ માન, ૨ તપનું અજીર્ણ ક્રોધ, ૩ ક્રિયાનું અજીર્ણ પરનિંદા અને ૪ અન્નનું અજીર્ણ વિસૂચિકા. આ ચાર પ્રકારનાં અજીર્ણ છે.

પ્ર૦–કયા કયા સૂત્રો પાંચમા આરાના અંત સુધી રહેશે ?

ઉ૦–શ્રી આવશ્યક સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, નંદીસૂત્ર અને શ્રી અનુયોગદ્વાર સૂત્ર. પાંચમા આરાના છેડા સુધી એટલે ભગવાન શ્રી મહાવીરસ્વામીના શાસન સુધી વિદ્યમાન રહેશે.

પ્ર૦–ઉપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ કેટલો ?

ઉ૦–ઉપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટો કાળ અંતર્મુહૂર્તનો છે.

પ્ર૦–જઘન્યથી કેટલા આયુષ્યવાળો મનુષ્ય નરકમાં જાય ?

ઉ૦–બે માસની અંદરના આયુષ્યવાળો નરકમાં ન જાય, અર્થાત્

ગર્ભમાં ઉત્પન્ન થયા પછી બે માસથી ઉપરના આયુષ્યવાળો મનુષ્ય નારકીમાં જઈ શકે.

પ્ર૦–પાંચ સમ્યક્ત્વમાં પૌદ્ગલિક કેટલા ?

ઉ૦–ઉપશમ સમ્યક્ત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ અને સાસ્વાદન આ ત્રણ સમ્યક્ત્વો અપૌદ્ગલિક છે. બાકીનાં બે ક્ષાયોપશમ સમ્યક્ત્વ અને વેદક સમ્યક્ત્વ પૌદ્ગલિક જાણવાં.

પ્ર૦–સાત વિકથાઓ કઇ ?

ઉ૦–સ્ત્રીકથા ૧, ભક્તકથા ૨, દેશકથા ૩, રાજકથા ૪, મૃદુ-કારુણિકા કથા ૫, દર્શનભેદિની કથા ૬ અને ચારિત્ર-ભેદિની કથા,

પ્ર૦–ધર્માનુષ્ઠાન કઇ દિશામાં મુખ રાખીને કરવું ?

ઉ૦–ધર્માનુષ્ઠાન પૂર્વ દિશા અથવા ઉત્તર દિશામાં મુખ કરીને કરવું જોઈએ.

પ્ર૦–શ્રી જિનેશ્વરની દૃષ્ટિ દ્વારના કયા ભાગમાં રાખવી ?

ઉ૦–બાર સાખના આઠ ભાગ કરવા, તેમાં ઉપરનો જે સાતમો ભાગ આવે તેના પાછા આઠ ભાગ કરવા તેમાં ઉપરનો, જે સાતમો ભાગ આવે તે ભાગમાં દૃષ્ટિ રાખવી.

પ્ર૦–મનુષ્ય લોકની બહાર કઈ કઇ વસ્તુ નથી ?

ઉ૦–નદી, દ્રહ, મેઘનો ગર્જારવ, બાદરઅગ્નિ, ચક્રવર્ત્તી, વાસુદેવ આદિ ઉતમ પુરુષો, મનુષ્યનું જન્મ અને મરણ તેમજ રાત્રિ, દિવસ, પક્ષ માસાદિરૂપ કાળ આદિ વસ્તુઓ મનુષ્ય લોકની બહાર ન હોય.

પ્રગતિ, વિકાસ કે ઉન્નતિનો આ યુગ ગણાય છે, યુદ્ધમાં વિજય મેળવ્યા બાદ, સહુ વિજયી રાષ્ટ્રનાયકોની આ એક યોજના છે. સહુ કોઇ શાણા વિચારકોની પ્રવૃત્તિઓ હંમેશા આ દિશામાં જ હોવી જો કે સંભાવ્ય છે, પણ જ્યાં સુધી 'કોઇનું પણ મન, વાણી કે કાયાદ્વારા અનિષ્ટ કરવાની વૃત્તિ કે પ્રવૃત્તિ જીવન્ત છે ત્યાં સુધી પ્રગતિ નહિ પણ પડતી છે; વિકાસ નહિ પણ વિનાશ છે.' માટે જ **'मित्ती मे सव्वभूएसु'** આ મંત્ર જ વિકાસના માર્ગે ગતિ કરનારને સારુ પહેલું પગલું છે. યુદ્ધોત્તર યોજના બાદ, રાષ્ટ્રના વિકાસ માટે યોજનાઓ ઘડનારા ઘડવૈયાઓ આ હકીકતને ધ્યાનમાં લે તો કેવું સારું ? આ હકીકત ટૂંકમાં અહિં જણાવાઇ છે.

વિકાસ પ્રગતિ કે ઉન્નતિ એ સહુકોઇ આત્માઓની પ્રવૃત્તિઓનું ધ્યેય છે. એ હકીકત ન ભૂલી શકાય તેવી છે. આજની દુનિયા વિકાસના માર્ગે પગલાંઓ માંડી રહી છે, એમ ઘડાતો ઇતિહાસ બોલી રહ્યો છે; પણ કહેવું જોઇએ કે, વર્તમાનની દુનિયાનો ઇતિહાસ હજુ સત્યની નક્કર હકીકતોથી ઘણો જ દૂર ઊભો છે.

કારણ સ્પષ્ટ છે. વિકાસ–પ્રગતિની સાચી દિશા હજુ આજના જગતે, જગતના ભલભલા સામ્રાજ્યોએ કે વૈજ્ઞાનિકોએ જોઇ નથી. જો કે અમે એ હકીકત કબૂલીએ છીએ કે, જગતના વૈજ્ઞાનિકો, તત્ત્વજ્ઞાનીઓ કે ઉદ્યોગપતિઓ વિકાસની પ્રવૃત્તિઓને વ્યવહારુ બનાવવા રાતદિવસ માથાતૂટ યોજનાઓ ઘડી રહ્યા છે.

પણ પરિણામ શું ? જવાબ સંતોષકારક મળતો નથી. હા, આપણે જોઈ શકીએ છીએ આનું પરિણામ:–જે આપણી આંખો સ્વપ્ને પણ જોવા ઇચ્છતી નથી, જીભ બોલવા કે કહેવાને સંકોચાય છે, અને કાને સાંભળતાં સાંભળતાં ધરતીકંપના આંચકા અનુભવાય છે, તે કેવું ભયંકર પરિણામ આજે આપણે જોઈ રહ્યા છીએ, બોલી કે સાંભળી રહ્યા છીએ.

કેવો જબ્બર સંહાર; જ્યાં ત્યાં ઈર્ષ્યા, અસૂયા, વૈરવિરોધ, વૈમનસ્યનાં મહાપાપો; જ્યાં જુઓ ત્યાં શાંતિનો પ્રકાશ ચોમેરથી ગુંગળાઇ ગયો છે. અશાંતિના અંધકારે પોતાની નાગચૂડમાં આજની દુનિયાને ઝકડી નાંખી છે.

શું વિજ્ઞાનના બળે વિકાસના માર્ગે પ્રગતિ કરનારા માનવ ભેજાંઓની પ્રવૃત્તિઓનું આ પરિણામ ઈષ્ટ છે, જરૂરી છે કે સફલ છે ?

કોઈ પણ વિચારશીલ મસ્તક આનો જવાબ હકારમાં નહિ જ આપે. આથી જ અમારે કહેવું જોઇએ કે, 'આજનો માનવ સમાજ, વિકાસના નામે અધઃપતનના ગર્તમાં ધકેલાઇ રહ્યો છે. એને મળેલી શક્તિઓના ઉન્માદમાં એ ભાન ભૂલ્યો બની ચૂકયો છે. શક્તિઓના સદુપયોગની એને ગમ રહી નથી;' માટે જે માનવજાતે વિકાસ સાધી માનવતામાંથી દિવ્યતા પ્રગટાવવી જોઇએ તે માનવજાત આજે માનવ મટી પશુ કે રાક્ષસ બની વિકાસના માર્ગેથી સરકી પડી છે. અને આજે ચોમેરથી નરકની રૌરવ યાતનાઓ વેઠી રહી છે.

અલબત, સ્વાધીનતા મેળવવા મથવું તે વિકાસનું અંગ છે પણ એ સ્વાધીનતા ક્ષણિક વિજળીના ઝબકારા જેવી ન હોવી

જોઈએ. સાચો વિકાસ પરાધીનતાની અનાદિ અનન્ત શૃંખલાઓ તોડીને જ પ્રાપ્ત કરી શકાય છે.

આત્માની અનન્ત તેમજ અખંડ જ્ઞાન જ્યોતને પ્રગટાવી જન્મ, મૃત્યુનાં રૌદ્રમુખા અંધકારના પારને પામી સંપૂર્ણ આત્મવિકાસ સાધી જવો એ જ સાચો વિકાસ છે. અને આ વિકાસના માર્ગે પગલાંઓ પાડવા માટે સર્વપ્રથમ જગતના મોહ મૂંઝયા આત્માઓને જાગતા રાખવાને સારું વર્તમાનકાલે ઉપકારી મહાપુરુષોએ ફરમાવેલો મહામંત્ર એ છે કે;

**मित्ती मे सव्वभूएसु ।**

શત્રુ કે મિત્ર, સ્વ કે પર, ભલું કરનાર કે ભૂંડું કરનાર સહુકોઈ આત્માઓ પ્રત્યે મૈત્રીભાવ રાખવો. પોતાના આત્માની જેમ સુખદુઃખમાં સર્વને જાણતાં શીખવું અને એ રીતે જીવવું એ વિકાસના માર્ગે આગળ વધવાને પહેલું પગલું છે.

સહુ કોઈ આ રીતે વિકાસના માર્ગે પગલીઓ પાડી ઉન્નત જીવન પ્રાપ્ત કરો !

### તમો આટલું કરો !

તમે ગીત ભલે ન ગાવ પણ તમે બેસૂર બની રડો નહિ. તમે ફૂલ ભલે ન વેરો પણ ઘરની બહાર નીકળી બીજાઓના પંથમાં તમે કાંટા વેરો નહિ. તમે તંદુરસ્તીનાં કિરણો ફેંકવા તૈયાર ભલે ન હો પણ તમે આરોગ્યને હાનિ પહોંચાડે એવા ચાળા કરો નહિ. તમને જીવન સાથે દિલ્લગી ન હોય તો કાંઇ નહિ પણ બીજાઓના જીવન પર કંટાળાના ઓળા પાડો નહિ, તેમજ તમને ભલે ધર્મ ગમે નહિ પણ જે કરતા હોય તેની આડે આવો નહિ !

## ભક્ત હૃદયની વેદના

### પૂ૦ મુનિશ્રી રૂચકવિજયજી મહારાજ

[ ઝુલ્લણા છંદ ]

અસ્ત થાતા પ્રભુ વીર આ અવનીમાં,
બોલતાં ગૌતમ નાથ! મારા;
એકલો મોકલ્યો આ સમે તેં મને,
શું હતી ભીતિ આધાર પ્યારા. ૧

તુજ જતાં આથમ્યો વિશ્વગગને રવિ–
જ્ઞાનનો, શું થશે ? તમઃ છવાયો;
નાચશે યૂથ કુમતિતણું જોરથી,
પ્રશ્ન કરશું હવે કયાં ? વિચારો. ૨

ગોયમ! એમ કહિ કોણ બોલાવશે ?,
બોલશું કેહને નાથ આજે;
છેતર્યો તેં મને અંતિમ એ પળે,
હા, હતો વીતરાગી સમો જે. ૩

ધિગ હજો રાગને, વીરને કયાં હતો ?,
હું ભૂલ્યો, તે હતા વીતરાગી;
એમ કરંતા થયું જ્ઞાન ઇન્દ્રભૂતિને,
કોટિશઃ વંદના હો હમારી. ૪

# અંતરનો નાદ

[ રાગ ભીમપલાસ ]

સુનના હો તો સાવધાન બનો, અંતરકા નાદ સુનાતા હું;
સદી વીશમી કી યહ યાદીકો, ક્રમશઃ ક્રમશઃ દીખલાતા હું. ૧

જ્ઞાતિ જાતિ ઔર દેશોંમેં, સંગઠન-શક્તિ તૂટ ગઈ;
વ્યાપારિક ધાર્મિક સ્થાનોંમે, સભ્ય-મર્યાદાએ છૂટ ગઈ. ૨

પશુ-ધનકી કત્લે ખૂબ બઢી, દયા ધર્મકી બાતે ઉડ ગઈ;
સબહી સબ લૂંટા જાયેગા, ગપ્પ ચલતી રોજ હી નઇ ને નઈ. ૩

અન્યાય અનીતિકા જોર રહા, સુનતા નહિ કોઈ કીસીકા કહા;
જુલ્મી યહ સદીકી સમાપ્તિમેં, સચમુચ અનીતિકા ધોધ વહા. ૪

અનીતિકી મીલ્કત નહિ ટીકતી, કુદરતને કરકે દીખાઇ દીયા;
ધર્મી શ્રદ્ધાળુ લોકોને, નીતિસે કમાના સ્વીકાર કીયા. ૫

આર્યાવર્ત પ્રજાજન ગભરાતા, ક્યા હોગા? ક્યા હોગા? કરતે;
ઑામ મારાકી ભીતિ હોતી, શાન્તિ ભી તનિક નહિ દિલ ધરતે. ૬

ચિત્ત-શાન્તિ અગર જન ચાહત હૈ, તબ ધર્મ-શરણમેં આ જાના;
ક્યા લંબી લંબી કહની હૈ, સુનાઇ દીયા સદીકા ગાના. ૭

—શ્રી અતિથિ—

# ફૂલહાર

પૂ. મુનિ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ

હૃદયથી વરી ચૂકેલી કન્યાઓ પતિની પ્રત્યેક ઇચ્છાઓને પૂર્ણ કરવામાં તત્પર રહે છે, 'તેઓ જે કરે તે મુજબ અમારે વર્તવું' 'જે એ કરશે ગુણનિધિ તે અમે પણ આદરશું' તેવી જે, તે રાગથી પતિના શરણે જનાર યુવતિઓ યાવત્ જંબૂસ્વામિજી ભગવાનની જેમ દીક્ષા લેવા સુધી પણ તૈયાર થાય, તેમાં ધર્મરંગ બચપણથી કેવી રીતે માતા-પિતા દ્વારા સંસ્કાર અપાયો હશે, એ વિચારણીય નથી શું? ધર્મપ્રેમ એમને એમ થોડો ઝળકતો હશે? ૧

દાંપત્ય ધર્મને સારી રીતે સમજનાર યુગલ સજ્જન સમાજમાં આદર્શ બને છે. તેમના આચાર, વિચાર, વર્તન, બોલવું ચાલવું વગેરે એવા અનુપમ હોય છે, કે જેથી સઉને તેનું અનુકરણ કરવાનું મન થાય! નહિં તો છેવટે અનુ-મોદન તો કરે જ. ઉભયનો વિવેક ધર્મથી ભીનો હોય, પોતે પોતાની પરસ્પર સંકળાએલ ફરજોને પ્રતિઅવસરે ભૂલે નહિ તેવો હોય. ૨

વિશ્વાસે થાપણ આપી જનાર આપે છે, પણ લેનાર દાનત બગાડે ત્યારે શું પાપનો ડર નહિ રહેતો હોય?

માલીકી કોની ? પારકા માલ ઉપર માલિકી જમાવવાની ઇચ્છા એ કેટલી બુરી ગણાય ? વગર માલિકીની ચીજ ઉઠાવવી એ શું નાનું પાપ હશે ? તેની ફરજ માત્ર રક્ષણ કરવાની છે. તેવી જ રીતે વારસામાં આવેલી માલ મિલ્કત કે દાગીના વગેરે એ પણ આત્મા જન્મતાં કાંઇ લાવતો નથી. પણ બધું પોતાનું માને છે, માલિકી પોતાની કરવા માંગે છે, ઝઘડે છે, વૈર પણ બાંધે છે, માલિકીનો હક્ક ઠોકી બેસાડવાના એ હક્કને એ કોઇ પૂર્વજ પાસે લખાવી લાવ્યો હશે શું ? ૩

માનવોનું કર્તવ્યક્ષેત્ર અત્યંત વિશાળ છે. એ ક્ષેત્રચાર સહેલો પણ નથી. ઘણી વિચારણાબાદ તેનું રહસ્ય હાથ આવે છે. 'હું મનુષ્ય શાથી થયો ?' એ વિચારણા આવશ્યક છે. એ માનવ થયા પછી માનવોને યોગ્ય કરણી કરવી કે દાનવને યોગ્ય કાર્યો કરવા એ પણ માનવને વિચારવાનું રહે છે. એવો વિચાર કરે અને સદાચારનું પૂર્ણ વર્તન કરે, તો તે ધન્ય જીવી માનવો, વિપરીત દેખાય તો સમજવું કે માનવ તો થયાં છે, તેની માનવ તરીકેની ફરજોને, માનવ તરીકેના કર્તવ્યોનો તેણે હજી ખ્યાલ જ કર્યો નથી. ૪

આત્મા અને શરીર એ બે ભિન્ન વસ્તુઓ છે. આત્માના ધર્મો એ જુદી વસ્તુ છે અને શરીરના પુદ્ગલ ધર્મો એ જુદી ચીજ છે. આત્માને શરીરધર્મ અને આત્મધર્મ એ બેઉને સમાલવાના રહે છે. હવે જો આત્મા કેવળ શરીર ધર્મોની રક્ષા પાછળ જ પ્રવૃત્ત થયા કરે અને આત્મધર્મો તરફ દુર્લક્ષ્ય કરે તો કેવું બને ? 'ઘરના છોકરા (આત્મા) ઘંટી ચાટે, અને (શરીર) પાડોશીને આટો' આત્મધર્મ સાધવા માટે શરીરની રક્ષા કરવી એ હજી ઠીક ગણાય પણ શરીર સાચ-

વવાના બ્હાને ( નામે ) ધર્મહીનતા ઘૂસી ન જાય, તેની પૂરતી કાળજી રાખવાની જરૂર છે. ૫

ધર્મસાધનાના નામે શરીરના સેવક બની જવાય તો પરિણામ ભયંકર આવે એમાં આશ્ચર્ય જેવું નથી. નાશક સ્વભાવવાળા શરીર ઉપર મોહ રાખવો, એ વિચારવંત મનુષ્ય માટે અનુચિત જ ગણાય. ગંધાતી ચીજોની કોટડી આ શરીર છે. એ શરીરનું તેવું સ્વરૂપ કેમ સ્વીકારાતું નહિં હોય ? તેના ઉપરની મૂર્ચ્છા ઘટાડવી ન પોષાતી હોય, તે જ કારણ હશે કે બીજું કાંઇ હશે ! ૬

ઉપદેશક અને શ્રોતા—એ બેમાં—ઉભયમાં આશયશુદ્ધિ અને જિજ્ઞાસુ વૃત્તિ એમ બન્નેમાં જૂદાજૂદા બે ગુણ હોય, તો પરિણામ ઉત્તમ આવે. ધર્મોપદેષ્ટા માથે જોખમદારી મોટી છે. પ્રારંભમાં, મધ્યમાં તેમ ઉપસંહારમાં ત્યાગનું પોષણ આપવાની તેની ફરજ રહેલી છે. એ તાકાત આવે તો જ તે ઉપદેશક બની શકે. સાંસારિક પોષણ કરવાનું તેનું કર્તવ્ય હોઇ શકે જ નહિ. દુનિયા તો પોતાને મનગમતું લેવા આવે, પણ ઉપદેશકે પૂરતો ખ્યાલ રાખવો જરૂરી ગણાય શ્રોતા જિજ્ઞાસાવૃત્તિપૂર્વક જિનવાણી સાંભળે તો તે હિતકર નિવડે. ૭

લોકવ્યવહારમાં એવી માન્યતા પ્રચલિત છે કે, ‘ માત પિતાની ફરજ પુત્રાદિને પાળી પોષીને ધંધે જોડવા અને પરણાવી દેવા એટલેથી માબાપ પોતાની ફરજમાંથી છૂટા થાય છે, ’—પણ શાસ્ત્રના હિસાબે કે સર્વજ્ઞ સિદ્ધાંતના હિસાબે તેમાં મન્તવ્યભેદ જોવામાં આવે છે. સ્વાર્થ માટે તો છોકરો પરદેશ જાય, ત્યારે માબાપ ગાડી પર મૂકવા જાય, આવજે ! વગેરે

પણ કહે. પણ સાચી ફરજ એ ગણાવવી જોઇએ, કે, આપણો સંસર્ગ અને આશ્રય પામી સંતાન જો પાપની ભીરુતા, ગુણાનુરાગ અને સદ્ધર્મરુચિ ઇત્યાદિ ઉત્તમ ગુણોનો ભંડાર બને તો તેથી તેઓની ફરજ અદા કરી ગણાય. જો તેમ તેઓ ન કરે તો પુત્રાદિની ફરજ છે કે પોતે ઉત્તમ ગુણો કેળવી, તે ઉત્તમ માર્ગમાં પોતાના પૂજ્ય એવા જન્મદાતા, માતપિતાને ગુણમૂલક માર્ગ બતાવે, ને બેઉ પુણ્યવિપાક સમો પુણ્ય માર્ગ અજવાળે ! ૮

## પાશ્ચાત્ય કેળવણીનું ધીમું ઝેર

આપણા દેશની ઉછરતી પ્રજાને આપણા મહાપુરૂષોએ નિઃસ્વાર્થભાવે જે જે શાસ્ત્રીય સત્યો, સિદ્ધાન્તો કે નિર્દોષ વિધિ-વિધાનો આપણા ઉપકારી તરીકે ઉપદેશ્યા છે. તેના પ્રત્યે અશ્રદ્ધા પેદા થતી જાય છે, તેનું કારણ શાસ્ત્રોના વિશાળ વર્ણનો નથી. હાલના વિજ્ઞાનની શ્રેષ્ઠતા નથી. પણ કારણ માત્ર હાલની પાશ્ચિમાત્ય કેળવણી જ છે.

આધુનિક શિક્ષણ સંસ્થાઓમાં કેળવણીના નામે એવી રીતે ધીમું ઝેર પ્રસરાવવામાં આવે છે કે, જેથી આપણા ભૂતકાલની પ્રજાને, તેનાં નૈતિક આચાર-વિચારોને ધાર્મિક કે સામાજિક રીત-રીવાજોને કેવળ હસી નાખવામાં જ આજનો ભણેલો વર્ગ ડહાપણ માને છે.

હાલના પાશ્ચાત્ય વિદ્વાનોની આ એક મુત્સદ્દીતા છે કે, તેઓ વર્તમાન પત્રોમાં કે જાહેર સભાઓમાં યા શિક્ષણાલયોમાં એવું પ્રચારકાર્ય કરતા રહ્યા છે કે, જેના પરિણામે આપણા દેશના સુધરેલા યુવક-યુવતિઓ, અહિંના આચાર-વિચારો તરફ અણગમો ધરાવતા બની જાય તેમ જ પરદેશના બધા આચાર-વિચારોને અપનાવી લેવાને જલ્દી ઉત્સુક બને !

# 'પાદપૂર્તિની યોજના'નો પ્રત્યુત્તર.

## [ સંપાદકીય ]

કલ્યાણના ગત ખંડમાં પૃષ્ઠ ૧૫ પર સંસ્કૃત ભાષાના અભ્યાસી વિદ્વાનોને સારુ પાદપૂર્તિની યોજના રજૂ થઇ હતી; જેમાં 'છેલ્લા પદ પરથી, તે પદની સાથે અર્થથી અને છંદથી સમન્વય સાધે તે રીતે ત્રણ પદો નવા જોડી, એક શ્લોક નવો તૈયાર કરી'–અમને મોકલી આપવાની હકીકત હતી.

આના જવાબરૂપે અમને પૂ. આચાર્યદેવાદિ૦ વિદ્વાન્ મુનિવરોના શ્લોકો મળી શકયા છે. જે આભારપૂર્વક અમે નીચે પ્રગટ કરીએ છીએ. અમને કહેતાં દુઃખ થાય છે કે, ગત ખંડમાં પ્રૂફસુધારણમાં પ્રમાદથી આ પાદપૂર્તિના પદમાં એક ગંભીર સ્ખલના થઇ ગઇ હતી, જેથી અર્થમાં મોટો અનર્થ થઇ ગયો હતો. આથી જવાબ આપનારા અભ્યાસી વિદ્વાનો પાદપૂર્તિની યોજનાને સ્પષ્ટ સ્હમજી ન શકયા હતા.

ગત ખંડમાં આમ છપાયું છે—

**'विद्वान् प्राप्तेऽधिकारे नयति विफलतां योग्य-कार्याधिकारात्'**

જ્યારે આમ છપાવવું જોઇતું હતું—

**'विद्वान् प्राप्तेऽधिकारे नयति विफलतां योग्य-कार्याऽविधानात्'**

આવી ગંભીર ભૂલ ફરી નહિ થવા પામે તેની સહુ કોઇ નોંધ લે!

१

પૂ. આચાર્યદેવ શ્રી વિજયભુવનતિલકસૂરિ મહારાજ.

प्राज्यप्राचीनपुण्याद् गुरुचरणकृपाकल्पवल्लीप्रसादात्,
शास्त्राभ्यासश्रमेण प्रथितपरमधीपुष्टभावप्रभावात् ।
राज्ञः शुश्रूषया वा सकरुणमहतां पूर्णपुण्यप्रसत्त्या,
विद्वान् प्राप्तेऽधिकारे नयति विफलतां योग्यकार्याविधानात्॥१॥

२

પૂ. મુનિરાજશ્રી વિક્રમવિજયજી મહારાજ.

कृत्वा नानाविधेषु प्रखरमतिमतां ग्रन्थराजेषु बुद्धिं,
श्रुत्वा श्रीत्यागमूर्ति-प्रवरमुनिमुखात् न्यायमार्गात् विशालात्।
रिक्तः सच्छाशास्त्रबोधात् अपि च विरहितः तथ्यपक्षाद्विशालात्,
विद्वान् प्राप्तेऽधिकारे नयति विफलतां योग्यकार्याऽविधानात् ॥२

३

પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ.
[ પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિ શિષ્ય ]

न्यायाधीशादिवर्गः सधनजनतादत्तलञ्चां गृहीत्वा,
लक्ष्मीवत्कार्यकारी नियमितनियमान् सर्वथोल्लङ्घ्य लुब्धः ।
कामं कुक्षिम्भरि वै विगतदयमनाः साम्प्रतं दृश्यमानो,
विद्वान् प्राप्तेऽधिकारे नयति विफलतां योग्यकार्याऽविधानात् ॥३

४

मर्यादामार्यमुद्रां नयविनयकरीं सर्वतो नाशयन्तीं,
शिक्षां दातुं प्रवृत्तो बलिकलिमलिनां म्लेच्छसंस्काररूपाम् ।
छात्राणां पाश्चिमात्यानुकरणविधिना शिक्षको वर्तमाने,
विद्वान् प्राप्तेऽधिकारे नयति विफलतां योग्यकार्याऽविधानात् ॥४




શ્રીગવેષક

**સા**મયિકપત્રોમાં, પુસ્તકોમાં કે અન્ય કોઈ સાહિત્યક્ષેત્રમાં પ્રસિદ્ધ થતાં ઉપયોગી લખાણોના સારભાગને ચૂંટી શ્રી **ગવેષક** અહિં ટૂંકાણમાં રજૂ કરે છે. જે જે સાહિત્ય આ વિભાગમાં એકઠું કરવામાં આવે છે તે સરળ, નિર્દોષ અને સંસ્કારની દૃષ્ટિવાળું રહેશે.

**અ**હિં પ્રસિદ્ધ થતાં લખાણો જે જે પ્રકાશનોમાંથી ઉદ્ધૃત થાય છે, તેના પ્રકાશકોના સ્વામિત્વહક્કને સ્વીકારી કેવળ સાહિત્યપ્રચારની દૃષ્ટિએ આ રજૂઆત થઈ રહી છે.

૧

## શ્વાસોશ્વાસને અંગે કેટલુંક.

ચાર અબજ કોડી સપત, પુન અડતાલીસ લાખ;
સ્વાસ સહસ ચાલીશ સુધી, સો વરસામેં ભાખ. ૧

વર્તમાન એ કાળમેં, ઉત્કૃષ્ટ સ્થિતિ જોય;
એકશત સોલે વર્ષની, અધિક ન જીવે કોય. ૨

સોપક્રમ આયુ કહ્યો, પંચમકાલ મજાર;
સોપક્રમ આયુ વિષે, ઘાત અનેક વિચાર. ૩

મંદ શ્વાસ સ્વરમેં ચલત, અલ્પ ઉમર હોય ખીણ;
અધિક શ્વાસ ચાલત અધિક, હીણ હોત પરવીણ. ૪

ચાર સમાધિ લીનતર, ષટ્ શુભ ધ્યાન મજાર;
મૌન ભાવ બેઠા જયું દશ, બોલત દ્વાદશ ધાર. ૫

ચાલત સોલસ સોવતાં, ચાલત શ્વાસ બાવીશ;
નારી ભોગવતાં જાણજો, ઘટત શ્વાસ છત્રીશ. ૬
થોડી વેળામાંહે જસ વહત, અધિક સ્વર શ્વાસ;
આયુ છીજે બલ ઘટે, રોગ હોયે તન તાસ. ૭
અધિક નાહિં બોલીયે, નહિ રહિંયે પડસોય;
અતિ શીઘ્ર નવિ ચાલીયે, જો વિવેક મન હોય. ૮

—શ્રી ચિદાનન્દજી

૨

## માનસશાસ્ત્રની દૃષ્ટિએ ઉપકારનું તત્ત્વજ્ઞાન.

ઉપકારનું પણ એક નવું જ તત્ત્વજ્ઞાન છે. સમાજનું વ્યવહારિક જ્ઞાન આપણને એમ શીખવે છે કે એકગણો ઉપકાર કરનાર ઉપર સોગણો ઉપકાર કરવો. પણ આ અર્ધું જ સત્ય છે. ખરૂં જોતાં બદલાના ઉપકાર કરતાં ઉપકારનું સતત ભાન વધુ કીમતી વસ્તુ છે. એ સમજવા બહુ ઉદાર હૃદય જોઈએ છે. આપણે એવા ઘણા માણસો જોઇએ છીએ જેને આપણે એક ચાનો પ્યાલો પાયો હોય તો બદલામાં આપણને પણ ચા પાય ત્યારે જ તેને નિરાંત થાય. પછી આપણને તેની જરૂર હોય યા નહિ. ઉપકારનો હિસાબ આમ ચોકખો રાખવાની પોતાની તકેદારી માટે આવા લોકો ગર્વ લેતા હોય છે, પણ જે ભાવનાથી એ લોકો આ હિસાબ રાખે છે એ ભાવના ગર્વ કરતા શરમને પાત્ર વધારે છે. પોતાના પર ચડેલો ઉપકાર વહેલામાં વહેલી તકે ધોઈ નાખવાની આ અધીરાઈની પાછળ એ ઉપકાર કરનાર તરફનો ઊંડો તિરસ્કાર છે. એવા લોકો પોતાના પર થએલા ઉપકારને ફૂલોની માળાના જેવો નથી માની શકતા, પણ એને ખસના ચેપ જેવો માને છે, અને બનતી ત્વરાએ એમાંથી મુક્ત થવા ઇચ્છે છે. અને આથી જ તેઓ ઉપકાર પરત્વે અસહિષ્ણુ હોય છે.

પરંતુ ખરી મહાનુભાવતા ઉપકાર ધોઇ નાખવાની ઉતાવળમાં નહિ

પણ પોતાના ઉપર ઉપકાર કરવાની સામા માણસને તક આપવામાં છે. અને ઉપકાર કરવાની આવી તક આપવી એ પણ કાંઈ ઓછો ઉપકાર નથી. કેમકે જે વખતે તમે કોઇનો પણ ઉપકાર સ્વીકારો છો એ વખતે સાથોસાથ તે તમારા ઉપર ઉપકાર કરવાની સ્થિતિમાં હોવાની વાતનો પણ તમે સ્વીકાર કરો છો, અને એ રીતે તમે તેને આદર આપો છો. એ આદર એ જ તમારો તેના તરફનો બદલાનો ઉપકાર. એથી ઊલટું, જો કોઇ મિત્ર કે ઓળખીતો તમારો ઉપકાર સ્વીકારવાની અનિચ્છા બતાવે તો તમે ખાતરીપૂર્વક માની શકો કે તે અંદરખાને તમને પોતાનાથી હલકા દરજ્જાના ગણી તિરસ્કારે છે, અને માટે જ તમારા ઉપકારમાં આવી તમારું વર્ચસ્વ કબૂલ રાખતાં અચકાય છે.

આવી રીતે બીજાના ઉપકારમાં ન દબાવાના ધ્યેયવાળા માણસો એક તરફથી ઉપકારની પતાવટ કરવામાં જેટલા કાળજીવાળા હોય છે, એટલા જ બીજી તરફથી નવાં ખાતાં ન ખોલવાની પણ કાળજી રાખે છે. અને તેથી પોતાની સરસાઇ બતાવવાનો હેતુ જ્યાં પાર પડી શકતો ન હોય ત્યાં કોઈ પર નવેસરથી તેઓ ઉપકાર કરી શકતા નથી હોતા. પરિણામે આવા માણસને જો તમે કોઈ કટોકટીને પ્રસંગે સો રૂપિયા આપ્યા હોય તો તમારા પર હજાર રૂપીઆનો ઉપકાર ચડાવવાના પ્રસંગની રાહ જોઈ રહેશે—અથવા કહો કે તમે એવી મુશ્કેલીમાં મૂકાઓ એવી દુવા પણ માગશે! પણ તમારે એના ઉપર ઉપકાર ચડાવવાનો પ્રસંગ ન આવ્યો હોય અને તમારે જરૂર પડી હોય તો રાતી પાઈ નહિ આપે. એકગણા ઉપકારનો બદલો સોગણા ઉપકારથી વાળવાની વાત સમાજનો મોટો ભાગ આ અર્થમાં જ સમજતો હોય છે.

પરંતુ જે લોકોની દૃષ્ટિ ઉપકાર પરત્વે ઘડાઈ ગઈ તેઓને ઉપકાર ચૂકાવવાની ઉતાવળ નથી હોતી, એટલું જ નહિ પણ ઉપકાર જે સ્થળેથી આવ્યો હોય ત્યાં જ પાછો વાળવાની વેપારી બુદ્ધિ પણ તેઓમાં નથી હોતી. તેઓ ઉપકારને ફૂલના ગજરા જેવી વધાવી લેવાની વસ્તુ માને છે, આફતનું પડીકું નહિ. તેઓ ઉપકારનું ખાતું રાખતા નથી. જરૂર પડે

ત્યારે ગમે તેનો ઉપકાર સ્વીકારી લે છે, અને કોઇને પણ જરૂર પડી હોય ત્યારે ભેદભાવ વિના ઉપકાર વેર્યે જાય છે. એટલે વ્યક્તિ પરત્વે તેઓના અનેક હિસાબ એક યા બીજા પાસામાં અધૂરા રહી જાય છે. પણ સમાજ પરત્વે જોતાં સમાજમાંથી તેમને જે મળ્યું હોય તેથી અનેકગણું આપી છૂટે છે. આવા માણસનો તમને રેલવેમાં ભેટો થઈ ગયો હોય તો તમે રેસ્ટોરાંનું બીલ ચૂકવવા માગતા હશો તો વગર આનાકાનીએ તમને તેમ કરવા દેશે. પણ એ પહેલાં અનેક બીલ એણે સમાજના વિરાટ ચોપડામાં જમા કરાવ્યાં હશે એમ તમે એની બેપરવાઇ ઉપરથી જ જોઇ શકશો. અને જગત ઉપર સાચો ઉપકાર આવા પહેલો એકગણો ઉપકાર કરનારા કરી જાય છે, બદલાનો સોગણો ઉપકાર કરનારા નહિ.

[ કુમાર ]—**હરિકૃષ્ણ વ્યાસ.**

૩

## પોતાને જોનારાઓ.

**માણસો** એકલાં પડે અને પોતાની ચેષ્ટા કોઇ જોતું નથી એવી ખાતરી હોય તો કેવા કેવા ચેનચાળા કરે તે આપણે સૌ પોતપોતાના અનુભવથી જાણતા હોઇએ છીએ. પણ આવી હકીકતો એકઠી કરવાના એક શોખીને થોડા સરસ નમૂના રજૂ કર્યા છે.

**એક** મશ્કરો એક સરકસના અંધારા ભાગમાં પસાર થતો હતો. આસપાસમાં કોઈ નથી એમ એને ખાતરી હતી. રસ્તામાં એક સ્થળે એક મોટો અરીસો હતો. તેની સામે આવી તેણે પોતાની ટોપી ઉતારી અરીસામાંની પોતાની મૂર્તિને છટાથી માન આપ્યું !

**એક** બીજો આવો શખ્સ પોતાના બાગમાં બેઠો બેઠો ઝાડનાં પાંદડાં સોંસરવાં આવતાં સૂર્યનાં કિરણને પોતાની ટોપીમાં જાણે પકડી લઈ, એવી રીતે ભરેલી ટોપી માથે મૂકવા પ્રયાસ કરતો હતો. પણ એ પ્રયત્નમાં સફળ ન થવાથી તે ગુસ્સે થયો, અને તેથી ટોપીને પોતાના ગોઠણ પર પછાડી તુરત માથા ઉપર મૂકી અને વધારામાં પાસે બેઠેલા પોતાના કુતરાને લાત મારી !

લીઓ ટૉલ્સટૉય એક વખત ફરતાં ફરતાં એક પત્થર પર બેસી શિયાળાની ઠંડીમાં તાપી રહેલા એક કાકીડા પાસે આવી ચડતાં, તેમનાથી 'કેમ મઝામાં ?' બોલી જવાયું અને પછી આસપાસ ચોરની નજરથી જોઇ, કોઇ નથી એની ખાતરી કરી, કાકીડા આગળ પોતાના દિલની વાત કરી, 'મને મઝા નથી, યાર !'

એક થીએટરની ઓશરીમાં એક ખૂબસુરત સ્ત્રી આવી અને આસપાસ કોઇ ન હોવાથી ત્યાં ટાંગેલા એક આયના પાસે જઇ, કાળજીથી કપડાં તથા બાલ ઠીકઠીકક રી સ્વગત બોલી 'અને છતાં છેવટે મરી જવાનું !'

એક પાદરીની વાત છે. લોકોને દબદબાભરી વાતોથી ગંભીર બનાવી દેનાર એ બિરાદર પણ એક વખત એકલા પડ્યા ત્યારે કોણ જાણે કેવા તોરમાં આવી ગયા કે પગમાંથી બૂટ કાઢી સામે ફેંકયો અને બૂટને ઉદ્દેશીને બોલ્યાઃ 'લે, જા ! તારાથી જવાય તો જા તો ખરો !' અને પછી થોડી વારે જાણે એ બૂટને પગના વિરહની પૂરી શિક્ષા થઇ ગઇ હોય એમ આસ્તેથી બોલ્યાઃ 'જોયું ! મારા વગર તારાથી કયાંય જઇ શકાય તેમ નથી !'

એવામાં કોઇ ત્યાં આવી ચડ્યું અને 'શું ચાલે છે ?' એવા એના પ્રશ્નના જવાબમાં પાદરી બોલ્યોઃ 'જુઓને, આ જોડો તળીએ સાવ ફાટી ગયો છે. આ લોકો કેવા તકલાદી જોડા બનાવે છે !'

—નવી નજરે

૪

## આપણો દેશ હિંદુસ્તાન.

હિંદુસ્તાનની કુલ વસ્તી ૧૯૪૧ ની વસ્તી ગણતરી મુજબ ૩૮,૮૯,૭૭,૯૫૫ મનુષ્યોની છે.

હિંદુસ્તાનનું ક્ષેત્ર ફળ ૧૫,૮૧,૪૧૦ ચોરસ માઇલનું છે.

આખા જગતમાં દર પાંચ મનુષ્યોએ એક હિંદી હોય છે.

હિંદની વસ્તીનો લગભગ ચોથો ભાગ દેશી રાજ્યોમાં રહે છે. દેશી રાજ્યોની વસ્તી ૯,૩૧,૮૯,૨૪૪ ની છે.

વસ્તીના ૮૯ ટકા મનુષ્યો ગ્રામ્યજીવન ગાળે છે.

હિંદમાં સૌથી વધારે ગીચ વસ્તીવાળો પ્રાંત બંગાળા છે. ત્યાં દર માઇલે ૭૪૨ માણસોની વસ્તી છે.

હિંદમાં સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા વધારે છે. પંજાબ, સરહદ પ્રાંત તથા મુંબઇમાં આ પ્રમાણ ખાસ તરી આવે છે.

બંગાળામાં ખેતી કરતી વસ્તી લગભગ ચાર કરોડની છે. આ માણસો પાસે સરેરાશ ત્રણ એકર જમીન છે.

એક લાખ તથા વધારે વસ્તીવાળા શહેરોની સંખ્યા ૧૯૩૧ માં ૩૫ હતી હતી તે વધીને ૧૯૪૧ માં ૫૮ ની થઈ છે. શહેરમાં રહેતી વસ્તીનું પ્રમાણ આ દસકામાં નવ કરોડ એક લાખથી વધીને સાડાસોળ કરોડનું થયું છે. આ વધારો ૮૧ ટકાનો છે.

બીજા કોઇપણ પ્રાંત કરતાં સંયુક્તપ્રાંતોમાં મોટાં શહેરોની સંખ્યા હમેશાં વધારે રહી છે.

આખા હિંદમાં, ૧૦૦ હિંદીઓ પૈકી ૬૭ હિંદુઓ, ૨૪ મુસલમાનો અને ૬ જંગલી મનુષ્યો હોય છે.

બ્રિટીશ હિંદના કોઇપણ પ્રાંત કરતાં મદ્રાસમાં ખ્રિસ્તિઓની સંખ્યા વધારે છે, ત્યારપછી મુંબઇ અને પંજાબમાં વધારે સંખ્યા છે.

હિંદમાં શિક્ષિતતાનું પ્રમાણ ૧૯૩૧ કરતાં ૭૦ ટકા વધ્યું છે. પુરુષોમાં શિક્ષિતતાનું પ્રમાણ ૬૦ ટકા અને સ્ત્રીઓમાં ૧૫૦ ટકા વધ્યું છે. પ્રાંતોમાં મુંબઇ આગળ પડતો છે. ત્યારપછી બંગાળા આવે છે. પરંતુ સમગ્ર હિંદમાં ત્રાવણકોર તથા કોચીન આગળ પડતા છે. બંને રાજ્યોની એકત્ર વસ્તીનું પ્રમાણ ૪૫ ટકા છે. પુરુષોનું પ્રમાણ ૫૬ ટકા તથા સ્ત્રીઓનું પ્રમાણ ૩૪ ટકા છે. આ ૩૪ ટકાનું પ્રમાણ બ્રિટિશ હિંદના કોઇપણ પ્રાંત કરતાં ચારગણું વધારે છે.

હિંદમાં યુરોપિયનોની સંખ્યા ૧,૩૫૦૦૦ ની છે એટલે કે વસ્તીના દર ત્રણ હજારે એક યુરોપિયન છે.

પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા દક્ષિણ કરતાં ઉત્તરમાં વધારે છે.

આખા જગતમાં, કદાચ સોવિયેટ રશિયાને બાદ કરતાં, કોઇપણ દેશમાં હિંદ જેટલી વિવિધ પ્રજાઓ નથી.

હિંદુ અને મુસલમાનો પછી વસ્તીની મોટી સંખ્યા ખ્રિસ્તિઓની છે. આ સંખ્યા ૭૦ લાખની છે.

વસ્તીની દૃષ્ટિએ બંગાળા હિંદનો મોટામાં મોટો પ્રાંત છે.

આખા જગતના અશિક્ષિતોનો ત્રીજો ભાગ હિંદમાં છે.

ઉપયોગિતાના અનુક્રમમાં હિંદનાં બંદરો નીચે મુજબ છે. કલકત્તા, **મુંબઇ, મદ્રાસ, રંગુન,** કરાંચી, **ચિતાગોંગ અને વિઝાગાપટમ.**

હિમાલયના ઉંચામાં ઉંચા શિખર એવરેસ્ટની ઉંચાઇ શ્રી **રાધાનાથ** સિકદારે શોધી કાઢી છે.

દેશી રાજ્યોનું ક્ષેત્ર ફળ·૭,૧૫,૯૬૪ ચોરસ માઇલ એટલે કે હિંદના કુલ ક્ષેત્રફળનો ભાગ છે.

દેશી રાજ્યોની સંખ્યા ૫૬૨ ની છે.

હિંદની ૭૩ ટકા વસ્તી ખેતી ઉપર આધાર રાખે છે.

આખા જગતમાં **અમેરિકાના યુનાઇટેડ** સ્ટેટસમાં વધારેમાં વધારે રૂ ઉત્પન્ન થાય છે. ત્યારપછી **હિંદ**નો નંબર આવે છે. યુનાઇસ્ટેટસ અને હિંદ મળીને આખા જગતના ઉત્પાદનના ૬૦ થી ૭૫ ટકા રૂ ઉત્પન્ન કરે છે. રૂનો નિકાસ કરવામાં હિંદ બીજે નંબરે આવે છે.

હિંદને જગતની શણનો ઇજારો છે.

મગફળી, એરંડી, અળશી વગેરે તેલ બિયાં ઉત્પન્ન કરવામાં **હિંદ** ઘણે ભાગે પહેલે નંબરે આવે છે.

૫

# હજારો જૈનો છતાં એકે જૈન નથી.

દર દશ વર્ષે તૈયાર થતું હિંદનું વસ્તીપત્રક એક પ્રમાણભૂત દસ્તાવેજ મનાય છે. સરકારી અમલદારોની સાથે સહકાર સાધી પ્રજાસેવકો પણ એમાં ઉમંગથી ભાગ લે છે. એ વસ્તીપત્રક પાછળ પ્રજાના લાખો રૂપિયા ખર્ચાતા હશે, છતાં સો મણ તેલે અંધારૂં કેમ રહે છે તેનો એક ચમકાવનારો દાખલો **મેરઠ** જીલ્લાના **બડૌત** ગામની વસ્તીગણતરીને અંગે બન્યો છે.

આ ગામમાં અઢી ત્રણ હજાર જૈનભાઇઓ રહે છે. દિગંબરો છે, શ્વેતામ્બરો છે, તેમ સ્થાનકવાસી પણ છે. ત્રણ–ચાર મોટા જૈન મંદિરો પણ છે. જૈન ભાઇઓમાંનો મોટો ભાગ કેળવાયલો અને આગળ પડતો છે. દસ બાર જેટલા યુનીવર્સીટીની ડીગ્રી ધરાવનારાઓ તથા વકીલો અને ઓનરરી મારુજીટ્રેટ વગેરે પણ છે. છતાં છેલ્લું વસ્તીપત્રક અમલદારીરીતે કહે છે કે, "**બડૌ**તમાં એકે જૈન નથી."

ત્યાંના વતની એક ભાઈ લખે છે કે, 'થોડા દિવસ ઉપર મને વસ્તીપત્રકના આંકડાની જરૂર જણાઇ. મેં મારા નાનાભાઇને સરકારી વસ્તીપત્રક જોઇને ખાત્રીલાયક આંકડા મોકલવાનું લખ્યું. મને જવાબ મળ્યો. 'આશ્ચર્યની વાત છે કે **બડૌ**તમાં સરકારી વસ્તીપત્રકના આધારે એકે જૈન નથી.' મેં પોતે એ રિપોર્ટ મંગાવીને જોયો તો તેમાં જૈનના મથાળા નીચે માત્ર મીંડાં જ ભાળ્યા. પુસ્તકના નામમાં ભૂલ નથી ને તે ફરીથી જોયું. ખરેખર એ સરકારી રિપોર્ટ જ હતો.

હવે ધારો કે **બડૌ**તમાં સ્થાનિક જૈન–સંઘની એક મોટી સભા મળે અને પાર્લામેન્ટમાં હિંદી વજીર **એ**મરી સાહેબને એ સભા વિષે કોઈ એક સભ્ય તરફથી પૂછવામાં આવે તો હિંદી વજીર ઠંડે હૈયે સંભળાવી શકે કે, '**બડૌ**તમાં જૈનનું એક પણ ઘર નથી. સરકારી વસ્તીપત્રકના આધારે હું હીંમતપૂર્વક કહું છું કે **બડૌ**ત જૈનોની વસ્તી વિનાનું શહેર છે. એટલે પછી જૈનસંઘની સભાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો.' પાર્લામેન્ટના સભ્યોને એ જવાબ સાંભળી મુંગા થઇ જવું પડે.

છેક નાનું ગામડું હોય, રડ્યાખડ્યા જૈનોના ઘર હોય અથવા વેપારના બહાને આવતા-જતા હોય તો વસ્તીસંખ્યા બરાબર ન નોંધાય એ બરાબર છે. પરંતુ અહીં તો ભણેલા-ગણેલા જૈનગૃહસ્થોની સારી જેવી સંખ્યા છે, અને વસ્તીપત્રક થવાનું હતું તે પહેલાં મહિનાઓ થયાં જૈનોએ બરાબર સાવચેત રહેવું એવી મતલબનો પ્રચાર પણ ઢોલ વગાડીને કરવામાં આવ્યો હતો છતાં **બડૌતમાં એકે જૈન નથી નોંધાયો.** સરકારની નજરે હવે દશ વરસ સુધી બીજી ગણતરી ન થાય ત્યાં સુધી "**બડૌતમાં એકે જૈન નથી.**"

બીજું પણ ઓછું અંધારૂં નથી. **બડૌતમાં એકે** શીખનું ઘર નથી, પણ આ સરકારી રિપોર્ટ કહે છે કે અહીં શીખોની સંખ્યા બે હજાર જેટલી છે. સંભવ છે કે ખાનું જ ફરી ગયું હોય. એટલે કે જે વસ્તી નીચે જૈનોની સંખ્યા મૂકવી જોઇએ ત્યાં શૂન્ય મૂકાઇને શીખોના ખાનામાં જૈનોની હજારોની સંખ્યા ચાલી ગઇ. પરિણામે આખા **મેરઠ** જીલ્લામાં શીખોની અપેક્ષાએ જૈનો સંખ્યામાં ગણાયા.

બડૌતના અઢી-ત્રણ હજાર જૈનોનો જે વસ્તીપત્રકમાંથી બકાત રહ્યા તો બીજા શહેરો અને ગામોમાંથી આવા કોણ જાણે કેટલાય જૈનો બકાત રહ્યા હશે. એની સંખ્યા ગણીએ તો કદાચ લાખોની થવા જાય. સરકારી સંખ્યા અને વાસ્તવિક જૈન વસ્તી વચ્ચે આ રીતે મોટો ગોટાળો રહેવાનો.

આને અંગે એ ભાઇએ વસ્તીપત્રક અંગે કામ કરનાર અધિકારીઓની અજ્ઞાનતા વિષે પણ થોડો નિર્દેશ કર્યો છે. તેઓ કહે છે,

"**લખનૌમાં** એક ભાઇ કે જે લોકલ ઓફીસમાં કારકુની કરે છે તેઓ વસતી પત્રકની ગણતરી વખતે મારા ભાઈ પાસે આવ્યા. એમણે ઘરમાં બધાં માણસોનાં નામ લખ્યાં. ઉમ્મર, ધંધા, જાતિ વગેરે પૂછી લખ્યું. ધર્મ વિષે પૂછવાની એમણે તકલીફ જ ન લીધી. મારા ભાઇએ કહ્યું 'મુનશીજી! ધર્મનો પ્રશ્ન તો આપે પૂછ્યો જ નહિ? શું ધર્મનું

ખાતું કાઢી નાખ્યું છે?" જવાબમાં મુનશીજીએ જણાવ્યું. " એમાં પૂછવાપણું શું હતું ! હિન્દુ લખી નાંખ્યું છે."

ભાઇએ આગ્રહ કર્યો, " એ કામ ન આવે. હિન્દુને બદલે તમારે મને પૂછીને જૈન લખવું જોઇએ."

' જૈન હિન્દુ ન ગણાય ! ' મુનશીએ પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવા માંડ્યું. આખરે થોડી રકઝક પછી મુનશીજીએ ધર્મના ખાનામાં જૈન લખ્યું. આ નોંધ લેનારા ભણેલા ભાઇઓ પણ વસ્તીપત્રક અંગેની સૂચનાઓથી સાવ બીનવાકેફ હોય છે. એટલે પણ આવા ઘણા ગોટાળા થવા પામે છે.

[ જૈન : તંત્રી નોંધ. ]

૬

## ધાર્મિક હરિફાઈની આવશ્યકતા.

પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગ અને શિક્ષણના પ્રતાપે આજે ભારતીય જનતામાંથી આત્માભિમાન અને ધર્માભિમાન ઘણા જ શિથિલ થઇ ગયા છે અને તેના લીધે સ્વાભાવિક રીતે જ અમારામાંથી લાગણીઓનો અભાવ થઇ ગયો છે; પરન્તુ જ્યાં સુધી અમારી ઉક્ત સ્થિતિ ન હતી ત્યાં સુધી અમારામાં તેવી લાગણીઓ પણ સતત જાગ્રત હતી. એ લાગણીઓના પ્રતાપે જ અમે અમારૂં વ્યક્તિત્વ ( આર્યત્વ ) અત્યાર સુધી ટકાવી રાખ્યું છે. જેમ રાષ્ટ્રની બાબતમાં એ પરિસ્થિતિ છે તેમ ધર્મની બાબતમાં પણ એ નિયમ લાગુ પડે છે.

પૂર્વના યુગમાં એટલે પાશ્ચાત્ય સંસ્કાર ભાષાના સમાગમમાં આવ્યા પહેલાના સમયમાં આર્યપ્રજામાં ધર્માભિમાન ઘણું સારૂં હતું. એક ધર્મવાળા બીજા ધર્મ પ્રત્યે પોતાની શ્રેષ્ટતા અને મહત્તા દેખાડવા હમેશાં પ્રયત્ન કરતા; જેમાં રાજા મહારાજાઓ પણ ઘણી વખતે અગ્રભાગ લેતા. સ્વયં નૃપતિઓ પોતાના દરબારમાં અનેક દાર્શનિક અને વાચાલ વિદ્વાનોને ઉત્તમ આશ્રય આપતા અને વિદેશી દાર્શનિકો અને વિદ્વાનો આવતા ત્યારે તેમની સાથે રસપૂર્વક વાદવિવાદો કરાવતા અને તેમાં જય પામ-

નારનો અધિક સત્કાર કરી તેને પોતાની પ્રવૃત્તિમાં ઉત્તેજિત કરતા. મતલબ કે, પૂર્વકાળમાં ધાર્મિક ખંડન-મંડન અને દાર્શનિક વાદવિવાદ એ એક મહત્વનું કાર્ય ગણાતું હતું. આ જ પદ્ધતિના બળે અનેક ધર્મો ઉત્કર્ષ અને અપકર્ષ પામી ચૂક્યા છે આવી પરિસ્થિતિના લીધે આજે અમારી બુદ્ધિમાં જો એ પદ્ધતિ ઉપયોગી નહીં જણાય અને તેમ થવામાં કદાચ આધુનિક પરિસ્થિતિ જ મુખ્ય નિમિત્ત હોય તો પણ તેથી એની પ્રતિષ્ઠા તો ન્યૂન થતી જ નથી. માટે તેવી વ્યક્તિઓ અને તેવો ઇતિહાસ જો ઉપલબ્ધ થાય તો તેમનો પરિચય કરવા-કરાવવાની ખાસ આવશ્યકતા છે.

[ પ્રકાશ. ]

❀ તમે ધારો તો ❀
રોજના માત્ર બે પાઈના ખર્ચમાં.

❀ ધર્મ, સાહિત્ય અને સંસ્કારનો ❀
પવિત્ર સંદેશ 'कल्याण' દ્વારા સાંભળી શકો.

❀ સુઘડ છાપકામ, આકર્ષક ગેટઅપ અને ❀
એન્ટીક કાગળો પર ક્રા. ૧૬ પેજી ૩૮ ફરમાઓમાં
૪ ખંડોદ્વારા મનનીય વાંચન.
આ બધું છતાં વાર્ષિક લવાજમ ફક્ત ૪-૦-૦

❀ ચાલુ ગ્રાહકો માટે નવું ભેટ પુસ્તક ❀
'અમૃતનાં ઘૂંટડા' તૈયાર થઈ રહ્યું છે.

# ઇતિહાસ! તારાં વહેતાં વહેણો.

રાજકરણ, સામાજિક, યા ધાર્મિક; ભૂતકાલની અને વર્તમાન કાલની દેશ–પરદેશની છૂટીછવાઈ ઐતિહાસિક કડીઓ રજૂ કરવાપૂર્વક, તેને અંગેનું સમયોચિત યોગ્ય માર્ગદર્શન આ કંડિકાઓ દ્વારા પ્રગટ થતું રહ્યું છે.

**રોઈટરના** એક સંદેશો સમાચાર આપી જાય છે કે, **જા**પાન અને **અ**મેરિકા વચ્ચેની લડાઈ શરૂ થયા પછી, ઠેઠ ૧૯૪૪ ની આખર સુધીમાં અમેરિકાએ લગભગ ૪૦૭૫૦૦૦ ટનના ૧૪૦૦૦ **જા**પાની જહાજો ડૂબાડ્યા છે. અને ૧૦૦૦ જાપાની વિમાનો ખલાસ કર્યા છે. ૮૧૭૦૦૦ ચોરસ માઇલમાંથી જાપાનીઓને ખસેડ્યાં છે, આમ કરવામાં **અ**મેરિકાના ૨૯૦૦૦ માણસો યુદ્ધ કેદીઓ બન્યા છે, અને ૩૦૫૦૦ ઘાયલ થયા છે. **અ**મેરિકાના નૌકાયુદ્ધ ખાતાને ૯૪ અબજ ડૉલર કુલ ખર્ચ થયો છે. અને **અ**મેરિકાએ પોતાના લશ્કરી બલમાં એક ક્રોડ ત્રણ લાખ ટનના જહાજ તેમજ ૬૨ હજાર વિમાનો બાંધ્યાં છે—**આ** બધો સંહાર, આટલો લખલૂટ ખર્ચ શા માટે? કેવળ માનવીય મહત્ત્વાકાંક્ષા કેટકેટલો કેર વર્તાવે છે? એ આજના વિશ્વયુધ્ધે જગતને બોધપાઠ આપ્યો છે. પરસ્પરની મહત્ત્વાકાંક્ષાઓમાંથી આ ભયંકર યુદ્ધનો રોગચાળો ફાટી નીકળ્યો છે, કે જેના જીવલેણ ચેપથી કોઇ બચી શકયું નથી.

**જ**ર્મનીએ આ વિશ્વયુદ્ધમાં 'V' નંબર '૨' નામનું એક **રો**કેટ વિમાન ઉપયોગમાં લીધું હતું. જગતના સર્વશ્રેષ્ઠ ગણાતા **જ**ર્મનના વૈજ્ઞાનિકોની આ છેલ્લી શોધ હતી, જેની સત્તાવાર વિગતો આપતાં **ન્યુસ** એજન્સીઓ કહે છે કે, 'આ **રો**કેટ વિમાન, વગર વિમાનીએ આકાશમાં ગતિ કરે છે, તેનું વજન આશરે ૧૨ ટન હોય છે, તેની

અંદર ૨૦૦૦ રતલ દારૂગોળો ભરેલો હોય છે, આ વિમાનની ગતિ દર કલાકે ૩૦૦૦ માઇલની ગણાય છે. તેની લંબાઇ ૪૬ ફીટ અને તેનો વ્યાસ ૫½ ફીટનો છે. તેની પાછળ તેલની બે ટાંકીઓ હોય છે. આ વિમાનોને બહારની હવાનો સ્હેજ પણ આધાર લેવો પડતો નથી. જ્યાં બિલકુલ હવા ન હોય તેવા ઊંચા સ્થળોએ પણ આ રોકેટ કામ આપી શકે છે. રોકેટને જ્યારે છોડવામાં આવે છે ત્યારે તેઓ સીધા ઊંચે ચઢે છે. અને તેઓ ૬૦ માઇલ સુધી આકાશમાં જાય છે.—જર્મનીના જગ-પ્રસિદ્ધ વૈજ્ઞાનિકોની આ સંહારક શોધ, જે કેવળ ભયંકર નાશ, ખૂનરેજી, અને સંહારના મહાપાપોથી જગત પર–યૂરોપની ધરતી પર વર્ષોના વર્ષો સુધી કાળો કેર વરસાવી રહી છે, તે જ શોધનું અન્તિમ આજે જર્મનીના પોતાના જ ભયંકર નાશમાં પરિણમ્યું છે. જર્મનીનો સર્વસત્તાધીશ એડૉલ્ફ હીટલર, પ્રચારમંત્રી ગોબલ્સ, કે જનરલ ગોરીંગ, અને હેન્રી હીમલર આ બધાને આવી વૈજ્ઞાનિક શોધો ન જ બચાવી શકી એ જ કહી આપે છે કે, ખાડો ખોદે તે પડે, માટે જ આપણે આજે પોતાની જાતને વિશ્વવિજેતા માનનાર ચર્ચીલ, સ્ટેલીન અને ટ્રુમેનને કહીશું કે, જો જો! સંભાળજો! ખાડો ખોદવાનું ગેરડહાપણ ન કરતા!

તા. ૧૭–૫–૪૫ ની અખબારી યાદી, જે ન્યુ દીલ્હી ખાતાની હિન્દી સરકાર તરફથી પ્રગટ થઇ છે; તેમાં જણાવવામાં આવ્યું છે કે, 'મુંબઇના 'માતૃભૂમિ' પત્રમાં પ્રગટ થયેલા હિંદી વજીર શ્રી એમરી અને જ. ઝીણા વચ્ચે ૧૯૪૪ના જુલાઇથી ઓકટોમ્બર સુધી ચાલેલા કહેવાતા પત્રવ્યવહાર તરફ શ્રી એમરીનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. જવાબમાં હિન્દી વજીર જણાવે છે કે, 'આ પત્ર વ્યવહાર બનાવટી છે. આ સમય દરમ્યાન કે કોઇપણ વખતે પ્રગટ કરાયેલા પત્રોમાં જણા-વાયેલા અર્થમાં એમની અને જ. ઝીણાની વચ્ચે કોઇ જ પત્રવ્યવ-હાર થયો નથી.' આના અનુસંધાનમાં 'માતૃભૂમિ'ના તંત્રી શ્રી ચીમનલાલ શાહ એક નિવેદનમાં જણાવે છે કે, 'ઉક્ત પત્રવ્યવહાર બનાવટી હતો એ શંકા વિનાની વાત છે. એ પ્રગટ કરવા બદલ અમે

ખરેખર દિલગીર છીએ અને જે બની ગયું છે તે બદલ અમે જ. ઝીણા અને શ્રી એમરીની ક્ષમા માગવાની અમારી ફરજ માનીયે છીએ. '– આનું નામ માથું વાઢ્યા પછી પાઘડી બાંધવાનું ડહાપણ ! બાકી બનાવટોનાં બજારોમાં આજકાલ ખૂબ જ હરિફાઇ ચાલુ થઇ છે. સામાજિક, રાજકીય અને ધાર્મિક દરેક બાબતોમાં તેના નાયકોના બનાવટી અક્ષરોના પત્રવ્યવહારો દ્વારા મેલી રમતો રમાઈ રહી છે. લાગ્યું તો તીર નહિતર થોથું. આ રીતે છાપાની દેવડીએ ચઢીને કોઇપણ ક્ષેત્રમાં જાહેર આગેવાનો ગણાતાની સ્હામે ફાવે તેમ પ્રચાર કરવાનો આ યુગ છે. કહેવાતા વાણી સ્વાતંત્ર્યના નામે કેવા ગજબ જૂઠાણાઓ નભી રહ્યા છે ! સમય ! ત્હારી બલિહારી !

એક યુદ્ધ યાદીદ્વારા જાહેર કરાયું છે કે, બ્રીટન અને ઈટાલી મધ્યેના બ્રીટન વિમાનોએ આ યુદ્ધ દરમ્યાન જર્મની અને જર્મન કબ્જાના પ્રદેશો પર કુલ્લે ૯ લાખ ૮૬ હજાર ટન બોમ્બો ફેંક્યા હતા. જ્યારે અમેરીકન વિમાનોએ ૮ લાખ ૯૧ હજાર ૫૦૦ ટન બોંબો ફેંક્યા હતા. સહુથી વધુ બોમ્બમારો ગઇ સાલમાં એટલે ૧૯૪૪ માં બન્ને સરકારોએ કર્યો હતો; જ્યારે રશિયાએ કરેલો બોમ્બમારો જૂદો– આ રીતે લાખો મણના બોમ્બોની અગ્નિવર્ષાનો સતત ધસારો કરવા છતાં વિશ્વશાંતિ હજુસુધી જન્મી શકી નથી એ શું સૂચવે છે ? યૂરોપની ધરતીને આ રીતે લોહીથી રંગી નાખનારા વિજયોન્મત્ત માન્ધાતાઓએ સ્હમજવું જોઇએ કે, જ્યાં સુધી આસુરી લાલસાઓ, મહત્વાકાંક્ષાઓ અને નિર્બળોની છાતી પર પગદંડો જમાવવાની પાપમલિન વૃત્તિઓ જીવતી જાગતી રહેશે ત્યાં સુધી શાન્તિ, સુલેહ કે વિજયની વાતો કેવળ તકલાદી અને પોકળ રહેશે. એક, પછી જેમ બીજું, તેમ ત્રીજું વિશ્વયુદ્ધ પોતાનો કાળમુખો પંજો ઉપાડી જગતની નિર્દોષ પ્રજાના લોહીને ન ભરખી લે તે રીતે હાલના તબક્કે દૂરંદેશીપણું દાખવવામાં આવે તો કેવું સારું !

ચાલુ વિશ્વયુદ્ધમાં વિજય મેળવ્યાની ઉજવણીના દિવસે, પાર્લામેન્ટની

સભામાં ભાષણ કરતાં બ્રિટીશ વડા પ્રધાન શ્રી **ચર્ચિલે** આયર્લેન્ડ અને તેના પ્રમુખ દ'**વેલેરાને** એ ભાવનું સંભળાવ્યું હતું કે, 'આપણી તંગ પરિસ્થિતિમાં તટસ્થ રહીને **આયલેન્ડે** ગંભીર ભૂલ કરી છે, જ્યારે આપણું ભાવિ જોખમમાં હતું, ત્યારે આ રીતે રહેવું એ કોઈ રીતે યોગ્ય નથી. આપણે ધારત તો તે દેશની આ નીતિનો અંત આણી શકત. આપણા બ્રિટનની સલામતી ખાતર તેને યુદ્ધમાં ખીંચી શકત.'—આના જવાબમાં દ'**વેલેરાએ** સ્પષ્ટ શબ્દોમાં બ્રીટનના વડા પ્રધાનને કહી દીધું હતું કે, 'યુદ્ધના વિજયની ઉજવણી કરતાં શ્રી **ચર્ચીલ** આયર્લેન્ડને નથી ભૂલી શક્યા. યુદ્ધ દરમ્યાન અમારા રક્ષણ માટે અમને જે યોગ્ય લાગ્યું તે પદ્ધતિયે અમે કાર્ય લીધું છે, 'દેશને માટે શ્રી **ચર્ચિલ** બધું કરી શકત' એ વાત સાચી છે, એઓએ એમ ન કર્યું એ એમને માટે ગૌરવરૂપ છે, પણ મારે કહેવું જોઇએ કે, જે વેળા જર્મન લશ્કર એક પછી એક દેશ જીતી ઠેઠ ઇંગ્લાન્ડના નાકા સુધી વિજળી વેગે કૂચ કરી રહ્યું હતું, અમેરીકાએ યુદ્ધ જાહેર કર્યું ન હતું, તે સમય દરમ્યાન બ્રિટને જે સ્થિતિ પસાર કરી, તેના કરતાં કપરી સ્થિતિ **આયર્લેન્ડે** પોતાના દેશની ખાતર વેઠી છે અને વિજય મેળવ્યો છે. તે તેના માટે મહાન્ ગૌરવરૂપ છે.'—**અહું** અને મમનું તાંડવ ભલભલા ડાહ્યાઓને કઇ રીતે નચાવી રહ્યું છે તે શબ્દોની આ સાઠમારીમાંથી આપણને જાણવાનું મળે છે. સૌને પોત–પોતાના દેશની ખાતર સઘળું કરી છૂટવાની ધર્મ ફરજ માની લઇએ તો આ સંહારક યુદ્ધો શું ધર્મ્ય તેમજ ઉચિત ગણી શકાયને? સાચે આ આખો ઉટડો ઊંધી દિશામાં જ જઇ રહ્યો છે. જેનું ભાન આ ડાહ્યા મુત્સદ્દીઓને રહેવા પામ્યું નથી! **मोहान्धानां गतिरिदृशी ॥**

ટોકીઓ (જાપાન)ના એક સ્ટેશનમાં એક કુતરાનું બાવલું છે. માણસોના–પ્રતિષ્ઠિત અને જાહેર ગણાતાઓના પુતળા કે બાવલાઓ હોવા સંભવિત છે, અને એની પૂંઠે એ વ્યક્તિની કોઇ ને કોઇ મહત્તાનો ઇતિહાસ સંકળાયેલો હોય છે. પણ કુતરાનું આ બાવલું વિચિત્ર ગણાય,

તેમ બાવલું આ બાવલાની પૂંઠે પણ એ અસાધારણ વફાદારીનો કડીબદ્ધ ઇતિહાસ પણ વિચિત્ર છે. આ કુતરો કે જેનું નામ '**મીડે**' હતું, તે ઇંપીરીયલ યુનિવર્સિટીના પ્રોફેસર '**યુએનો**' નો પાળેલો વફાદાર પહેરેગીર હતો. પ્રોફેસર યુનિવર્સિટીમાં જતા ત્યારે તે કુતરો તેની સાથે સ્ટેશન સુધી જતો અને સાંજે પાછો તે પોતાના શેઠને લેવા સ્ટેશને જતો. પણ એક દિવસ કુતરો સાંજે પોતાના સાહેબને લેવા સ્ટેશને આવ્યો છતાં પ્રોફેસર ગાડીમાંથી ન ઉતર્યા કેમકે તે દિવસે યુનિવર્સીટીમાં જ પ્રોફેસરનું હાર્ટફેલથી મૃત્યુ થયું હતું, અને છતાં કુતરાએ દરરોજ સાંજે ગાડી પર સ્હામે જવાનો ક્રમ ચાલુ રાખ્યો. આ રીતે સતત આઠ વર્ષ સુધી કુતરાએ પોતાની વફાદારીનો ધર્મ બજાવ્યો. અને પછી એનું મૃત્યુ થતાં એની વફાદારીની આ વાત સમગ્ર **જા**પાનમાં ફેલાઈ. જનતાના હૃદય પર આ વાતે એવી અસર નીપજાવી કે, જાહેર ફંડ કરી તેના નાણામાંથી, જ્યાં કુતરો હંમેશા પોતાના સાહેબની રાહ જોતો હતો ત્યાં એનું બાવલું ઊભું કરવામાં આવ્યું—કુતરાની વફાદારીનું આટ-આટલું મૂલ્ય આંકનારા માનવપ્રાણિઓ આજે ધોળે દિવસે ભર બજારે પોતાની વફાદારીને વેચી રહ્યા છે એ ઓછું શરમજનક છે ! પોતાની જાત પર અસંખ્ય–અનન્ત ઉપકારો કરનાર ધર્મ, ધર્મગુરુઓ, ધર્મની પવિત્ર સંસ્કૃતિ કે ઉપકારી વડીલ વર્ગની વફાદારી વિસરી પોતાનાં કલ્પિત સુખો કે સગવડોની ખાતર અનેક પ્રકારના અધર્મો, અન્યાયો અને અનાચારો આચરી રહેલી માનવજાત આમાંથી થોડો ઘણો બોધપાઠ શીખશે ને !

કેટલીક વેળાયે એવું બને છે કે, 'જે માણસ અમુક વસ્તુમાં ઘટિત સુધારો કરવાને પ્રયત્ન કરે અને સૂચનાઓ કરે તે કારણે તેના નામથી જ આખી વ્યવસ્થા પ્રસિદ્ધ કરવામાં આવે છે. જ્યારે સૂચના કરનારો પેલા ડાહ્યા માણસને આ વસ્તુ બિલકુલ સમ્મત જ ન હોય, એને આ હકીકત ઊલટી બિલ્કુલ પસંદ જ ન હોય.' આ માટે **ફ્રાન્સ**ના ઇતિહાસમાં ડૉ. **ગ્વીલો**-ટીન નામના ભલા માણસને અંગે બનેલી હકીકત જાણવા જેવી છે. હકીકત આમ છે કે, 'જ્યારે **ફ્રાન્સ**માં ક્રાન્તિ થઇ ત્યારે આ ડૉ. **ગ્વીલો**ટીન,

લોકપ્રતિનિધિ સભાનો સભ્ય બન્યો. **ફ્રાન્સ**માં આ વેળાએ મોતની સજાને લાયક ગુન્હેગારોમાં ઊંચ–નીચના ભેદ રાખવામાં આવતા, અને ઊંચા વર્ગના માણસને તલવારના ઝાટકાથી મારવામાં આવતો ત્યારે નીચા વર્ગના માણસને રીબાવી–રીબાવી ફાંસી અપાતી. ડૉ. **ગ્વીલો**ટીને આ પ્રથા સ્હામે પોકાર ઉઠાવી એક એવો ધારો પસાર કરાવ્યો કે મોતની સજાના બધા પ્રસંગોમાં કોઇ પણ પ્રકારના ભેદ વિના યંત્રની મદદથી જ ગુન્હેગારનું માથું ઉડાવી દેવું જેથી તેને ઓછામાં ઓછું દુ:ખ થાય ' આ ધારાના કારણે ત્યારના રાજાએ પોતાના સર્જન '**લૂઇ**' પાસે આવું એક યંત્ર તૈયાર કરાવ્યું. લોકો એ યંત્રને '**લુઇટે**એ'ના નામથી ઓળખતા હતા પણ ત્યારબાદ આ યંત્રની વકીલાત કરનારા પેલા દયાળુ ડૉ. **ગ્વીલો**ટીનના નામથી આ યંત્ર પ્રસિદ્ધ થયું. મૃત્યુના દૂત જેવા આવા યંત્રની સાથે પોતાનું નામ ન જોડાય એ માટે ડૉ. **ગ્વીલો**ટીને ત્યારબાદ ઘણા પ્રયાસો કર્યા પણ લોકોના મ્હોંઢે ચઢી ગયેલું એ ભલા ડૉકટરનું નામ આજે પણ મૃત્યુ દંડની સજા પામેલા કેદીઓને મૃત્યુની ભયંકર યાતનાઓ નજર સ્હામે તરવરતી કરી રહ્યું છે.–**સાચે** જ દુનિયા અપ્તરંગી છે, ગમે તેને માટે ગમે તેવી હકીકતો જોડી દેતાં આંચકો ખાતી નથી. ડાહ્યાઓએ માટે જ કહ્યું છે, દુનિયાને મ્હોંઢે ગળણું નથી કે ગળી–ગળીને વાતો કરે. આવી દુનિયાની બહુમતિથી જે દોરવાય તેને છતી આંખે આંધળાની જેમ દોરવાતા જ રહેવાનું.

ઈ. સ. ૧૮૬૦ માં **અ**મેરિકાના પ્રેસિડેન્ટની જગ્યા માટે બે ઉમેદવારોમાં એક **અબ્રાહમ** લિંકન હતો, તેનો પ્રતિસ્પર્ધી પોતા માટે મત જીતવા તનતોડ મહેનત કરી રહ્યો હતો, એ વખતે એ પ્રતિસ્પર્ધીના એક શાગિર્દે **લિં**કનને આમ જનતાની નજરે ઉતારી પાડવા માટે લોકોને જણાવ્યું કે, '**લિં**કનમાં જો કોઇ મહત્ત્વની યોગ્યતા હોય તો તે ફક્ત લાકડાં ફાડવાની છે, બાકી તેનામાં કોઈ ઉચ્ચ કેળવણી નથી.' **લિં**કન અને તેના અનુયાયિઓએ આ વાત ઉપાડી લીધી અને 'લાકડાં કાપનાર **લિં**કનને મત આપો.' આ રીતે **લિં**કનની તરફેણમાં

પ્રચાર કર્યો. પરિણામે એના પ્રતિસ્પર્ધિઓના હાથ હેઠા પડ્યા, અને **લિં**કન પ્રેસીડેન્ટની ચૂંટણીમાં જીતી ગયો–**વિ**રોધી કે પ્રતિસ્પર્ધી વર્ગના જોરને નરમ પાડવાનો આ એક ઉપાય છે. તેઓ જે કાંઈ કરે કે કહે તેને ઝીલી લઇ ક્રોધને કે રોષને જીતી નરમ બની રહેવું, આ જ એક તમારા પ્રતિસ્પર્ધી વર્ગને નરમ બનાવવાનો માર્ગ છે. તમારા વ્યક્તિગત પ્રચારને સ્હેજ પણ વજન આપશો તો સ્હમજી જવું કે તમે હાર્યા અને તમારો વિરોધ કરનાર જીતી ગયો.

છેલ્લો તા. ૨૨–૫ ૪૫ નો અખબારી સંદેશો જગતને સંભળાવી રહ્યો છે કે, 'વિશ્વયુદ્ધ હજુ શમ્યું નથી, **જર્મ**ની હાર્યું છે પણ **જર્મ**નીને બંડખોર બનાવનાર ફાસીઝમનું ઝેરી તત્ત્વ હજુ જીવતું છે. ત્રણે માંધાતાઓ વચ્ચે હજુ પરસ્પર અવિશ્વાસ ચાલુ છે, **પો**લાંડનો સવાલ ઉકેલાતો નથી, **જર્મ**નીના કબજાનો સવાલ ઉકળતો પડ્યો છે, **ઓ**સ્ટ્રીયા અને **ટ્રી**એસ્ટેમાંની **ર**શિયન નીતિ નથી સમજાતી, બ્રિટીશ સેનાપતિ ફીલ્ડ માર્શલ **એ**લેક્ઝાંડર અને યુગોસ્લોવ સેનાનાયક **ટી**ટો–બન્ને વચ્ચે તીખા નિવેદનો પ્રસિદ્ધ થઇ રહ્યા છે. બાલ્કન અને બાલ્ટીક પ્રદેશો પર પથરાએલો રશિયાનો સત્તાદોર હજુ નરમ પડતો નથી અને સાનફ્રાન્સિસ્કોમાં શરૂ થયેલી શાન્તિ પરિષદનું નાવ ૨૫–૨૫ રાત્રિ–દિવસો પસાર થવા છતાં હજુ કિનારે આવ્યું નથી.' **સિ**રીયા અને બીજા **આર**બ દેશોનો ચરૂ ઉકળતો પડ્યો છે.—**આ** બધી અશાંત પરિસ્થિતિ માટે કોણ જવાબદાર? આનો સીધો અને સાદો એક જ જવાબ: મહત્ત્વાકાંક્ષા, પરિગ્રહવૃત્તિ, તેમ જ વેરનો બદલો વેર આ પ્રકારનું કિન્નાખોર માનસ: આના પરિણામે યૂરોપની ધરતી પર ત્રીજો પાણિપતનો જંગ ક્યારે પ્રગટશે એ કહેવું અશક્ય છે. આજની લડાઇનો ઇતિહાસ જોતાં કહી શકાય કે, બળ અને હિંસાના જોરે કૂદતી સત્તાઓએ આ યુદ્ધો ઊભા કર્યાં છે. આની સ્હામે યુદ્ધોને જીતી લેવાનો એક જ માર્ગ છે. નિઃશસ્ત્રીકરણ અને સૈન્ય વિસર્જન: તો જ શાંતિના સ્વપ્નાઓ ફળશે અને શાન્તિ જન્મી, જીવી, સ્થિર થઇ શકશે.

છેલ્લી શોધ પ્રમાણે જાણવા મળે છે કે, ૧૪ કલાક અને ૪૭ મિનિટના સમયમાં **લંડનથી** કરાંચી વિમાન આવ્યું. તે વિમાનનું નામ '**મોસ્કવીટ**' હતું, અને એને હાંકનાર **એમીમોલીસન** અને એનો પતિ હતો. ૪૫૬૬ માઇલનું અંતર આટલા સમયમાં કાપનાર હિન્દમાં આવેલું આ પહેલું જ વિમાન છે.—**વિજ્ઞાનની** આટલી બધી પ્રગતિએ દુનિયામાં એવી કઇ અલૌકિક ભેટ ધરી છે? બસ, આવી દોડાદોડ, નાશભાગ અને મારામારી કે કાપાકાપીના કામોમાં રેકર્ડો તોડનાર આવી વૈજ્ઞાનિક શોધોમાં ભારતીય સંસ્કૃતિના પ્રાચીન આર્ષદ્રષ્ટાઓને રસ નહોતો તે સકારણ છે. એ આપણા ઋષિપુરુષો બુદ્ધિ, શક્તિ અને સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર **ત**પસ્વી મહાત્માઓ હતા. આથી એઓએ પોતાની શોધોદ્વારા જગતમાં જીવાડવાનો–જીવવાનો મંત્ર આપ્યો. આજે વિજ્ઞાનની શોધખોળોએ એનાથી ઊલટું મરવાનો અને મારવાનો મંત્ર શીખવ્યો. એકના પરિણામે જગતમાં ધર્મ, ન્યાય, પાપભીરુતા આદિ વધતું હતું; જ્યારે બીજાના પ્રભાવે અધર્મ, અન્યાય અને અનાચારો વધી રહ્યાં છે.

હિન્દી સરકારની ૪૩–૪૪ માં ૨૮૪ ક્રોડની આવક હતી. આમાં નફાખોરીની રકમ ૭૮ ક્રોડની જ્યારે ૨૦૬ ક્રોડની ગંજાવર રકમ બાકીની પ્રજાના મોટા ભાગની છે—**યુદ્ધના** આ વર્ષો દરમ્યાન રાજા અને પ્રજાની આ ધૂમ કમાણી યુદ્ધમાનસ–ઝઘડાખોર માનસ ઊભું કરે કે સજીવ રાખે એમાં નવાઇ નથી. યુદ્ધનો દાનવ યુદ્ધપ્રિય વાતાવરણ જીવતું રાખવા માટે આ રીતે લોકોનાં માનસમાં પોતાનું વર્ચસ્વ મૂકી જાય છે. આથી આ વાતાવરણમાં પૈસો પેદા કરનાર તેમજ સંઘરી રાખનારા લોભી માનવો નવા વિશ્વયુદ્ધના વૃક્ષને સીંચીને લીલુંછમ બનાવી રહ્યા છે. આહાર તેવો ઓડકાર એ કહેવત મુજબ જ્યાં સુધી યુદ્ધની નફાખોરીમાંથી પેદા કરેલ પાપાનુબન્ધી પુણ્યવાળું ધન એઠું છે ત્યાં સુધી ઇર્ષ્યા, વૈર, મહત્ત્વાકાંક્ષા, માનની ભૂખ, લોભનો રોગાચારો, નિર્બળોને દંડવાની મનોવૃત્તિઓ ઇત્યાદિ પાપો ધરતીના પટ પર ચક્કવા લીધા જ કરશે, જે વિવેકશીલ ધર્માત્માઓ હશે તે જ આનાથી બચી શકશે !

૧૯૪૪ની આખરે, બ્રિટીશ લશ્કર કચેરીએ એક યુદ્ધ યાદી બ્હાર પાડી આ મુજબ પોતાની સ્થિતિની ચોખવટ કરી છે. આ યુદ્ધ યાદીમાં જણાવ્યું છે કે, યુદ્ધની શરુઆતથી અત્યારસુધી દેશમાં ૧ ક્રોડ ૩૦ લાખ મકાનોમાંથી ૪૫ લાખ મકાનોને નુકશાન પુગ્યું છે. ૫૫૦૨ કારખાનાંઓને ઘણું નુકશાન થયું છે. ૧૦ લાખ ૭૬ હજાર સૈનિકો માર્યા ગયા છે. ૫૭ હજાર નાગરિકો બીનલશ્કરી માણસો મર્યા છે. ૧ ક્રોડ ૧૫ લાખ ટનના જહાજો નાશ પામ્યા છે. ૭૦ ટકા નિકાસ વ્યાપાર ઘટ્યો છે. પરદેશ ખાતેની ૬ ક્રોડ ૫૦ લાખ પાઉન્ડની અસક્યામતો વેચી છે. ૨૦ અબજ ૩૦ લાખ પાઉંડ દેવું થયું છે. લડાઈની શરૂઆત થયા પછી બ્રિટીશ સરકારને આટઆટલી નુકશાની વેઠવી પડી છે. જ્યારે બ્રીટીશ સરકાર પાસે ૧૯૪૪ ના ડીસેમ્બરની શરૂઆતમાં ૪૫ લાખનું લશ્કર, ૪૦ લાખ મશીનગન, ૮ અબજ ટન દારુગોળો, ૩૫ હજાર તોપો, ૭૨૨ મોટા જહાજો, ૫૦૨૨ ન્હાના જહાજો, ૫ હજાર નૌકા તોપો, ૧૦૨૦૧૮ વિમાનો, તેમજ ૨૫૦૦૦ ટેંકો આટલું લશ્કરી બળ, શસ્ત્ર સરંજામ વગેરે હતું.—યુદ્ધો લડી લડીને આટ—આટલી ભયંકર ખુવારી વેઠનારા આ બધા મહારાજ્યો, પોતાના સંહારક રાક્ષસી લશ્કરી બલથી જગતની સ્હામે—પ્રતિપક્ષી રાજ્યોની સ્હામે લડવા—ઝઘડવાનું તજી દે, મહત્ત્વાકાંક્ષાઓને મારે તો જ આ બધી નુકશાનીનું પુનરાવર્તન ફરી ન થવા પામે! પણ આ બધું બની શકવું શું શક્ય છે? હિટલર ગયો, હિમલર ગયો કે ગોબલ્સ ગયો; તેમ જ બીજા નાઝી આગેવાનો છે તે નામશેષ જેવા; છતાં પણ સત્તા કે સામ્રાજ્યની ભયંકર ભૂખ જીવતી છે એટલે હિટલર મર્યો એની કિંમત નથી, કારણ કે, ધરતીના પટ પર હજુ લાખ્ખો કે કરોડોની સંખ્યામાં સવાઈ હિટલરો ઊભા છે. અને એ સ્થિતિ છે ત્યાંસુધી પૃથ્વી પર શાન્તિ, સમાધિ, સંતોષ ઇત્યાદિ ગુણો જન્મી શકવાના નથી. તેમ જ યુદ્ધોનું વાતાવરણ શમવાનું નથી. ભલે ગમે તેટલું અબજોની સંખ્યાનું લશ્કરી બળ કે ક્રોડો ટનનો શસ્ત્ર સરંજામ હોય!

ઈસ્લામ ધર્મના જબરજસ્ત પ્રચારક ' મહમદ પયગંબર 'ના જીવન-

તે સ્પર્શતી એક ફીલ્મ કોઈ અમેરિકન ફીલ્મ કંપની તૈયાર કરી રહી છે.' આ કહેવાતા સમાચાર હિન્દુસ્તાનમાં વસતી મુસ્લીમ પ્રજામાં ફરી વળતાં ઠેર ઠેર એનો વિરોધ થયો હતો, અને બ્રિટીશ સરકારને ખાસ આગ્રહ કરવામાં આવ્યો હતો કે, 'મહમદ પયગંબર'ની ફીલ્મનું કામકાજ અમેરિકન સરકાર બંધ કરાવે. ઇસ્લામ ધર્મમાં માનનારી પ્રજાની આ પ્રામાણિક માગણીનો જવાબ, મુંબઇ સરકારે દીલ્હીની સરકારના સંપર્કને સાધી આ મુજબ આપ્યો છે; છાપાઓ જોગી યાદી બહાર પાડતાં મુંબઇ સરકારે જણાવ્યું છે કે, 'કોઈ અમેરિકન ફીલ્મ કંપની મહમદ પયગમ્બરના જીવન પરથી ફીલ્મ ઉતારનાર છે'—આ રીતે છાપાઓમાં આવેલા સમાચારો તરફ મુંબઇ સરકારનું ધ્યાન ખેંચાયું છે તેથી જણાવવાનું કે, 'મુંબઇ સરકારને સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું છે કે, યુનાઇટેડ સ્ટેટસની કોઇ પણ જાણીતી ફીલ્મ કંપનીઓએ આવી કોઇ ફીલ્મ તૈયાર કરવાનો વિચાર સુદ્ધાં કર્યો નથી'.

પોતાના ધર્મ પ્રત્યેની સાચી અને પ્રામાણિક લાગણી તે આ! ધર્મના નાયકો પ્રત્યેનું હાર્દિક બહુમાન આ લાગણીમાં રહેલું છે. ઇસ્લામ ધર્મમાં માનનારા તે ધર્મના અનુયાયીઓની ધર્મ તરીકે ગણાતી દરેક પ્રવૃત્તિઓમાં આપણે સમ્મત ન જ હોઈ શકીએ એ બરોબર છે; પણ તેઓની આ ધાર્મિક લાગણીની પ્રામાણિકતાને આપણે જરૂર આવકારીએ. પોતપોતાના ધર્મ, ધર્મનાયકો કે ધર્મસ્થાપકોના જીવનનો વધુ પ્રચાર થાય એમ સહુ કોઈ તે તે ધર્મમાં માનનારાઓની ભાવના બેશક હોવી જોઇએ, પણ પોતાના તે તે પૂજ્ય પુરુષોના જીવનનો ચાળો કરવા ઊભા થયેલા એ પગારદાર ફીલ્મી સ્ટારો જેનાં જીવનમાં પવિત્રતા, સંયમ, મર્યાદા કે સંસ્કારિતાનો છાંટો પણ નથી—આવાઓને આપણા એ પૂજ્ય મહાપુરુષોનાં જીવનની સાથે અડપલાં કરવાની છૂટ આપણાથી આપણી શક્તિ હોય તો કેમ અપાય?

મહાપુરુષોનાં જીવનની પ્રવૃત્તિઓના અડપલા કે ચેનચાળા કરનારા આ વેશ્યા તેમજ વીટ જીવન જીવનાર સ્ત્રી-પુરુષોને યા તેમાંથી ધૂમનફો

ખાતી પગારદાર ફીલ્મ કંપનીઓને શું આપણાથી ઉત્તેજન આપી શકાય ખરૂં કે? એની સ્હામે ઠેરઠેર વિરોધ ઊભો કરી આ રીતે પ્રામાણિક ધાર્મિક વૃત્તિને આઘાત પહોંચાડનારા ચિત્રપટો કેમ બંધ ન કરી શકાય? ખરી હકીકત એ છે કે, હિન્દુસમાજ આજે અરાજક જેવી દશા ભોગવે છે. ધર્મશ્રદ્ધા, ધાર્મિકતા કે ધર્મની સાચી વફાદારી ને હિન્દુસમાજ દિવસે દિવસે ભૂલતો જાય છે. આ જ કારણે ભારતની ભવ્ય ભૂમિમાં ધાર્મિક, નૈતિક અને સામાજિક દૃષ્ટિયે હિન્દુ સંસારે જે અધ:પતનનો અવળો રાહ સ્વીકાર્યો છે–જાણી જોઇને હિન્દુ સંસારની સાંસ્કારિક દૃષ્ટિને હિન્દુસમાજે જે રીતે ગુમાવી દીધી છે, તે ન વર્ણવી શકાય તેટલી હદે દુ:ખનો વિષય છે. ભાષા, વેશ, ખાનપાન, રીત–રિવાજ વગેરેમાં ઘરનું ગુમાવી, પારકું ઘરમાં ઘાલનાર આ હિન્દુસમાજ જ છે, એમ આજનો રચાતો ઇતિહાસ બોલી રહ્યો છે.

ધાર્મિક બોલપટના નામે આજે હિન્દુસમાજના મહાન પૂજ્ય પુરુષોની લાજ દુનીયાના વિલાસી અને નખરાબાજ સ્ત્રી–પુરુષો લૂંટી રહ્યા છે. '**રા**મરાજ્ય' '**ભ**રત મીલાપ' '**શં**કર પાર્વતી' આ અને આના જેવા ચિત્રો ઉતારી, **રામ**, **કૃ**ષ્ણ, **શં**કર કે **પાર્વ**તી, **સી**તા કે **દ્રૌ**પદી જેવા હિન્દુસમાજના પવિત્ર મહાન આત્માનાં નિર્મળ પાત્રોને નામે, વિલાસ, અનાચાર, અનીતિમાં ગળાડૂબ ડૂબેલા નટ–નટીઓ કેવો સ્વાંગ ભજવે છે એ શું અજાણ્યું છે?

ધાર્મિકતાની પવિત્ર ભાવનાથી રંગાયેલા કોઇપણ સહૃદય વિચારકને મન આ બધું ક્ષમ્ય હોઇ શકે? પોતાના મા કે બાપનો વેશ ભજવનાર, ચાળો પાડનાર કે તેની હળવી નિર્દોષ મજાક કરનારને કયો સપુત સહી લે? અરે પોતાની સ્ત્રીની સ્હેજ વિનોદી મજાક કરનારની સ્હામે લાલઘૂમ આંખો કરી એનું વેર વાળવા તૈયાર થનારો આજનો **હિ**ન્દુ સમાજ; પોતાનાં ધર્મનાયકોના પવિત્ર જીવનના ચેનચાળા, મજાક કે નર્મ વિનોદ કરનારી–કરાવનારી ફીલ્મ કુંપનીઓને દરેક રીતે ઉત્તેજી રહ્યો છે! હિન્દુ સમાજની આ ભયંકર કમનશીબી છે.

મહાપુરુષોનાં જીવનની પવિત્રતા એ આ રીતે, થીએટરોના સ્ટેજો પર નાચતી વેશ્યાઓ અને નખરા કરતા વિટ પુરુષો પાસેથી શીખી શકાતી હશે? શું આ બધું શીખવા ત્યાં જવાય છે કે આંખ, કાન, તેમ જ મનનાં તોફાની નાચોથી પરવશ થઇને ત્યાં જવાય છે? સીનેમાના પડદા પરથી શું આદર્શ પુરુષોનાં પવિત્ર ગુણો કે સંસ્કારો મેળવવા ત્યાં જવાઈ રહ્યું છે? નહિ, તદ્દન ખોટું છે. કુતૂહલ, આંખ અને કાનની ચળ, અને તેના વિકારોને પોષવાને સારુ મ્હોટાભાગે ત્યાં જનારા હોય છે અને આ રીતે ધાર્મિક બોલપટના નામે પોતાની અધાર્મિક પાપવાસનાઓને ઢાંકવાનું પાપ હિન્દુસમાજ દ્વારા આજે છડે-ચોક પોષાઇ રહ્યું છે.

જૈન સમાજે, આથી સ્હમજી લેવાનું છે. તેણે પોતાના મહાન પવિત્ર ધર્મનાયકોનાં જીવનનો પ્રચાર કરવાના ખોટા બ્હાને તે પૂજ્ય વંદનીય આત્માઓના પવિત્ર જીવનની સાથે અડપલા કરનાર કે કરાવનારાઓની સ્હામે શક્તિ મુજબ પ્રતિકાર કરવાનો રહે છે. એવો અવસર આવવાના દિવસો ગણાઈ રહ્યા છે. ધર્મ પ્રચારના નામે જેને વાસ્તવિક ધર્મ કે ધર્મના સિદ્ધાન્તોની સાથે લેવા-દેવા નથી એવો એક વર્ગ; કે જે આપણા સમાજમાં જીવે છે તે આવા ચેપી રોગચાળાનો ભોગ બની આપણા પૂજ્ય મહાન આત્માઓને થીએટરના સ્ટેજ પર, ફીલ્મી સ્ટારોના દ્વારા નચવે નહિ તે માટે જાગતા રહેવું!

---

## ખુશામતની બલા.

ખુશામત અને પ્રશંસામાં ઘણું અંતર રહેલું છે. ખુશામત સ્વાર્થ, અપ્રામાણિકતા અને લાગણીશૂન્યતામાંથી જન્મે છે, જ્યારે પ્રશંસા એથી ઊલટી રીતે છે. પ્રશંસા ગુણરાગી હૃદયોમાંથી જન્મેલું સંસ્કાર ઝરણું છે, અને ખુશામત કેવળ ખટપટી સ્વભાવના આત્માઓનો ઓડકાર છે. પ્રશંસા ગુણ ગણાય છે, અને ખુશામત એ આત્માની ખામી છે. આથી સંસ્કારી આત્માઓએ ખુશામતની બલાથી દૂર રહેવું એ અનિવાર્ય છે.

સાધ્વીશ્રી સુજ્યેષ્ઠાની પ્રામાણિક જીવનકથા વિષે

# સતી ચરિત્રના કલંકનો ભ્રમ.

**શ્રી અભ્યાસી.**

ઇસ્વીસનની આ વીસમી સદીની આ એક વિશિષ્ટ ખાસીયત છે કે, 'કોઇ પણ ધાર્મિક બાબતોને પોતાની ટૂંકી અને છીછરી બુદ્ધિમાં ન ઉતરે આજ કારણે હસી નાખી ઠાવકી ભાષામાં તેની સ્હામે અશ્રદ્ધાનું વાતાવરણ ઊભું કરવું.'

જૈન સમાજમાં પોતાની જાતને ભણેલાગણેલા તરીકે ગણતો ઉપરોક્ત પ્રકારનો એવો વર્ગ ઉભો થયો છે, કે જે પોતાને જૈન કહેવડાવવા છતાં જૈનત્વની મર્યાદા મૂકીને બોલવા–લખવામાં ખૂબ જ છૂટ લે છે. આ પ્રકારના એ વર્ગના પ્રચારની સ્હામે પ્રતિકારરૂપે પ્રસંગોચિત કેટલુંક કહેવું એ જરૂરી છે, જેથી અશ્રદ્ધાના એ અંધકારઘેર્યા વાતાવરણમાં પ્રકાશનો પ્રવાહ રેલાવી શકાય. આથી સાધ્વીશ્રી સુજ્યેષ્ઠાનાં પ્રસંગને આગળ કરી જૈન શાસ્ત્રોના કથા પ્રસંગો માટે સુધારકવર્ગ તરફથી જે અશ્રદ્ધાળુતાનો અંધારપીછેડો પાથરવામાં આવ્યો છે, તેનો જવાબ અહિં આપવાપૂર્વક આવા ભયસ્થાનોની સ્હામે ચેતવણીરૂપે લાલબત્તી ધરવામાં આવી છે.

૧

**આજથી** લગભગ ૨૫ વર્ષ અગાઉ **શ્રી ચન્દ્રસેન જૈનના** તંત્રીત્વ હેઠળ પ્રકાશિત થતાં **'સત્યોદય'** માસિકમાં **શ્રી સુરજભાનુ** વકીલે મહાસતી **શ્રી સુજ્યેષ્ઠાની** ઐતિહાસિક કથાની અમુક હકીકતોને અંગે કલ્પિતતાનો આરોપ મૂકયો હતો. મળેલી હકીકતો જો તથ્ય હોય તો તે વકીલ મહાશય કે તંત્રી મહોદય; દિગંબર સંપ્રદાયના હોવાને કારણે આ લેખની અસર આપણા

શ્વેતામ્બર સંપ્રદાયમાં વધુ વ્યાપક ન બની શકી, ઊલટું વિરોધના સૂર પણ કદાચ ઉઠ્યા હોય !

પણ સમયના પ્રવાહની સાથે સાથે અશ્રદ્ધાળુતાનો ઝેરી વાવંટોળ સમાજના શિક્ષિત ગણાતા ભેજાઓમાં ફરી વળ્યો. પરિણામ એ આવ્યું કે, આપણા શ્વે. મૂ. પૂજક સંપ્રદાયના વિદ્વાન ગણાતા લેખકો, સાહિત્યસેવીઓ કે પ્લેટફોર્મ ગજવનારા વક્તાઓ; અવારનવાર આપણા બહુમાન્ય આગમ ગ્રન્થોને તેમજ ધર્મકથાનુયોગની ઐતિહાસિક હકીકતોને પોતાની સ્વતંત્ર બુદ્ધિની અસંસ્કારી કસોટીએ કસવા લાગ્યા અને જે જે હકીકતો પોતાની અલ્પપ્રજ્ઞાને ન સમજાઇ કે કલ્પનાભ્રાન્ત અશ્રદ્ધાળુ હૃદયમાં ન બેઠી તે તે હકીકતોને ‘ ઉપજાવી કાઢેલી, નકામી તેમજ ઐતિહાસિક પાત્રોને કલંકિત કરનારી અને અસંગત ’–આ પ્રકારના આરોપો મૂકી અશાસ્ત્રીય તર્કબાજી-પૂર્વક પોતાના મન્તવ્યને તેઓ વધુ પ્રચલિત કરવા લાગ્યા. અને વર્તમાનનાં–કેવળ અધાર્મિક વાતાવરણના કાળમાં તે લોકો પોતાના આ પ્રયત્નમાં ફાવતા ગયા.

તદુપરાંત આજની યૂરોપદેશની પાશ્ચાત્ય સંસ્કૃતિનો વણ-માગ્યો ટેકો આપણા આ વિદ્વાનો( ? )ને મળતો જ રહ્યો; કારણ કે એ લોકોને તો આ ભારતવર્ષમાં આવીને શરૂઆતમાં આ જ કરવું છે કે, ‘ હિન્દુસ્તાનના લોકો પોતાના ધર્મ-સંપ્રદાયને, માન્યતાઓને, પોતાની સંસ્કૃતિને કે પોતાની પ્રાચીન રહેણી–કહેણીઓને કોઇ ને કોઇ બ્હાને તુચ્છકારે, અને અપ-માનિત કરી ત્યજી દે ’–યૂરોપની શાણી ગણાતી પ્રજાના આ ધીમા ઝેરને શિક્ષિત વર્ગે સારી રીતે પરિણમાવ્યું. આથી

આવા લોકોની હુંશિયારી, આવડત કે વિદ્વત્તા—આ બધાનો ઉપયોગ કોઈપણ ધર્મસંપ્રદાયની શાસ્ત્રીય માન્યતાઓ તેમજ આચરણાઓને હસી કાઢવાના જ કાર્યોમાં થવા લાગ્યો. જેને સીધી અને સાદી ભાષામાં વિદ્વત્તાની કેવળ વિટંબના જ કહી શકાય.

આના સમર્થનમાં એક જ ઉદાહરણ લઇએ. જે પ્રસ્તુત પ્રસંગને અનુરૂપ ગણી શકાય. 'મહાસતી શ્રી સુજયેષ્ઠાને અંગે દિગમ્બર સંપ્રદાયના સુરજભાનુ વકીલે જે વિધાનો કર્યાં, તેના તે વિધાનોને નજર સમક્ષ રાખી; શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના પ્રસિદ્ધ અઠવાડિક 'જૈન' પત્રના તંત્રીસ્થાનેથી કેટલાક વખત અગાઉ મહાસતી સુજ્યેષ્ઠાની ઐતિહાસિક હકીકતોની છણાવટ કરી નીચે મુજબનાં વિધાનો રજૂ કરવામાં આવ્યા હતા.

૧ 'સતી સુજ્યેષ્ઠા પર છૂપી રીતે ભ્રમરરૂપે પેઢાલ વિદ્યાધરે બલાત્કાર કર્યાની'—ઘટના જૈન કથાકારોએ ઉપજાવી કાઢેલી છે. સતી સુજયેષ્ઠાનાં જીવનનું આ એક કલંક છે.

૨ 'સત્યકી વિદ્યાધરને જૈન કથાઓમાં સ્વચ્છન્દી તેમ જ વિલાસી ચીતર્યો છે' તે તદ્દન અસંગત છે.

૩ સાધ્વી શ્રી સુજયેષ્ઠાની કથામાં સત્યકી અને ઉમાવેશ્યાની હકીકત કેવળ બનાવટ છે અને તેમ કરીને આપણાં પ્રાચીન જૈન કથાના લેખકોએ શૈવ સંપ્રદાયમાં માનનારાઓને અન્યાય કર્યો છે.

૪ ઇતર સંપ્રદાયમાં જે રીતે શિવલિંગની પૂજા પ્રસિદ્ધ છે, તેને કદરૂપી બનાવવા માટે સત્યકી અને ઉમાનો પ્રસંગ ઉપજાવી કાઢ્યો છે.

જૈન જેવા જૂના સાંપ્રદાયિક પત્રના તંત્રીસ્થાનેથી જ્યારે શ્વે. મૂ. સંપ્રદાયના પ્રમાણિક કથાકારો માટે આમ લખાય ત્યારે એનો

યોગ્ય પ્રતિકાર થવો જ જોઇએ.+ એમ અમારૂં માનવું છે. શ્વે. મૂ. સંપ્રદાયના આગમો કે શાસ્ત્રોમાં પ્રતિપાદિત થયેલા ઐતિહાસિક સત્યોની સાથે આ રીતે કેવળ વાણીનો વિલાસ કે કલમની કળા જ ખેલી લેવાની રહેતી હોય તો એનો અર્થ એ જ છે કે, 'જેને જેમ ફાવે તેમ લખી કે બોલી શકે છે, અને દરેક બાબતો પર પોતાના અભિપ્રાયો રજૂ કરીને તે તે સંપ્રદાયની પ્રામાણિક હકીકતોને તેમજ જ તેના લેખકોને અન્યાય આપવાનું બાલીશ કાર્ય સહુ કોઈને કરવાની છૂટ છે અને તે પણ વાણીસ્વાતંત્ર્યના બ્હાને,' આ એક અજબ ન્યાય કહી શકાય.

મહાસતી સુજ્યેષ્ઠાની કથા જ્યારે પ્રાચીન તેમજ પ્રામાણિક છે, તો તેને સ્હામે જે કાંઈ લખવું એ કેવળ કલમ, કાગળ અને શાહીનો અપવ્યય કરવા જેવું છે. તે લેખમાં લેખકે જે લખ્યું છે કે, 'શ્રી સુજ્યેષ્ઠાનું કલંક દૂર કરવા જતાં જૈન કથાકારોએ કલ્પિત પ્રસંગો ગોઠવ્યા છે.' લેખકનું આ વિધાન શ્વે. મૂ. સંપ્રદાયના ધર્મકથાનુયોગના સાહિત્ય પર એક ભયંકર આરોપરૂપ છે. લેખક મહાશયને આ વસ્તુ ખ્યાલમાં રહી હોય એમ જણાતું નથી.

સાધ્વી શ્રી સુજ્યેષ્ઠાના જીવનમાં બની ગયેલી 'પેઢાલવિદ્યાધરના બલાત્કારની' હકીકત, કર્માધીન સંસારની એ એક વિચિત્રતા કહી શકાય. આ પ્રકારની વિચિત્રતાઓનો બચાવ

---

+ લેખકનાં આ મન્તવ્યમાં અમે સમ્મત છીએ. અમારું પણ આ જ કહેવું છે. કલ્યાણના ગત વર્ષના પ્રથમ–દ્વિતીય સંયુક્ત ખંડમાં 'હળવી કલમે'ના શિર્ષક તળે 'વિદ્વત્તાની વિટંબના'માં આ હકીકતને અંગે હળવા શબ્દોમાં અમે પ્રતિકાર કરીને જૈન સમાજના શ્રદ્ધાળુ વર્ગને 'જાગતા રહેજો'ની ટેલ પાડી છે.

શ્રી જૈનદર્શન કદિ કરતું જ નથી, કરવાનો રહેતો નથી. પણ કર્મજનિત એ વિષમતાઓને જગતની સમક્ષ જણાવવા એ જૈન શાસ્ત્રોનો હિતકર કર્તવ્યધર્મ છે. કે જેથી સંસારવર્તિ આત્માઓ માર્ગને પામી, આરાધનાને સાધી મોહની મૂંઝવણોમાંથી મુક્ત બની શકે. અનાદિઅનંત સંસારમાં ઘણા બનાવો એવી વિચિત્ર રીતે બને છે, કે જે અણધાર્યા અને એક રીતે આકસ્મિક કહી શકાય. પણ એને અસંભવિત કહેવા એ નક્કર અને જગપ્રસિદ્ધ સત્યને નકારવાનું સાહસ કહેવાય.

સાધ્વીશ્રી સુજ્યેષ્ઠા, પેઢાલવિદ્યાધર, સત્યકી અને ઉમા; આ પાત્રોને અંગે જૈન કથાનુયોગના સાહિત્યમાં જે વર્ણન આલેખાયું છે. તે કોઈપણ વિવેકી વિચારકને સ્હેજે સ્હમજી શકાય તેવું સરળ, વ્યવસ્થિત અને અવિસંવાદી છે. આવી આવી અનેક હકીકતો છે કે જે શાસ્ત્રીય ઇતિહાસના વિશાળ ભંડારમાં શોધતાં આપણને મળી રહે છે. જે એક વખત આપણી સ્થૂળબુદ્ધિયે અતથ્ય સમજાય, જ્યારે એ જ વાતો સંયોગો પલટાતા અથવા એનું રહસ્ય સ્હમજાવનાર માર્ગસ્થ મહાપુરુષોનો સત્સંગ મળતાં તથ્ય જણાય છે.

સુજ્યેષ્ઠાની હકીકત શાસ્ત્રીય દષ્ટિયે ટૂંકમાં આ મુજબ છે.

ચેટકની સુશીલ પુત્રી સુજ્યેષ્ઠા ધર્મપરાયણ અને દૃઢશ્રદ્ધાળુ શ્રાવિકા હતી. શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની એ અનન્ય ઉપાસક હતી. મગધના માલીક શ્રી શ્રેણિક સુજ્યેષ્ઠાનાં રૂપવર્ણનો સાંભળી તેના પ્રત્યે રાગાતુર બન્યો હતો. પોતાના અંતઃપુરમાં સુજ્યેષ્ઠા મુખ્ય પટ્ટરાણી પદે આવે એ જોવાને શ્રેણિક ખૂબ જ ઉત્સુક હતો. સુજ્યેષ્ઠાને પણ મગધના સમ્રાટ્ શ્રેણિક પ્રત્યે અનુરાગ હતો. પણ ચેટક મહારાજાને

આ હકીકત રૂચતી ન હતી. છૂપી રીતે સુજ્યેષ્ઠાને રથમાં બેસાડી રાજગૃહી લઇ જવાને શ્રેણિકે યુક્તિ અમજાવી. ચાર બુદ્ધિના ભંડાર અભયકુમાર મંત્રીના બુદ્ધિબલે રાજા શ્રેણિક સુજ્યેષ્ઠાને મેળવવા તૈયાર થયો. અને પોતાના અંગત સૈન્ય સાથે તેણે ચેટકની રાજધાની તરફ પ્રયાણ કર્યું. છુપીરીતે સુજ્યેષ્ઠાનું અપહરણ કરી જવાની તેની યોજના હતી, પણ ભવિતવ્યતા કોઇ જૂદી રીતે બનવાને સરજાઇ હતી.

શ્રેણિક મહારાજની સાથે જવામાં સુજ્યેષ્ઠા તૈયાર હતી. એનની સાથે મગધના માલીકના અંતઃપુરમાં જવાને તેની બ્હેન ચેલ્લણા પણ ઉત્સુક બની. તેઓ મહારાજા શ્રેણિકના રથમાં ખાનગી રીતે ગોઠવાઇ ગયા. ચેટકની બે પુત્રીઓનું અપહરણ કરી મગધનો તારણહાર શ્રેણિક ચોરી–છૂપીથી વિશાલીના ખાનગી રસ્તેથી પસાર થવાને સજ્જ થયો. પણ એટલામાં સુજ્યેષ્ઠાને પોતાના આભૂષણોનો ડાબડો યાદ આવ્યો. તે લેવાને એ રથ પરથી નીચે ઉતરી પોતાના આવાસમાં પાછી ગઇ. શ્રેણિક અધીર બન્યો હતો. સુજ્યેષ્ઠાને આવતાં વાર થઇ એટલે શ્રેણિકનો રથ તેની રાહ જોયા વિના રાજગૃહ તરફ વિદાય થયો.

પાછળથી સુજ્યેષ્ઠા આવી. માર્ગને શૂન્ય જોતાં તેના હૈયામાં ફાળ પડી. એ ખિન્નવદને પાછી વળી, મગધના પટ્ટરાણી પદે સુજ્યેષ્ઠાને સ્થાને તેની બ્હેન ચેલ્લણા આવી. આશામાં નિષ્ફળતા મળતાં સુજ્યેષ્ઠાનું મન સંસાર પરથી ઊઠી ગયું. ક્રમશઃ એનો વૈરાગ્ય દૃઢ થતો ગયો. વિવેકશીલ સુજ્યેષ્ઠાએ ભગવાનશ્રી મહાવીરદેવના સાધ્વીસંઘમાં સાધ્વી જીવન સ્વીકાર્યું. પવિત્ર સાધ્વીશ્રી સુજ્યેષ્ઠા વૈરાગ્ય રંગથી પૂરેપૂરા વાસિત હતા. એમનાં મનને ચલિત કરવાની દેવ–દેવેન્દ્રોના પ્રલોભનોમાં પણ શક્તિ ન હતી.

એક વેળા વિદ્યાધર પેઢાલની દૃષ્ટિ સાધ્વી સુજ્યેષ્ઠાનાં શરીરસૌન્દર્ય પર પડી, પેઢાલનું હૃદય પાપી હતું. કામવિકારો એની આંખોમાં નાચી રહ્યા હતા. ત્યાગની મૂર્તિસમા સાધ્વીજીની પવિત્રતાને લૂંટી લેવાને એ સજ્જ બન્યો. વિદ્યાશક્તિથી ભ્રમરરૂપે એણે સાધ્વીશ્રી સુજ્યેષ્ઠાના દેહનો સંસર્ગ કર્યો. યોનીમાં એણે વીર્ય સંક્રમાવ્યું અને એ રીતે એણે પોતાની ભોગલાલસાને તૃપ્ત કરી. સાધ્વીજી આ હકીકતથી સાવ અજાણ હતા. સુજ્યેષ્ઠાને જે ગર્ભ રહ્યો તે જીવ ક્રમે વિદ્યાધર સત્યકિ તરીકે પ્રસિદ્ધ થયો.

એનો બાલ્યકાલ સાધ્વીજીઓના પવિત્ર સંસર્ગમાં વ્યતીત થયો. યુવાન વયે સત્યકિ પણ તેના પિતા પેઢાલની જેમ વિદ્યાસિદ્ધ બન્યો. ઈન્દ્રિયોની ઉચ્છૃંખલતાને આધીન બની એણે પોતાનાં જીવનને અનાચારનાં પાપોથી મલિન બનાવ્યું. એના અનાચારોનું મલિન પાપ વિદ્યાથી ઢંકાયેલું જ રહેતું. એ નગરજનોને લૂંટતો, ત્રાસ આપતો છતાં પોતાની વિદ્યાશક્તિથી એ હંમેશા અજેય રહેતો. આથી રાજા–મહારાજાઓ એનું કાસળ કાઢવામાં સફલ ન બન્યા. અન્તે ઉમાવેશ્યાએ એની શક્તિની સ્હામે છલપ્રયોગ આરંભ્યો. રાજ્યની એને પૂરેપૂરી સહાય હતી. આથી વેશ્યા સફલ બની. અન્તે સત્યકીની પરવશતાનો લાભ લઈ, વિષયક્રીડા કરતો હોય તે અવસરે સત્યકીને વીંધી નાખવાની એણે યોજના કરી. રાજપુરુષોએ આ રીતે વિદ્યાધર સત્યકીને વીંધી નાખ્યો. પેઢાલનો વિદ્યાધર પુત્ર સત્યકી આ રીતે મૃત્યુ પામ્યો.

૨

સુજ્યેષ્ઠાના જીવનપ્રસંગોની ઉપરોક્ત ટૂંકી નોંધ પરથી

સ્હમજી શકાય તેમ છે કે, સુજ્યેષ્ઠાના પવિત્ર જીવનમાં અનેક પ્રકારની વિષમતાઓ પૂર્વકૃત અશુભ કર્મના ઉદયે કર્મ વિવશતાના યોગે જન્મવા પામી હતી. જેને અંગે 'સતી ચરિત્રનું કલંક' કહેવામાં આવે છે તે ઘટનાઓ અને તે પરથી ઊભી કરાતી શંકાઓ આ પ્રમાણે છે—

૧ સતી સુજ્યેષ્ઠા પર બલાત્કાર થયો તો તે સતી તરીકે વિશુદ્ધ, નિર્મલ અને નિર્દોષ કેમ હોઈ શકે? આમ કરવાથી તો વ્યવહાર માર્ગનો લોપ થઈ જશે. દરેકે દરેક આત્માઓ આ રીતે પોતાનાં પતનને મનની શુદ્ધિ કે પવિત્રતાના બ્હાના હેઠળ છૂપાવી નહિ શકે? તો શા માટે સુજ્યેષ્ઠાનું પતન ન સ્વીકારવું?

૨ પેઢાલ વિદ્યાધરે ભ્રમરના રૂપદ્વારા સાધ્વી સુજ્યેષ્ઠાના શરીર પર બલાત્કાર કર્યો, તેમજ યોનિમાં વીર્યસંક્રમ કર્યો, આથી સુજ્યેષ્ઠાને ગર્ભ રહ્યો. આ બધું કઈ રીતે બની શકે? હાલના વિજ્ઞાનના યુગમાં આ બધું શું બંધબેસતું છે!

૩ સત્યકીને બાલ્યકાલથી સાધ્વી સુજ્યેષ્ઠાનો સત્સંસર્ગ નિયમિત મળતો રહ્યો છે, તો આ રીતે સુશીલ અને વિદુષી સાધ્વી સંઘના પવિત્ર પરિચયનો જેને બાલ્યકાલથી લાભ મલ્યો છે તે સત્યકી વિદ્યાધર આટલો અનાચારી, ઉદ્ધત અને સ્વચ્છંદી કેમ હોઈ શકે?

૪ સત્યકી અને ઉમાવેશ્યાનો પ્રસંગ, શૈવ સંપ્રદાયના શંકર અને ઉમા–પાર્વતીની જીવનઘટના પરથી ઉપજાવી કાઢેલો કાં ન હોય? શંકરની પૂજાના ઐતિહાસિક પ્રસંગને સત્યકી અને ઉમાના બનાવથી હલકો પાડવા માટે આ કથા કાં ગોઠવી કાઢી ન હોય?

આ બધી શંકાઓ, જિજ્ઞાસુભાવની હોય તો તે અવશ્ય

કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિનાની હોવી જોઈએ. આ પ્રકારની શંકાઓ કદાચ જન્મે તો પણ જૈન દર્શનનાં તાત્ત્વિક સિદ્ધાન્તોની વાતો પર જેને હૃદયપૂર્વકનો શ્રદ્ધાભાવ છે એવા આત્માઓ સરળતાથી સ્હમજી, સત્ય હકીકતોને કબૂલી લે છે. આ સ્થિતિના પ્રામાણિક આત્માઓને ઉદ્દેશીને જ તેઓને સાચું માર્ગદર્શન કરાવવા માટે આ પ્રયત્ન થઇ રહ્યો છે.

ઉપરોક્ત શંકાઓનો શાસ્ત્રીય જવાબ આ પ્રમાણે છે.

૧ વિદ્યાધર પેઢાલે સાધ્વી સુજ્યેષ્ઠા પર બલાત્કાર કર્યો, તે મોહનું મહાનાટક જ કહી શકાય, વિદ્યાશક્તિના યોગે નિરંકુશ બનેલા પેઢાલે અવસર પામી સાધ્વી સુજ્યેષ્ઠાના શરીરસૌન્દર્યમાં મૂંઝાઈ તેમની અનિચ્છાએ અને અજાણતાં આ પાપ કર્યું. 'અન્ય કોઇ રીતે પોતાની ધારેલી મુરાદ સફલ થાય તેમ નથી.' આમ માની એણે પોતાની પાસેની વિદ્યાનો આ રીતે દુરુપયોગ કર્યો. વિદ્યાસિદ્ધ આત્માઓ માટે આ સ્હેજે સંભાવ્ય છે; કારણ કે મોહાધીન આત્માઓને વિવેક, વિચાર કે દીર્ઘદૃષ્ટિપણું હોતું નથી.

પેઢાલને બલાત્કારે આ રીતે સુજ્યેષ્ઠાની સાથે કામક્રીડા કરવાની જે સ્થિતિ ઊભી થઇ એ જ હકીકત આપમેળે કહી જાય છે કે, 'સુજ્યેષ્ઠાનું માનસિક પતન થયું જ નથી. એની પવિત્રતા, મનની નિર્મળતા તેમજ અડગતા અખંડ હતી એ નિઃસંદેહ છે.'

જો કે, સ્હામા શક્તિશાલી આત્માની પાપવૃત્તિના યોગે 'સાધ્વી સુજ્યેષ્ઠાનું કાયિક પતન થયું.' પણ આ રીતનું કાયિક પતન એ પતન તરીકે કોઇપણ રીતે સંબોધી શકાય જ

નહિ. બાહ્ય વ્યવહારથી પણુ સાધ્વી સુજયેષ્ઠાના તરફથી જાણુતા અજાણુતા પણુ વ્રત–નિયમોની શાસ્ત્રીય મર્યાદાને સ્હેજ પણુ ક્ષતિ પહોંચે તેવું કોઈપણુ પ્રકારનું વર્તન થયું જ નથી, કે જેથી એમ કહી શકાય કે 'મનઃશુદ્ધિ પર ભાર મૂકવાથી વ્યવહાર માર્ગનો લોપ થઇ જશે.' આ ત્યારે જ કહેવાય કે, જ્યારે સુજયેષ્ઠાનાં પોતાનાં જીવનમાં સંયમની–બ્રહ્મચર્યની એક પણુ વાડ ઇરાદાપૂર્વક લંઘાઈ હોય.

બીજું: જૈન શાસન આત્મ પરિણુામમાં માનનાર લોકોત્તર ધર્મમાર્ગ છે. કેટલીયે વેળાયે બાહ્યથી અશુદ્ધ દેખાતી પ્રવૃત્તિઓ, આત્માની શુભ, શુદ્ધ અને ઊર્ધ્વગામી પરિણુતિની દૃષ્ટિયે ધર્મ્ય અને ઉચિત ગણુાય છે. ઉદાહરણુ તરીકે, કોશાવેશ્યાની ચિત્ર-શાળામાં ચાતુર્માસને માટે રહેલા સ્થૂલભદ્રજીઃ શ્રી સ્થૂલભદ્રજી પવિત્ર અને નિરવદ્યજીવી મહાન ત્યાગી છે. છતાં કોશાવેશ્યાને ત્યાં તેની ચિત્રશાળામાં ચાતુર્માસ વ્યતીત કરે છે. બાહ્ય રીતે વ્યવહારની મર્યાદા નથી જણુાતી છતાં તે મહાપુરુષને માટે આ હકીકત 'આગમવ્યવહારી' તરીકે ધર્મ્ય ગણી છે. તદુપરાંત ગુરુમહારાજ શ્રી આર્યસંભૂતિ મહારાજાએ આ કાર્ય માટે અનુજ્ઞા આપી. આથી આ દૃષ્ટાન્ત લઇને વ્યવહાર માર્ગનો લોપ ન થઈ શકે.

જ્યારે બાહ્ય પ્રવૃત્તિઓમાં શુદ્ધિ, નિર્મળતા અને નિર્દોષતા જણુાતી હોય, છતાં આત્મપરિણુામની અશુદ્ધિ કે પતન સ્થિતિની દૃષ્ટિએ એ આત્માને અધોગતિમાં જનાર તરીકે ઓળખાવાય છે. જેમ શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની બાહ્ય પ્રવૃત્તિ દરેક રીતે શમ, સંવેગ અને સુધ્યાનમય હોવા છતાં શ્રેણિકના જવાબમાં ભ૦ શ્રી મહાવીર દેવે એ બાહ્ય પ્રવૃત્તિને ગૌણુ બનાવી, તે રાજ-

ર્ષિના માનાસિક દુર્ધ્યાનને યોગે 'રાજર્ષિ પ્રસન્નચન્દ્ર હમણાં મૃત્યુ પામે તો સાતમીમાં જાય' આ મુજબ ફરમાવ્યું.

આ બધી વિગતો એ હકીકતને સ્પષ્ટ કરે છે કે, 'જ્ઞાની મહાપુરુષોએ યોગ્ય આત્માઓના હિતને અનુલક્ષીને જે હકીકતો નિરૂપી છે તે સઘળી હકીકતોને વ્યવહારમાર્ગનો લોપ ન થાય તે રીતે સુસંગત કરવી.' જૈન શાસનમાં માનનાર સરળ અને પાપભીરુ અર્થી આત્માઓનો આ આચાર છે. આ દૃષ્ટિયે સાધ્વીશ્રી સુજ્યેષ્ઠાના પ્રસ્તુત પ્રસંગમાં સ્હેજ પણ 'વ્યવહાર માર્ગનો લોપ થતો નથી.' આ કારણથી જ્યારે વિશિષ્ટ જ્ઞાની મહાત્માને આ પ્રસંગને અંગે પૂછવામાં આવ્યું છે ત્યારે એક જ જવાબ મળ્યો છે કે, 'સાધ્વીશ્રીસુજ્યેષ્ઠા પવિત્ર છે.'

કથા પ્રસંગોમાં વિશિષ્ટ જ્ઞાનીઓના આવા જવાબોથી જે લોકો, વ્યવહારમાર્ગની મર્યાદાઓ તોડવાની તરફેણમાં આ ઘટનાઓને ગોઠવવાનો પ્રયત્ન કરે છે તો અમને ભય રહે છે કે, 'સાચે આવો વર્ગ શ્રી જૈન શાસનની આરાધનાના વાસ્તવિક માર્ગથી સ્વયં વંચિત રહેશે અને અન્યોને વંચિત રાખશે.' કારણ કે, જૈન શાસનના ધર્મકથાનુયોગમાં આવા પ્રસંગો એક નહિ, બે નહિ પણ સંખ્યાબંધ મળી રહેશે કે જેમાં 'જેને વ્યવહારમાર્ગનો ઇરાદાપૂર્વક અપલાપ કરવો છે' તે લોકોને સગવડ મળી જશે. શ્રી જીર્ણશ્રેષ્ઠીનો પ્રસંગ એ પણ કાંઇક આવો છે. દાન દેનાર અભિનવ શ્રેષ્ઠી કરતાં દાન દેવાની ભાવનાવાળા પણ દાન નહિ દઇ શકનાર જીર્ણ શ્રેષ્ઠીની મહત્તા, તે કાલે વિશિષ્ટજ્ઞાની મહાપુરુષે નગરના ધર્માત્માઓની સમક્ષ કહી છે. આથી શું વ્યવહાર માર્ગનો-એટલે કે, દાન-ધર્મની પ્રવૃત્તિનો લોપ થઈ જતો હશે કે?

માટે સાધ્વીશ્રી સુજ્યેષ્ઠાના આ પ્રસંગમાંથી 'અનુચિતતા કે માર્ગલોપ જેવું કાંઇ જ નથી, એમ જેને સરળતાપૂર્વક સ્હમજવું હોય તેને સ્હેજે સ્હમજી શકાય તેમ છે.

૨ પેઢાલ, વિદ્યાસિદ્ધ પુરુષ હોવાથી પોતાની કામનાઓને પૂર્ણ કરવાને માટે તેણે સાધ્વી શ્રી સુજ્યેષ્ઠા પર બલાત્કાર કર્યો એ હકીકત સુસંભવિત છે. જેની પાસે જે શક્તિ હોય તે શક્તિનો ઉપયોગ તે આત્મા પોતાની વૃત્તિઓને પોષવા માટે કરે એ એક સામાન્ય નિયમ છે. આથી 'ભ્રમરરૂપે પેઢાલે, સુજ્યેષ્ઠા પર આ રીતે જે બલાત્ ભોગ ભોગવવાનો પ્રયાસ કર્યો છે' એ હકીકતમાં સ્હેજ પણ અતિશયોક્તિ જેવું છે જ નહિ. નહિતર સુજ્યેષ્ઠાને એક પવિત્ર, નિર્દોષ અને નિરવદ્યજીવી તરીકે વંદનીય માનનારા કથાકાર મહાપુરુષો સુજ્યેષ્ઠાનાં જીવનમાં આવી આક્ષેપ કરનારની દૃષ્ટિએ 'કલંક-રૂપ' લાગતી હકીકતો શામાટે ગોઠવે?

પણ ખરી હકીકત આનાથી જૂદી છે. જૈન કથાકારો, એ નવી ઉપજાવી કાઢેલી હકીકતો ગોઠવીને ઐતિહાસિકતાના બ્હાને બનાવટી–અસંભવિત કથાઓનું આલેખન કરનારા પુરાણકારો નથી. પણ જૈન કથાકારો તો પાપભીરુતાથી અનાદિ અનન્ત સંસારમાં બની ગયેલા બનાવોને હેય, જ્ઞેય અને ઉપાદેયનો સ્પષ્ટતાપૂર્વક રજૂ કરનારા પ્રામાણિક કથાકારો છે.

'સુજ્યેષ્ઠાની યોનિમાં વીર્યસંક્રમ થવો અને તે દ્વારા સુજ્યેષ્ઠાને ગર્ભ રહેવો'–આ હકીકત જૈન કથાકારોએ નવી ઉપજાવી કાઢેલી છે જ નહિ. જે જે ઘટનાઓ બની ચૂકી છે, તે તે હકીકતોને તે તે સ્વરૂપે રજૂ કરવી એ જ જૈનકથા-કારોનો નૈતિક ધર્મ છે, આથી 'આ કેમ?' આ પ્રશ્ન જ

અસ્થાને છે. હાલના વૈજ્ઞાનિક યુગમાં આ બધું સંભવી શકતું કદાચ ન પણ હોય, છતાં આની પ્રામાણિકતામાં અમને સ્હેજ પણ શંકા જેવું રહેતું જ નથી.

આ યુગમાં, 'ટયુબદ્વારા યોનીમાં વીર્યસંક્રમ થવાની અને તેના યોગે સ્ત્રીને ગર્ભ રહ્યાની તેમજ પુત્રજન્મ થવાની હકીકતો પૂરવાર થયેલી વર્તમાનપત્રોના પાને અત્યાર અગાઉ ચઢી ચૂકી છે.'+ અને 'ભલભલા વૈજ્ઞાનિકોના અખતરાઓ દ્વારા પ્રામાણિક તરીકે ઠરેલી આજે આપણે સાંભળી રહ્યા છીએ.' તો સુજ્યેષ્ઠાના જીવનમાં કર્મની વિષમતાના યોગે બની ગયેલી તથ્ય હકીકતોને કથાઓમાં ગૂંથનારા જૈનકથાકારો કે જેને અસત્ય ઉચ્ચારવાનું કાંઇ પ્રયોજન રહ્યું નથી, તેઓને આ વીસમી સદીના કાલમાં અપ્રામાણિક કહેવા સુધીની ધૃષ્ટતા કરવી એ ખરે જ સહ્રદય વિચારકથી ન સ્હમજી શકાય તેવી હકીકત છે. બાકી અમને લાગે છે કે, પ્રાચીન સાહિત્ય પ્રત્યે વ્હેમી અને શંકાભરી નજરે જોનારા માનસવાળાઓની એક વાણી કે કલમની ચાલબાજી છે.

૩ ત્રીજી શંકા સાધ્વી શ્રી સુજ્યેષ્ઠાના પુત્ર સત્યકિ વિદ્યાધરના જીવનને અંગેની છે. 'જૈનકથાકારોએ સત્યકિને ઉદ્ધત સ્વચ્છંદી અને અનાચારજીવી કહ્યો છે, પણ સાધ્વી શ્રી સુજ્યેષ્ઠા જેવી પવિત્ર માતાનો પુત્ર અને તેમના સંસર્ગમાં રહી બાલ્યકાલથી અગીઆર અંગના શ્રુતનો જાણનાર સત્યકિ

---

+ તાજેતરમાં યૂરોપના એક વૈજ્ઞાનિક ડોકટરે, એક સ્ત્રી પર આ અખતરો કર્યો હતો. જે સફળ થયો હતો. તે સ્ત્રી આજે વગર પુરુષ-સંયોગે પુત્ર-પુત્રી યુગલની માતા બની છે તેમજ હાલ તે સ્ત્રી અને તે પુત્રો, સશક્ત તંદુરસ્ત અને નિરોગી છે.

આવો કેમ હોઇ શકે ? કથામાં આવતી આ હકીકત શું સંભાવ્ય છે કે ?' આનો જવાબ સ્પષ્ટ છે. જેમ સત્યકિના આવા અવગુણોનું વર્ણન જૈનકથાકારોએ કર્યું છે તેમ તેના યોગ્ય ગુણોનું પણ નિષ્પક્ષ રીતે વર્ણન કર્યું છે. તે શ્રદ્ધાળુ, ગુણાનુરાગી અને જિનેશ્વર દેવ પ્રત્યે અખંડ ભક્તિવાળો હતો. આ રીતે એને અંગે જૈનકથાકારોએ જણાવ્યું છે.

બાકી જૈન શાસ્ત્રકારોની સામાન્ય રીતે એ પદ્ધતિ છે કે 'કોઇપણ એક વ્યક્તિ કે વ્યક્તિઓના જીવનમાં જે જે પ્રસંગો ઉચિત કે અનુચિત બની ગયા હોય, તેને યોગ્ય શૈલીએ નિષ્પક્ષ રીતે હેયોપાદેય–ત્યાજ્યાત્યાજ્ય–ના વિભાગપૂર્વક રજૂ કરવા.' આથી સત્યકિના જીવનચરિત્રની હકીકતને જૈનકથાઓમાં જેવી રીતે વર્ણવી છે તે તદ્દન પ્રામાણિક અને બની ગયેલી સત્ય ઘટનાઓ છે.

પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ મહારાજા પણ સત્યકિનાં જીવનની ઉપરોક્ત સ્થિતિને અંગે આ મુજબ જણાવે છે.

**स्पर्शनेन्द्रियप्रसक्तचित्तः सिद्धोऽनेकविद्याबलसंपन्नोऽप्याकाशगोऽष्टाङ्गमहानिमित्तपारगो गार्ग्यसत्यकि निधनमाजगाम।**

[ શ્રી તત્ત્વાર્થસૂત્ર-ભાષ્ય. ]

**ભાવાર્થ**—સિદ્ધ, અનેક વિદ્યાના બળની સંપત્તિવાળો, આકાશગામિની શક્તિ ધરાવનાર, અષ્ટાંગ મહાનિમિત્તોનો પારગામી, આકાશમાં જવાની શક્તિવાળો ગર્ગવંશનો સત્યકિ સ્પર્શેન્દ્રિયમાં બહુ આસક્ત થવાથી નાશ પામ્યો.

સત્યકીની કથા આ રીતે ભાષ્યકાર શ્રી ઉમાસ્વાતિ વાચકના કાલમાં પણ એટલે કે આજથી ૧૮૦૦–૧૯૦૦ વર્ષ

પૂર્વે પણ ઈતિહાસ પ્રસિદ્ધ હતી. તેઓએ પણ આ હકીકત પ્રાચીન શાસ્ત્ર પરથી નોંધી હોય, અને સંભવિત છે કે ત્યારબાદ એમની પછીના પ્રામાણિક કથાકારોએ કથારૂપે ગૂંથી હોય. એટલે કે સુજયેષ્ઠા કે સત્યકિની હકીકત કોઈપણ જૈનકથાકારોએ કલ્પિત ઘડી કાઢી છે તેમ કહી શકાય તેમ નથી જ.

અલબત સત્યકિ વિદ્યાધરની માતા સાધ્વી સુજયેષ્ઠા નિર્દોષ અને પવિત્ર સંયમધારી હતા, પરંતુ તેનો પિતા પેઢાલ લંપટ હોવાથી તેનો વારસો તેમાં કાં ન ઉતરે? આ રીતે પિતાનો વારસો સંસ્કારોદ્વારા પુત્રોમાં ઉતર્યાના અનેક દૃષ્ટાંતો ભૂતકાલના ઈતિહાસમાં નોંધાયેલા છે. વર્તમાનમાં નોંધાઇ રહ્યા છે. જેમાં માતા નિર્દોષ સરળ કે પવિત્ર હોવા છતાં પુત્રો આનાથી વિપરીત સ્થિતિના હોય છે.

સત્યકિ અગિયાર અંગો સાધ્વીઓનાં મુખથી સાંભળીને ભણી જાય તે બને. પણ દુર્ગતિમાં લઇ જનારા કોઈ પૂર્વ પાપકર્મનો ઉદય તેના જીવનને અનાચારના માર્ગે વાળે એમાં કર્મની વિષમતાને માનનાર કોઈપણ શ્રદ્ધાળુ જૈનને નવીનતા લાગે જ નહિ!

સમર્થ પૂર્વધરો પણ પ્રમાદના યોગે નિગોદાદિક દુર્ગતિમાં ચાલ્યા જાય છે, તો પછી સત્યકિ વિદ્યાધરને માટે આ વસ્તુ અસંભાવ્ય નથી.

રાજા શ્રેણિક અને કૃષ્ણવાસુદેવ જેવા, શ્રી તીર્થંકર દેવોના અનન્ય ભક્તોને પણ જૈન શાસ્ત્રકારોએ નરકના અતિથિ તરીકે વર્ણવ્યા છે. કહેવું જોઇએ કે, જૈન શાસ્ત્રકારોની આ એક અનુપમ વિશિષ્ટતા છે કે તેઓ ઐતિહાસિક ઘટનાઓને

નિષ્પક્ષપાતભાવે રજૂ કરવાદ્વારા કેવળ સત્યની જ સેવા કરનારા હોય છે. આથી તે શાસ્ત્રો અને તેના રચનારાઓની પ્રામાણિકતા માટે શંકા લાવવા જેવું રહેતું નથી.

૪ સત્યકિની અને ઉમા વેશ્યાની ઘટનાને અંગે શૈવ સંપ્રદાયને ઉતારી પાડવાની જે શંકા જૈનપત્રની તંત્રી નોંધના લેખકે કરી છે, તે હકીકત વધારે પડતી છે. બેશક સત્યકિ અને ઉમાની ઘટના શંકરનાં જીવનની હકીકતોની સાથે, શંકરના જીવનમાં બની ગયેલા ઐતિહાસિક બનાવોની સાથે મળતી આવે છે. અને કદાચ આથી એમ માનીએ કે, વૈદિક અનુયાયીઓની શંકર વિષેની આ હકીકતો સત્યકી કરતાં કાંઇક પ્રાચીન હોય; પરંતુ શંકરના જીવનની ઘટનામાં યુગ યુગની ઘણી માન્યતાઓનું મિશ્રણ થયેલું છે એ હકીકત સ્પષ્ટ છે.

શંકર-સદાશિવના જીવનની ઘટનાઓ જેટલી મળે છે તેટલી સઘળીએ એક કાળમાં બની હોવાનું પ્રમાણિક રીતે સિદ્ધ નથી જ. શંકરનાં જીવનનો આ ભાગ સત્યકીના બનાવ પછી અસ્તિત્વમાં કે પ્રચારમાં આવ્યો હોય એ શું સંભાવ્ય નથી? આવી રીતે અનેક પ્રસંગોમાં બન્યું છે. આથી શૈવ સંપ્રદાયવાળાઓને ઉતારી પાડવાનો આરોપ જૈન કથાકારો ઉપર કરવો એ આજના કહેવાતા લેખકોનું એક પ્રકારનું સુધરેલું વેદીયાપણું છે એમ અમને લાગે છે.

ઐતિહાસિક જૈન કથાકારોએ આ રીતે પોતાના ગ્રંથોમાં જે જે ઐતિહાસિક બનાવોની નોંધો પ્રામાણિકપણે કરી છે, તેને તેવા પ્રકારના પ્રબળ શાસ્ત્રીય પ્રમાણોની સામગ્રીના અભાવે કેવળ કલમના કુહાડાદ્વારા આ રીતે હચમચાવવાના

પ્રયત્નો કરવામાં વિદ્વત્તાનો સદુપયોગ નથી પણ મળેલી આવડતનો ભયંકર દુરુપયોગ છે.

કારણકે, આ રીતના પ્રચારના પરિણામે સામાન્ય બાળ જીવોની મનોવૃત્તિ પ્રામાણિક જૈન કથાકારોની પ્રત્યેક રચનાઓ ઉપર વ્હેમી કે શંકિત બનતા; પરંપરાએ જૈન ધર્મના કથાનુયોગના સાહિત્ય માટે અશ્રદ્ધા પેદા થશે. માટે અમારું માનવું આ છે કે, 'વિચારક લેખકોએ પ્રાચીન, ઐતિહાસિક ધર્મકથાઓમાં આવતા પ્રસંગોની સાથે પોતાની બુદ્ધિથી વાણી કે કલમદ્વારા અડપલા કરતાં સંભાળવાનું છે. કેમકે, આમ કરવામાં મ્હોટું જોખમ છે.'

જૈન ધર્મની કથાઓમાં આવતા બનાવો કે કથાનુયોગમાં આવતી હકીકતો, જૈન કથાકારોએ કલ્પિત કે ઉપજાવી કાઢેલી હોતી નથી. પણ મૌલિક સાહિત્યમાંથી સંશોધન કરી પરંપરાગત વારસામાંથી કે પૂર્વ યાદી પરથી તૈયાર કરેલી સાચી હકીકત હોય છે. માટે શાસ્ત્રીય કથાઓના પ્રસંગોને વિષે એકદમ શંકાનું વાતાવરણ જૈન સમાજના શ્રદ્ધાળુ વર્ગના હૈયામાં પેદા કરવું એ આત્માના શ્રદ્ધા પ્રાણને ચૂસી લેનારું ધીમું ઝેર છે.

અમને લાગે છે કે, સાધ્વી સુજ્યેષ્ઠાના ચરિત્રમાં જૈન કથાકારોએ પ્રામાણિકપણે વર્ણવેલી હકીકતોનો મેળ શાસ્ત્રીય શૈલીએ બેસાડવાની અશક્તિથી, જૈનપત્રની તંત્રીનોંધમાં તેના લેખકે, આ રીતે સુજ્યેષ્ઠાનાં જીવનની તે તે હકીકતોને 'સતી ચરિત્રના કલંક' તરીકે ઠોકી બેસાડી છે.

આમ કરવાથી તેઓએ શ્રદ્ધાળુ આત્માઓની જૈન શાસ્ત્રો પરની ભક્તિ કે બહુમાન વૃત્તિ પર કારી ઘા કર્યો છે અને તે

કોઇ રીતે ક્ષંતવ્ય ન લેખી શકાય. જૈન શ્વે. મુ. પૂ. સંપ્રદાયના વિચારક લેખકો પોતાના જ સંપ્રદાયના ધાર્મિક સાહિત્ય પર કલમદ્વારા આ રીતે અનિચ્છનીય આક્ષેપો કરે અને એના પ્રત્યેની શ્રદ્ધા કે નિર્મળ વાતાવરણને કલુષિત કરવાના પ્રયત્નો કરે તો તેને અંગે તેનો પ્રતિકાર કરવાને શક્તિશાળી વ્યક્તિઓએ પોતાની શક્તિ દ્વારા તૈયાર રહેવું જોઇએ એમ અમને લાગે છે.

આથી જ આ તર્કે અમે અમારી સ્હમજ, શ્રદ્ધા અને શક્તિ મુજબ આ લેખમાં લેખક પ્રત્યેની કોઈ પણ પ્રકારની અંગત રાગ-દ્વેષની વૃત્તિ વિના સરળભાવે પ્રતિકાર કરવા પ્રયત્ન કર્યો છે. આશા છે કે, 'જૈન'ની તંત્રી નોંધના વિદ્વાન લેખક, સૌહાર્દભાવે લખાયેલી અમારી આ હકીકતોને સરળતાથી વાંચે-વિચારે તો અમારો આ પ્રયત્ન સફલ થયો એમ અમે માનીશું.

## અવળા માર્ગે જનારાઓ

અવળા માર્ગે જનારાઓ, ભલે આજે દુનિયાને પોતાની કરવાના મનસૂબા ઘડે, પણ જેમનો માર્ગ અવળો છે, જેમનો ઘાટ સ્વાર્થનો છે, તેઓ ઇતિહાસની એક ઘડીએ જરૂર થંભી જવાના છે. એમને થંભાવશે માનવતાનો પક્ષ. એમના કદમને રોકી પાડશે જીવનનાં ઉદાર તત્ત્વો. એટલે આજે દેખીતી રીતે માણુસાઇની કિંમત ભલે ઓછી લાગતી હોય, પણ એની કિંમતની જાણ આજે નહિ તો આવતી કાલે જરૂર થશે.

# શિક્ષણ અને શિક્ષણાલયો

## શ્રી સોમચંદ શાહ

'શું લખવું ?' એવા વિચારમાં હતો. પોસ્ટમેને ત્યાં તો ટપાલ ફેંકી. તેમાં અંગ્રેજી કેળવણી પ્રચારક સંસ્થાનો એક રિપોર્ટ હતો. એ રિપોર્ટને હાથમાં લેતાંવેંત જ સદરહુ વિષય ઉપર લખવાની મનીષા જાગી.

વિષય સુંદર ચૂંટાયો છે પણ તેની આટીઘુંટી ઉકેલવી મુશ્કેલ છે. આજ સુધીમાં ઘણા સમાજનાયકોએ અને કેળવણીકારોએ વર્તમાન શિક્ષણ ઉપર ભાષણો અને લખાણો દ્વારા પ્રકાશ ફેંક્યો છે. લગભગ ઘણાખરા કેળવણીકારો એકમત થયા છે કે, આજે અપાતું શિક્ષણ જીવનને અસમ્બદ્ધ અને અવ્યવહારુ છે. જેના પરિણામે જીવનમાં જડતા, સ્વચ્છંદતા અને ઉચ્છૃંખલતા વધે છે. છતાં ઘરનું ગોપીચંદન કરી સમાજ તેવી સંસ્થાઓને પોષવા તૈયાર રહે છે એ જ એક આશ્ચર્ય છે.

ઘણી સંસ્થાઓ અંગ્રેજી કેળવણીની પોષક હોવા છતાં ધાર્મિકતાનો ડોળ કરી ધનિકો પાસે પૈસા કઢાવવાનો નુસ્કો અજમાવે છે. જ્યારે તેના આંતર વહિવટમાં કે આંતરિક કાર્યવાહીમાં માથું મારી જરા ઊંડા ઉતરવાની શ્રીમંતો તકલીફ લે ત્યારે ખ્યાલ આવે તેમ છે કે સમાજના દ્રવ્યે સિંચાતી સંસ્થાઓ સમાજનું કે સમાજના બાળકોનું શું ભલું કરી રહી છે ?

જે જ્ઞાન કે શિક્ષણ જીવનમાં સંસ્કાર ન અર્પે તે જ્ઞાનને જ્ઞાન કઈ રીતે કહેવું ? સડેલા શિક્ષણનું ઓપરેશન ન થાય કે કાયપલટો ન થાય ત્યાં સુધી તે શિક્ષણ, સડાને ઘટાડવાને બદલે વધારશે. દેશમાંથી ઉત્પન્ન થયેલા નાણાનો ઉપયોગ પરદેશીય જ્ઞાનમાં જ ઘણા ભાગે થાય છે. આર્ય સંસ્કૃતિ કે આર્ય શિક્ષણ માટે નહિવત્ થાય છે.

પરદેશીય જ્ઞાન પાછળ હિંદનો ૩૦ થી ૪૦ કરોડ રૂપિયાનો વર્ષે ખર્ચ થાય છે. જૈન સમાજ જ વર્ષ દહાડે ગુરુકુળો, આશ્રમો, બોર્ડીંગો અને વિદ્યાલયો વગેરે ચલાવવામાં લાખો રૂપિયા ખર્ચે છે. પણ એ

સંસ્થાઓનો ફાલ મોટે ભાગે દેવ, ગુરુ અને ધર્મની નિંદા કરનારો ઉતરે છે અને એથીજ ધર્મી જનો એવી સંસ્થાઓથી દૂર રહે છે, રહેવા માગે છે.

જેને ઉચ્ચ કેળવણી માનવામાં આવે છે તે કેળવણીની શરૂઆત સને ૧૮૫૭માં મુંબઇ, મદ્રાસ અને કલકત્તામાં યુનિવર્સીટી સ્થાપવા-દ્વારા થઈ. આજે તો ઉચ્ચ કેળવણીનું ચોમેર સામ્રાજ્ય ફેલાયું છે. લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ યુનિવર્સીટીની પરીક્ષાઓ આપે છે અને ઉત્તીર્ણ પણ થાય છે પણ એક બંગાળી લેખકના લખવા મુજબ "વર્તમાન શિક્ષાના પરિણામે ભારતવર્ષના ૯૫ ટકા યુવકો નાસ્તિક બને છે."

ભારતવર્ષમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત કરાવનાર જો કોઇ હોય તો મેકોલો [ **Macaulay** ] છે. મેકોલોએ પોતાના પિતા ઉપર એક પત્ર ૧૮૩૬ માં લખ્યો હતો તેમાં લખ્યું હતું કે "અંગ્રેજી શિક્ષણથી હિન્દુઓ ઉપર આશ્ચર્યજનક અસર ઉત્પન્ન થઇ છે. જે કોઇ હિન્દુ અંગ્રેજી શિક્ષણ ગ્રહણ કરે છે તે ધાર્મિક તત્ત્વો ઉપર શ્રદ્ધાળુ કે ભકત રહેતો નથી. એ અંગ્રેજી શિક્ષણનો પ્રભાવ છે. મારો વિશ્વાસ છે કે અમારી શિક્ષણ પદ્ધતિથી આજથી ૩૦ વર્ષ પછી બંગાલમાં પ્રતિષ્ઠિત કુટુમ્બોમાં પણ કોઇ વ્યકિત મૂર્તિપૂજક નહિ રહે." આ પ્રમાણે અંગ્રેજીમાં તેના બાપ ઉપર પત્ર લખી હિન્દુઓ ઉપર અંગ્રેજી કેળવણી-થી થતી અસરનો ખ્યાલ આપ્યો છે. મેકોલોએ તે વખતે કેળવણીની અસરનું જે બ્યાન આપેલું છે તે આજે આપણે પ્રત્યક્ષ રીતે જોઈ રહ્યા છીએ કે—

૧ તર્ક વિતર્કે જીવનમાં વધુ પડતું સ્થાન લીધું છે.

૨ શ્રદ્ધાવાદ નષ્ટ થઇ બુદ્ધિવાદ આગળ આવ્યો છે.

૩ આર્ય સંસ્કારોને દૂર કરી સ્વચ્છંદાચારને શીખવ્યા છે.

૪ ત્યાગ, તપ ઘટયાં છે અને મોજશોખ અને એશઆરામ વધ્યા છે.

૫ દેવ, ગુરુ અને ધર્મ ઉપરથી શ્રદ્ધા ઊડી ગઇ છે અને જે તે સ્વાર્થી માણસો અને સમયધર્મ પ્રત્યે રુચી વધી છે.

૬ વિનય, વિવેક, મર્યાદા અને લજ્જાને ગુમાવી છે અને ઇચ્છા મુજબ વર્તવાનું શીખવ્યું છે.

૭ ઘરમાં, ગામમાં, દેશમાં અને સમાજમાં આગળ આવવાનો મોહ જગાડયો છે.

૮ સંપ શીખવવાને બદલે ઝઘડતાં સારી રીતે શીખવ્યું છે.

૯ નૈતિકતા, ધાર્મિકતા અને સંસ્કારિત્વ વિનાનું શુષ્ક રીતે જીવતાં શીખવ્યું છે.

૧૦ સંયુકત કુટુમ્બ સાથે રહેવાનું મૂકી એકલવાયા જીવન જીવવાનો મેનીયા લાગુ પડયો છે.

૧૧ નાટક, સિનેમા અને રેસ્ટોરાં વગેરેમાં જતાં કરી સંસ્કારના ધામોમાંથી પાછા હઠાવ્યા છે.

૧૨ અત્યાચારી, અનાચારી અને વિકારી વિચારને જન્મ આપ્યો છે અને આહાર–વિહાર અને વિચારમાં સ્વચ્છંદી બનાવ્યા છે.

૧૩ તન, મન અને ધનનો મોટો ભોગ લેવા છતાં શારિરિકતાને માનસિકતાને અને આર્થિકતાને મોટો ધક્કો પહોંચાડયો છે.

આ બધું આજની કેળવણીનું [ મોડર્ન એજ્યુકેશન ]નું પરિણામ છે. છતાં તે કેળવણીનો મોહ છોડાતો નથી, એ પણ એક જાતની દુઃખની બીના છે. જનતા માને છે કે વર્તમાન કેળવણી જીવનનું ઘડતર કરી શકે તેમ નથી; ઊલ્ટી આર્યત્વના જે સંસ્કારો હોય તેને પણ સાથે લેતી જાય છે છતાં તે કેળવણીનો પ્રચાર ઘટયો નથી બલ્કે વધ્યો છે.

પાશ્ચિમાત્ય કેળવણીથી આપણે આજ સુધીમાં ઘણું ગૂમાવ્યું છે. તેનો નિર્દેશ સામાન્યતઃ ઉપર કર્યો છે; બાકી તે કેળવણીએ હિન્દુસ્તાનમાં પાશ્ચિમાત્ય સંસ્કૃતિ અને રહેણી–કરણી ઉતારી છે અને ભોળી પ્રજાએ તેનું અનુકરણ અને અનુશરણ લઇ પોતાનું જે સાચું ધન હતું તે ગુમાવ્યું છે. ખાવા–પીવામાં, પહેરવા–ઓઢવામાં, આચાર–વિચારમાં,

બોલવા–ચાલવામાં અને રહેવા–કરવામાં બધી જગ્યાએ પાશ્ચિમાત્ય સંસ્કૃતિની છાયા પડી છે.

તે પાશ્ચિમાત્ય સંસ્કૃતિ માટે લંડનની યુનિવર્સીટીના એક વખતના પ્રોફેસર **ઇકબાલ** જણાવે છે કે,

તુમ્હારી તહઝીબ ખુદ અપને ખંજરસે આપહી ખુદકુશી કરેગી,
જો સાખે નાઝુક પે આશીયાના બનેગા ના પાયાદાર હોગા;
દયારે મગરીબકે રહનેવાલો ખુદાકી બસ્તી દુકાં નહિ હૈ,
ખરા જિસેતુમ સમઝ રહે હો વો અબ ઝરે કમ અયાર હોગા.

**અર્થાત**—પશ્ચિમવાસીઓ ! તમારી સંસ્કૃતિ પોતાના જ ખંજરથી આત્મહત્યા કરશે; કારણ કે નાજુક ડાળી પર બાંધેલો માળો કયાં સુધી ટકી શકશે ? આ જગત, આ સૃષ્ટિ કંઇ દુકાન નથી, જેને તમે શુદ્ધ સોનું સમજો છો તે ખોટું જ છે.

શ્રી ઇકિલાબ પણ પશ્ચિમવાસીઓને ઉદ્દેશીને કહે છે કે તમારી સંસ્કૃતિ તે સાચું સોનું નથી પણ ખોટી પીળી ધાતુ જ છે છતાં આપણાં હિંદુવાસીઓ એ ખોટી પીળી ધાતુને સોનું માની વળગી પડયા છે પણ જ્યારે વાસ્તવિક ભાન આવશે ત્યારે પસ્તાવાનો પાર નહિ રહે.

એક વિદ્વાન અનુભવી કહે છે કે " દિનપ્રતિદિન વધતી જતી બોર્ડીંગો, આશ્રમો અને ભવનોથી જે કોઇ વિદ્યાની સાર્થકતા સમજતા હોય તો તે ખરેખર ભૂલ ખાય છે. ' છતાં દિવસ ઊગે નવા મકાનોનાં ખાત-મુહૂર્ત થતાં જાય છે, સમાજનો બહોળો ભાગ તે કેળવણી પ્રત્યે વળેલો છે એટલે જલ્દીથી મૂળ સ્થાને આવવું મુશ્કેલ છે છતાં એક કાળ એવો આવશે કે સમાજને પૂર્વભૂમિકા ઉપર આવે જ, છૂટકો છે, અને તે વિના ઉત્ક્રાંતિ કહો કે ઉન્નતિ કહો પણ તે આવવાની નથી.

**सा विद्या या विमुक्तये** આ સંસ્કૃત વાકય ઘણાઓએ વાંચ્યું હશે અને લખવામાં ઉપયોગ પણ કર્યો હશે પણ તેનાં સાચા રહસ્યને કોઇ ઉતારતું હોય એવું જોવામાં આવતું નથી. ઘણી વખત કેળવણીની

સંસ્થાઓના રીપોર્ટ ઉપર આ વાક્યનો ઉપયોગ કરવામાં આવ્યો હોય છે. પણ તે સંસ્થાઓના વ્યવસ્થાપક મહાશયોને પૂછીએ કે તેવી શિક્ષા કે વિદ્યા સંસ્થામાં અપાય છે કે કેમ ? તો મને લાગે છે કે તેઓને મૌન જ પકડવું પડે. આજે ભણતર વધ્યું હશે અને ભણનારાઓ પણ વધ્યા હશે પણ તે બધા ઉડતા પોપટો જેવા છે જે જ્ઞાન જીવનને સંસ્કારિત્વ ન બનાવે તે જ્ઞાન લુખ્ખું અને જડ છે. આ માટે એક સ્કોલરનું નીચેનું વાક્ય આપણને કહી જાય છે કે,

The great aim of education is not knowledge but action.

## વીસમી સદીના મહાન્ સાધુ

### પૂ. આચાર્ય શ્રી વિજયાનંદસૂરિ

જેને આપણી આસપાસમાંથી સ્થૂલદેહે વિદાય થયે આજે ૪૯ વર્ષોનો કાળ વીતી ગયો, તે મહાન જૈનાચાર્ય શ્રી **આ**ત્મારામજી મહારાજ; આજે પણ એમના યશોદેહે આપણી સમક્ષ છે.

**એ** પુણ્ય પુરુષના જીવનની સર્વદેશીય મીમાંસા કરતાં કહેવું જોઈએ કે, સાચે તે ' વીસમી સદીના એક મહાન્ સાધુપુરુષ હતા. ' કારણ કે, નાનપણથી જ પેદા થયેલી એમની વિચારશક્તિઓએ, તેઓનાં સમગ્ર જીવનને એક આદર્શ સાધુના રૂપમાં ફેરવી નાંખ્યું હતું.

**સં**કટ સમયે ધૈર્ય, ક્રોધ પેદા થાય તેવી પળોએ એ શાન્તિ, અને ભલભલાને આંજી નાંખે તેવી નિરભિમાનતા આ બધા ગુણો તે સાધુપુરુષનાં જીવનમાં પગલે પગલે જોવાય છે.

**ભૂ**લ લાગી કે સરળતાથી કબૂલવી, સાચું લાગ્યું કે સત્યપ્રેમી બની સ્વીકારવું, અને એવા અવસરે દુન્યવી માનાપમાનથી ઉદાસીન બની રહેવું આ શક્તિ તેઓમાં કોઈ અજબ હતી.

—સૂરિજીની ૪૯મી સ્વર્ગસંવત્સરીના પ્રસંગે એક અર્ધ્યાંજલિ
૨૦૦૧ જેઠ સુદિ ૮ સોમ.

# પુરોહિતના ત્રણ મિત્રો.

: શ્રી પંકજ :

અજ્ઞાન કે મોહની એ અજબ લીલા છે કે, તેને આધીન બનેલા આત્માઓ પોતાના હિત કે અહિત; મિત્ર કે શત્રુ ઇત્યાદિને વિવેકપૂર્વક જાણી શકતા નથી.

શરીર, કુટુંબ અને ધર્મ : આ ત્રણેમાંથી સાચી સહાય કરનારા ધર્મને જગતના જીવો પોતાના પારમાર્થિક મિત્ર તરીકે ઓળખી શકતા નથી. જેથી તેના પ્રત્યે બિલ્કુલ ઉપેક્ષા રાખે છે. જ્યારે શરીર કે કુટુંબને પોતાનું સર્વસ્વ માની સંસારના આ સ્વાર્થઘેલા આત્માઓ તે બન્નેની સેવાની ખાતર દિવસ–રાત સુસજ્જ રહે છે. આવા લોકોને પેલા રાજમાન્ય સોમદત્ત પુરોહિતની જેમ આપત્તિની કપરી વેળાયે પશ્ચાત્તાપનો અવસર આવે છે. જેમાં એના ત્રણ મિત્રોમાંથી બે મિત્રો એને દગો દે છે, અને એક મિત્ર વફાદાર રહે છે.

પુરોહિતના એ ત્રણ મિત્રોની કથા ટૂંકમાં આ પ્રમાણે છે.

---

પૃથ્વીના મુખમંડળરૂપ ક્ષિતિપ્રતિષ્ઠ નામનું નગર હતું. સઘળા શત્રુગણનો નેતા રાજા જિતશત્રુ એ નગરનો શાસક હતો. સોમદત્ત નામનો પુરોહિત તે રાજાને અતિ પ્રિય હતો. તે પુરોહિત સૂર્યની પેઠે સઘળીએ ક્રિયાઓમાં રાજાને સાક્ષી-રૂપ હતો. રાજ્યની અને રાજાની સઘળીય પ્રવૃત્તિઓની જવાબદારી તેને શીરે હતી, તેનું આધિપત્ય બધે એક સરખું હતું.

એ સોમદત્ત પુરોહિતને ત્રણ મિત્રો હતા. એકનું નામ સહમિત્ર, બીજાનું નામ પર્વમિત્ર અને ત્રીજાનું નામ પ્રણામમિત્ર.

સહમિત્ર દરેક કાર્યોમાં સાથે રહેવાવાળો હતો. ખાવામાં

પણ સાથે, પીવામાં પણ સાથે, બેસવા, ઉઠવા, હરવા અને ફરવામાં પણ સાથે જ. પુરોહિત ક્ષણ પણ આ મિત્રના વિરહને સહવા માટે અસમર્થ હતો. પર્વમિત્ર એ બીજા નંબરનો મિત્ર હતો. સઘળાએ પર્વોમાં એ સાથે ને સાથે રહેતો. પર્વોના દિવસોમાં અને ઉત્સવના દિવસોમાં એ ન હોય એ કદી બનતું નહિ.

આ બે ઉપરાંત એક ત્રીજો મિત્ર હતો. તેને પુરોહિત પ્રણામમિત્ર કહીને બોલાવતો. પ્રણામમિત્રનો અને પુરોહિતનો જ્યારે જ્યારે મેળાપ થાય ત્યારે પરસ્પર પ્રણામ પૂરતો જ મેળાપ. આ ત્રણ મિત્રો દ્વારા પુરોહિત પોતાની જાતને સુખી માનતો હતો. સદાકાલ આ મિત્રોથી એ પુરોહિત ગર્વિત રહેતો. આ ત્રણ મિત્રોના બળે એને મન કદી કોઈપણ પ્રકારની આપત્તિની સંભાવના પણ નહોતી. ત્રણ મિત્રના રાગમાં ત્રણ લોકના સામ્રાજ્યને પણ તે તુચ્છ ગણતો.

ઉપરોકત ત્રણ મિત્રોમાં સહમિત્રની મૈત્રીમાં તે ખૂબ ગાઢપણે રક્ત હતો. એના વિના ક્ષણ પણ એને ચેન પડતું નહિ. દરેક ક્રિયાઓમાં એ સાથે જ હોય, આ પ્રકારે તે બન્નેનો વ્યવહાર હતો.

બીજા પર્વમિત્ર પ્રત્યે પુરોહિતને સામાન્ય રીતે ઘણો જ અલ્પ આદરભાવ હતો, છતાં પણ ઘેર જ્યારે જ્યારે ઉત્સવ આદિના કાર્યો આવે ત્યારે એ પર્વમિત્ર અવશ્ય એને ત્યાં હોય. એ હોય તો જ મારા ઉત્સવો દીપે, આમ એ પુરોહિત માનતો.

પ્રણામમિત્ર પ્રત્યે પ્રણામ પૂરતો જ સંબંધ હતો. આથી ઘેર આવવાનો કે અન્ય તથા પ્રકારનો ગાઢ સંબંધ તેની સાથે ન હતો.

કપટીનું ધ્યાન, હાથીના કાન અને કામીનો રાગ જેમ સ્થિર હોતો નથી તેમ રાજાનો સ્નેહ સદાકાળ માટે સ્થિર રહેતો નથી. એક વેળા આ પુરોહિતનો પાપોદય જાગ્યો અને કોઈપણ કારણથી રાજાને તેના પ્રત્યે અવિશ્વાસ થયો. કોઈક ગુન્હાની શંકા જણાતા રાજા જિતશત્રુ, પોતાના એક વેળાના મિત્ર ગણાતા પુરોહિત પર કોપ્યો. અને પુરોહિતના ગુન્હાને મોટું રૂપ આપી તેને મૃત્યુદંડની શિક્ષા ફરમાવી. પુરોહિતે રાજાની પાસે ઘણી આજીજી કરી, છતાં રાજા પોતાના નિશ્ચયમાં જરાએ ડગ્યો નહિ. કોઈપણ ઉપાય રહ્યો નહિ, ત્યારે પુરોહિતને મિત્રો યાદ આવ્યા. હૈયામાં ધીરજ આવી. એ સહમિત્ર પાસે ગયો. રાજાના કોપની કથા કીધી. ' આ મારી કફોડી હાલતમાં મારે માટે તું જ આશ્રયસ્થાન છો. ' એમ તેણે પોતાના મિત્રને જણાવ્યું. ખરે જ આપત્તિ કાલમાં જ મિત્રનું મિત્રપણું જોવાય છે.

પર્વમિત્ર આ સાંભળી રહ્યો. તેણે ધીઠ્ઠાઇથી નિર્લજ્જપણે પુરોહિતને કહી દીધું, ' આપણા બન્નેની મિત્રતા ખરી પણ તે કોઇ આપત્તિનો કાળ ન આવે ત્યાં સુધી. તું આજે રાજ્યનો ગુન્હેગાર છે, રાજ્ય ગુન્હેગારને મારા ઘરમાં હું રાખું તો હું આપત્તિમાં મુકાઉં. કેવળ તારા સારું હું મારા કુટુમ્બને અનર્થમાં નહિ નાખું. '

આ સાંભળી પુરોહિત ઠંડોગાર થઈ ગયો. જેના તરફથી રક્ષણની મોટી સંભાવના રાખી હતી તેનો આ ઉત્તર. ' હા ! હવે હું ક્યાં જાઉં ? જેને મેં મારા પ્રાણની જેમ સાચવ્યો તે મારા મિત્રનો આજે આ જવાબ, હવે અન્ય મિત્રની આશા જ ખોટી ' આ વિચારથી પુરોહિતના હોશકોશ ઊડી ગયા.

એના પગ ઢીલા થઇ ગયા. પણ કાંઇક ને કાંઇક આશાથી એણે પર્વમિત્રના ઘર તરફ પગલા ભરવા માંડ્યાં. પર્વમિત્રને પોતાના મિત્ર પુરોહિત પ્રત્યે કાંઇક સદ્ભાવ હતો. છતાં પોતે રક્ષણ આપવામાં અસમર્થ હતો. તેણે મિત્રતાથી અતિથિધર્મ સાચવ્યો. પ્રણામપૂર્વક પુરોહિતનું બહુમાન કર્યું, પણ તેને આશરો આપવાની પોતાની અશક્તિ બતાવી.

આ રીતે બન્ને મિત્રો પાસેથી નિરાશ થયેલો પુરોહિત દુઃખી હૃદયે ત્યાંથી ચાલી નીકળ્યો. આપત્તિની ભયંકરતા અને સહકારનો અભાવ એ બે વસ્તુ પુરોહિતને પીડા કરી રહી હતી. દુઃખમાં સૌ છેલ્લામાં છેલ્લા સ્નેહીને યાદ કરે છે. જે સ્નેહી પાસેથી લેશ પણ આશાની સંભાવના ન હોય તેની પ્રત્યે પણ દુઃખખૂંચ્યો માનવી આશાથી દોડે છે. પુરોહિત છેલ્લે પ્રણામમિત્રના ઘર ભણી ગયો.

પ્રણામમિત્રે તેને સારો આવકાર આપ્યો. ખૂબ જ આગતા-સ્વાગતા કરી અને અહિં આવવાનું કારણ પૂછ્યું. ઉદ્વિગ્નમને પુરોહિતે પોતાની હકીકત કહી સંભળાવી. અને દયામણા વદને મિત્રની તરફ એ આશાભરી મીંટ માંડી રહ્યો. પુરોહિતે પોતાની કર્મકથની કહી સંભળાવી. આ સાંભળીને પ્રણામમિત્ર ખુશ થયો. ‘આ અમૂલ્ય અવસર છે.’–આમ માની ગમે તે રીતે મિત્રનું રક્ષણ કરવું એમ તેણે મનમાં નિશ્ચય કર્યો. તેણે પુરોહિતને કહ્યું, ‘તું જરાએ ડરીશ નહિ. તારા ઉપર આવેલી આફતના આ અવસરે જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી તારું અનિષ્ટ કરવાને કોઇ સમર્થ નથી.’ આમ કહીને પુરોહિતને તે નિરાબાધ સ્થાને મૂકી આવ્યો. અને પોતાના મિત્ર પુરો-

હિતનું આ રીતે આપત્તિના અવસરે તેણે રક્ષણ કર્યું, પોતાની મિત્રતાનું સાચું મૂલ્ય આ પ્રકારે તેણે ચૂકવ્યું.

વાચકો ! હરેક પળે હરેક ક્રિયામાં પોતાના કરતાં પણ અધિક રાખવા છતાં પણ સહમિત્રે અને પર્વમિત્રે પુરોહિતને જરાએ આશ્રય ન આપ્યો. એવા મિત્રોનો વિશ્વાસ કોઇપણ ડાહ્યો માણસ રાખી શકે નહિ.

આજે આપણે આ બે મિત્રોની પૂંઠે પાગલ બન્યા છીએ અને આપણી આત્મચિંતા કર્યા વગર તે બન્ને મિત્રોની કેવળ સારવાર કરવાને તન્મય બની ગયા છીએ. સહમિત્ર એ આ વિનશ્વર જણાતો આપણો દેહ છે. પુરોહિત એ આપણો જીવ છે અને પર્વમિત્રના સ્થાને કુટુમ્બ પરિવાર છે. જે શરીરના પોષણ માટે આત્માની પણ દરકાર કર્યા વગર, પુણ્યપાપની પણ પરવા કર્યા વગર, જ્ઞાનિઓનાં વચનોને પણ અવગણીને તેમજ કુટુમ્બ અને પરિવારને પણ તરછોડી આપણે બધું કરી છૂટીએ છીએ. તે શરીર પૂર્વ કૃત કર્મોનો વિપાક ભોગવવાના અવસરે આત્માને જરાએ અનુકૂલ બન્યા વિના સહાય કરવાને બદલે દગો દઇ નાશ પામે છે. અને આત્માને વિના સહાયે આપત્તિઓ ભોગવવી પડે છે.

આ વખતે પાપપુણ્યનો વિચાર કર્યા વગર, અનેક પાપોને આચરી જે કુટુમ્બનું પોષણ કર્યું હતું તે કુટુમ્બ પણ પાંચ-સાત કે સો-બસો પગલા મૂકી આવી પાછા ફરી પૂર્વની રીતે જ મોજ-મઝા ભોગવે છે. પર્વમાં, ઉત્સવોમાં જાતની પણ પરવા કર્યા વિના સૌને મદદ કરનાર જીવને કોઇ જ મદદ કરતું નથી અને ઘરમાંથી વિના સહાયે નીકળવું પડે છે. આ

રીતે પર્વમિત્ર સરખા સઘળાં પરિજન છે. ફક્ત પરલોકમાં જતા જીવને પ્રણામમિત્રની માફક કવચિત કવચિત આરાધાયેલો ધર્મ સહાયક બને છે. છતાં પણ સમગ્ર જીવન એ ધર્મ મિત્રની આરાધનાથી પરાઙ્મુખ બની સહમિત્રરૂપ શરીરની અને પર્વમિત્રરૂપ પરિજનની આરાધનામાં ઉત્તમ પ્રકારનું માનવજીવન પૂર્ણ કરી આ મોહમૂઢ જીવ અંતે અશરણ બની દુર્ગતિગામી બની જાય છે.

આથી સૌએ આ ત્રણ મિત્રોને ઓળખી હિતાવહ મિત્રની આરાધનામાં સજ્જ બનવું જોઈએ, જેથી પુરોહિતના જેવી દશા ફરી બનવા ન પામે.

## નરકાવાસની મોજ

વર્તમાન ગુજરાતી નવલકથાકારો છેલ્લી સદીના યુરોપીય નવલકથાકારોને અનુસરી પોતાની નવલોમાં નીતિ, ધર્મ ઇત્યાદિની સ્હામે ચેડાં કાઢે છે. પવિત્ર કે વીરપૂર્વજોના ચારિત્રની મનપસંદ છણાવટ કરી, નાસ્તિકતા, લગ્ન પ્રત્યેની તરંગી ભાવના વગેરે વિષયોને સ્પર્શવામાં મહત્તા માની રહ્યા છે. આની સ્હામે યુરોપની પ્રસિદ્ધ લેખક એડવર્ડ લીટલીટન કહે છે કે, "જો આ ફેશનને રોકવામાં નહિ આવે તો મૃત્યુ પછીના નરકાવાસની ઉડાવી મૂકવામાં આવેલી માન્યતાને બદલે આ જન્મમાં અને આ લોકમાં જ તેનાં દર્શન થશે.

# યુદ્ધવિરામ અને વિશ્વશાંતિ

શ્રી સોમચંદ શાહ.

બ્રીટન, અમેરિકા અને રશિયાના બળ સામે જર્મની છેવટ સુધી યુદ્ધના મોખરે ઊભું રહ્યું. છ વર્ષના વ્હાણાં વાયા પછી જર્મનના મોવડીઓને લાગ્યું કે હવે આપણે લાંબો વખત ટકી શકીએ તેમ નથી. જો કે જર્મનીએ પ્રારંભમાં જોમ ઠીક–ઠીક બતાવ્યું પણ એ જોમનો ઉભરો અલ્પકાલીન હતો. જ્યારે એમ જાણ્યું કે હવે પરાજય નજીકમાં છે ત્યારે જર્મનીએ મિત્ર રાજ્યોના ખત–પત્રકમાં બિનશરતી શરણાગતિ સ્વીકારી મત્તું મારી આપ્યું, અને એ રીતે જર્મની સાથેનું યુદ્ધ તા. ૭ મીના રોજ ખતમ થયું.

પાંચ વરસ, છમાસ અને ૭ દિવસ સુધી યુરોપની ભૂમિ ઉપર યુદ્ધની તાંડવ લીલા ચાલી. એ તાંડવમાં આજ સુધીમાં જગતે ઘણું ગુમાવ્યું છે. લાખ્ખોની સંખ્યામાં માનવોની ક્રૂર અને કારમી રીતે કતલેઆમ થઇ છે. અબજોની સંખ્યામાં દ્રવ્ય વ્યય થયો છે. પુષ્કળ કાચા માલનો તે નિમિત્તે ઉપભોગ થયો છે. ઇતિહાસ કહે છે કે, સને ૧૯૧૪ ની લડાઈ પણ આટલી ઘાતકી અને કરુણ ન હતી. જગતનું કોઇ પણ રાજ્ય કે જગતનો કોઇ પણ માનવી આ વિશ્વયુદ્ધથી પર નહિ રહી શકયો હોય. આ વિશ્વયુદ્ધે પ્રત્યેક માનવીના જીવન વ્યવહારને અસર પહોંચાડી છે.

છ વર્ષની ખૂવારીના આંકડાઓ જ્યારે બહાર પડશે ત્યારે સહૃદયી માનવીનું હૃદય જરૂર ઘવાશે. પારાવાર દુઃખને અનુભવશે. એ આંકડાઓ એટલા મોટા હશે કે સામાન્ય ભણેલો

એ વાંચી શકશે કે કેમ એ એક શંકા છે. આવાં મોટાં વિશ્વ-યુધ્ધો એ અનેક પાપોનું અને દુઃખોનું પરિણામ છે. પણ આ કોણ સમજી શકે ? આર્ય ભાવનાથી કે આર્ય સંસ્કારથી જેનું હૃદય વાસિત હોય તે જ. આર્યની ગણતરીમાં લેખાતો હોવા છતાં પણ જેનું હૃદય અને માનસ ગીરો મૂકાયું હોય તેને યુદ્ધ ઉત્પત્તિની પૂર્વ ભૂમિકા જડવી મુશ્કેલ છે.

યુધ્ધોત્તર વિશ્વ–શાંતિ નજીકમાં કલ્પવી તે પણ ઉતાવળ છે કારણ કે દેશોની અને હક્કોની વહેંચણીમાં હજુ અનેક મુશ્કેલીઓ આડે આવી ઊભી છે. યુદ્ધના અભ્યાસીઓ અને અખબારનવેશોની કલમો હજુ કાંઇ જુદું જ કહે છે. ત્રીજા વિશ્વયુદ્ધની આગાહીઓ અત્યારથી જ થઈ રહી છે તો પછી શાંતિનાં વલખાં મારવાં એ ધૂમાડામાં બાચકા ભરવા જેવું છે. કહેવું જોઇએ કે, આખાયે જગતના પ્રત્યેક માનવીને હેરાન–પરેશાન કોઇ પણ કરતું હોય તો અમર્યાદિત ઈચ્છાઓ અને લોભની અપરિમિત ભૂખ.

આ લેખ લખાય છે ત્યાં સુધી તો હજુ સાનફ્રાન્સીસ્કો પરિષદ ચાલુ છે. વાટાઘાટોની પતાવટ જૂનની પંદરમી સુધી કલ્પવામાં આવે છે. પરસ્પર એક બીજા સામ્રાજયના સત્તાધીશોની ખેંચતાણ ચાલુ છે. પરિષદ હેમ–ખેમ રીતે પતી જાય અને બધાંનાં મન સંતોષાય તો તો ત્રીજા વિશ્વયુદ્ધની આગાહીઓ ખોટી પડશે, નહિતર આજે નહિ તો આવતી કાલે પણ ત્રીજા વિશ્વયુદ્ધની શરૂઆત હશે અને તે યુદ્ધ કેવું દારૂણ અને હત્યાકાંડવાળું હશે તે તો તે વખતના ઇતિહાસકારો કહેશે.

આર્ય પ્રજાની મનીષા તો અંતરથી તેજ હોય કે ‘ જગત આવાં હત્યાકાંડી યુધ્ધોથી કયારે મુક્ત બને અને જગત પર

ક્યારે નીરવ શાંતિ પથરાય ' પણ કોઈનું ધાર્યું બન્યું નથી, બનતું નથી, પણ સંસ્કારી માનવીના હૃદયની ભાવના તો તે જ હોવી જોઇએ.

યુદ્ધના પરિણામે દરેક રાષ્ટ્રે અને દરેક માનવીએ ઓછે-વત્તે અંશે અનેક પ્રકારની ખુવારીઓ, મુશ્કેલીઓ, અથડામણો અને સંકડામણોને વેઠી છે. તે પણ બે-પાંચ દિવસ નહિ પણ મહિનાઓ ને મહીનાઓ સુધી વેઠી છે. યુદ્ધ-વિરામ જાહેર થયો ત્યારે અનેક માનવીઓનાં હૃદય શાંતિ અનુભવતાં બન્યાં અને એક બીજાને પરસ્પર કહેવા લાગ્યાં કે, ' જેની ઘણા દિવસથી રાહ જોતાં બેઠાં હતાં તે શાંતિ હવે મળશે ? અને એ રીતે પ્રજાએ મે ની તા. ૯-૧૦ અને ૧૪ ના દિવસોને ' વિજય દિવસ ' તરીકે ઉજવ્યા.

પણ હજુ જાપાન સાથેની લડાઇ ચાલુ છે અને એ લડાઇ પણ વધુ વખત ન ટકે એમ આપણે તો ઇચ્છીએ. જોકે જાપાન બ્રિટન સામે ટકી શકે કે ન ટકી શકે એ વાતને પણ બાજુએ રાખીએ પણ આપણે તો એક જ પ્રશ્ન વિચારવાનો રહે છે કે, જગત જે અશાંતિમાં બળી-ઝળી રહ્યું છે, કારમી વેદના-ઓમાં સબડી રહ્યું છે અને દુઃખના ડુંગરામાં જે ભટકી રહ્યું છે તેનાથી તેનો કેમ જલ્દી બચાવ થાય અને જીવન વ્યવહાર કેમ સરળ બને એ જોવાનું, જાણવાનું અને વિચારવાનું છે.

' નાહક યુદ્ધને લંબાવી પાયમાલીને વધુ નોતરવા જેવું છે અને એથી ડુબતાં પ્રીણને વળગવાનું છોડી દઇ જાપાન સંધીના રાહ ઉપર જલ્દી આવી જાય તો વર્તમાનમાં તો જગત શાંતિને અનુભવે. '-એમ આપણને કદાચ લાગે. પણ વાત એ છે કે, આખા યુરોપનું તંત્ર જડવાદ અને વૈજ્ઞાનિકવાદ ઉપર ખડું

કરવામાં આવ્યું છે અને એથી જ આ દુ:ખની પરંપરા વધતી જાય છે એમ કહેવું જોઈએ. કારણ કે યુદ્ધ જેવા કારમા રોગો જડવાદના મૂળમાંથી ફાટી નીકળે છે. એ જડવાદનું જગત પરથી અસ્તિત્વ નાબૂદ થશે ત્યારે જ ખરેખરી શાંતિનું જગત ભાગી બનશે. તે વિના તો થીગડા મારી ચલાવવા જેવું છે.

વૈર કે વૈમનસ્યો, શમ્યાં નથી; કેવળ યુદ્ધ શમ્યું છે એટલા માત્રથી સંતોષ માની શકાય નહિ. ખરી રીતે વૈર–વિરોધને શમાવવાથી આપોઆપ યુદ્ધ જેવા કોપો નાબૂદ પામશે.

વર્તમાનમાં જે વૈજ્ઞાનિકયુગે શોધો અને શસ્ત્રો ઊભાં કર્યાં છે અને જે સંરક્ષણનાં સાધનો મનાય છે તે જ માનવભક્ષી બન્યા છે. એટલે ખરી રીતે આખો યુગ પરિવર્તન માગે છે. ચણતર જ નવેસરથી કરવાની જરૂર છે. બાકી તો સંરક્ષણનું સાધન એ જ જગતનું મારણ બન્યું છે અને બનશે.

માટે જ આજનું યુદ્ધવિરામ એ સાચું વિરામ નથી અને આજની ઉપજાવી કાઢેલી વિશ્વશાંતિ એ ખરી શાંતિ નથી. કારણ કે હજુ સામ્રાજ્યવાદી માનસ તો તેવુંને તેવું સળગતું બેઠું છે.

## કલ્યાણનો આગામી ખંડ

કલ્યાણના ચાલુ વર્ષનો આગામી ખંડ ત્રીજો, શ્રાવણ સુદિ પૂર્ણિમાના દિવસે પ્રસિદ્ધ થશે; આથી આ ખંડમાં પ્રગટ કરવાના લેખો અસાડ સુદિ ૧૩ સુધીમાં અમને મળી જાય તે રીતે મોકલવા અમારા માનનીય લેખકોએ કૃપા કરવી.

આ મુદત બાદ આવેલા લેખો, શ્રાવણના ખંડમાં પ્રગટ ન થઈ શકે તો તે માટે અમે જોખમદાર નથી. વ્ય. પ્રકાશન મંદિર.



# નવાં પુસ્તકો અવલોકન

## જ્યોતિ:કલ્પલતા

**ભાગ ૧-૨ :**

**લેખક : મુનિશ્રી શાન્તિવિમળજી મહારાજ.**
**પ્રકાશક : અમૃતહિમ્મત ગ્રન્થમાળાઃ ખાનપુર.**

જ્યોતિષ, શકુન અને સામુદ્રિક ઇત્યાદિ શાસ્ત્રોના સારને આ બન્ને ભાગોમાં લેખક મુનિશ્રીએ સંગૃહીત કર્યો છે. વિદ્વાન મુનિશ્રીને આ વિષયોનું પદ્ધતિસર તલસ્પર્શી જ્ઞાન કદાચ હોય એ બને, પણ આ પુસ્તકોમાં જે રીતે છૂટીછવાઈ વસ્તુઓ રજૂ કરવામાં આવી છે, તે પરથી એમ કહી શકાય કે, લેખનકાર્ય કરતાં કેવળ સંગ્રાહકની જેમ ઉક્ત મુનિશ્રીએ આમાં સંગ્રહ પ્રગટ કર્યો છે.

ઉક્ત બન્ને ભાગોમાં એકંદરે સારો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ દૃષ્ટિયે પુસ્તકોનાં પ્રકાશનની પાછળ વિદ્વાન મુનિશ્રીએ ઠીક મહેનત લીધી છે. પણ આ શૈલીએ આવા વિષયોના અધૂરા ગ્રન્થો પ્રગટ કરવાથી આના અભ્યાસીને રીતસરનું જ્ઞાન ન થઇ શકે, એમ અમને લાગે છે. પુસ્તકોમાં સંગૃહીત થયેલા વિષયો એવા છે કે, કુતૂહલવૃત્તિએ આ પુસ્તકોને જોઇ જવાનું પણ સ્હેજે મન થાય. છતાં જો આ મહેનત પ્રત્યેક વિષયનું પદ્ધતિસર શાસ્ત્રીય દૃષ્ટિયે ઉંડાણથી નિરૂપણ કરવામાં થઇ હોત તો તેના ખાસ અભ્યાસીને સચોટ અને રીતસરનો સૂક્ષ્મબોધ થઇ શકત.

બીજું : આ પુસ્તકોમાં શકુન, સામુદ્રિક તેમજ ફલાદેશના જે જે વિષયો વર્ણવ્યા છે તે વર્ણનમાં આ રીતે છૂટુંછવાયું રજૂ કરવાથી લાભને બદલે હાનિ થવાનો કદાચ વધુ સંભવ રહે ! કારણ કે, જ્યોતિષશાસ્ત્ર તેમજ શકુન આદિ શાસ્ત્રોનો સાર સંગૃહીત કરનારને માથે વધુ

જવાબદારી રહે છે. આવા પુસ્તકોને વાંચી જે તે માણસ આના પરથી આ વિષયના અધકચરા જ્ઞાનથી જ્યાં ત્યાં તેના ફ્લાદેશને અનુભવવા માટે ઉતાવળો બની જશે અને તેમ કરતાં તેનો સાચો મર્મ, તેનું ઊંડાણ કે પદ્ધતિસરના જ્ઞાનના અભાવે જો કોઇ બાબતોમાં એનાથી વિપરીત જણાયું, એટલે આ વાંચનારો તે પોથીપંડિત, આવા વિષયોનું સાદ્યન્ત નિરૂપણ કરનારા તે તે અવિસંવાદી શાસ્ત્રોની પ્રામાણિકતા માટે જરૂર શંકાશીલ બનશે.

તદુપરાંત: 'વર્તમાન કાલમાં ફ્લાદેશ, સામુદ્રિકશાસ્ત્ર, શકુનશાસ્ત્ર ઇત્યાદિ વિષયોના પ્રચારમાં પૂ. નિર્ગ્રંથ મુનિવરોએ રસ લેતા બનવું કે નહિ ?' એ એક વિચારણીય પ્રશ્ન છે. હા, બેશક; એ વિષયોનું તલસ્પર્શી જ્ઞાન એઓ અવશ્ય મેળવે, તે પણ પોતાના અધિકાર પ્રમાણે અને પોતાના આત્મકલ્યાણને, નિઃસ્પૃહતા ગુણને, તેમજ મુનિપણાની ઉચિત મર્યાદાઓને સ્હેજ પણ આઘાત ન આવે તે રીતે જ.

પરન્તુ આ વિષયોનો પ્રચાર એ કોઈપણ રીતે ઇચ્છિનીય નથી, આ અમારી નમ્ર માન્યતા છે; કેમકે આવા વિષયોનો જન સમાજમાં બ્હોળો પ્રચાર થવાથી અર્થ અને કામની એષણામાં ગળાડૂબ ડૂબેલી આજની દુનિયા, ત્યાગી મુનિવરોને પોતાના આત્મકલ્યાણના પવિત્ર માર્ગ પરથી ક્યારે ખસેડી નાંખશે એ કહી શકાય તેમ નથી.

આ હકીકત અમને પોતાને જે લાગે છે તે પ્રમાણિકપણે જણાવવું જોઇએ, આમ માનીને જણાવી છે. જો આમાં શાસ્ત્ર દષ્ટિયે અમારી સમજ-ફેર થતી હોય તો અમને તે વિષયના વિદ્વાનો અવશ્ય માર્ગદર્શન આપશે.

બાકી, અમે પ્રામાણિક પણે માનીયે છીએ કે, પૂ. ત્યાગી વિદ્વાન મુનિવરો આ વિષયમાં ખૂબ રસ લેતા થવાથી; પોતાના જ્ઞાન, ધ્યાન, તપ, વૈરાગ્ય આદિ ગુણોથી પરિણામે હારી જશે ! અને ગૃહસ્થોની સાથે આવા વિષયોની વાત-ચિતોથી તેઓને પણ ધર્મપ્રાપ્તિમાં નિમિત્ત-આલંબન બનવાને બદલે અર્થ કે કામની પ્રાપ્તિમાં સહાયક બનવાનો પ્રસંગ કદાચ આવી લાગે !

આ એક ચેતવણીરૂપ હકીકત છે. સેંકડે બે પાંચ મુનિવરોમાં જ હજુ આ વિષયનો પ્રચાર થયો છે. પણ જો આગળ પર આનાથી સાવધ નહિ રહેવાય તો આ ચેપ, ત્યાગી મુનિવરોના સંયમગુણનો નાશક બનશે. એ નિર્વિવાદ વાત છે.

પણ આથી આ બધા વિષયોનો તલસ્પર્શી અભ્યાસ, પૂ૦ વિદ્વાન મુનિવરોએ ન કરવો જોઇએ એમ અમારું કહેવું નથી; કારણ કે, અમે તો માનીએ છીએ કે, 'જગતના પ્રત્યેક વિષયોનો તલસ્પર્શી અભ્યાસ, જૈન ત્યાગી મુનિવરોએ કરવો જ જોઇએ. દુનિયાની દરેક ભાષાઓ, જગતનું વૈજ્ઞાનિક શાસ્ત્ર, જગતનાં બધાં ધર્મદર્શનો તેમજ જગતની રાજકારણી, સામાજિક અને વૈયક્તિક સમસ્યાઓ આ સઘળાયનું પદ્ધતિપૂર્વકનું સચોટ જ્ઞાન જૈન મુનિવરોને હોવું આવશ્યક છે.

આમ કરવાથી, જૈન મુનિવરો દ્વારા જૈન સંસ્કૃતિનો સંદેશ, વિશ્વના પ્રત્યેક પ્રદેશોમાં સાક્ષાત્ તેમજ પરંપરાયે પ્રચારને પામી શકશે. કારણ કે, જૈન સંસ્કૃતિની મહત્તાનો ખ્યાલ જૈન મુનિવરો જ જગતની સંસ્કૃતિભૂખી પ્રજાને આપી શકશે. પણ જ્યારે તે ત્યાગી મુનિવરો, પોતાની વિદ્વત્તાનો સદુપયોગ જૈન-જૈનેતર ધર્મદર્શનોના અભ્યાસના માર્ગે કરે. આ કારણે અમારું માનવું છે કે ' દરેક દરેક વિષયો જેવાં કે, શિલ્પ, સામુદ્રિક, જ્યોતિષ, શકુન, પ્રશ્નશાસ્ત્ર, સંગીત, મંત્રવિદ્યા કે તંત્રશાસ્ત્ર ઇત્યાદિનું સળંગ અને પદ્ધતિપૂર્વકનું શાસ્ત્રીય જ્ઞાન મેળવવું એ આજના યુગમાં પૂ૦ ત્યાગી મુનિવરો માટે ખૂબ જ આવશ્યક છે.

પરન્તુ તે તે વિષયોના અધિકારી તરીકેની તે તે મુનિવરોની યોગ્યતાને, ગીતાર્થ ગુરુદેવ સ્થાનીય મુનિવરોએ શાસ્ત્રીય રીતે નિષ્પક્ષપાતભાવે તપાસ્યા પછી તે તે વિષયના અભ્યાસને માટે પોતાના નિશ્રાવર્તી વિદ્વાન મુનિવરોને અનુજ્ઞા આપે તો તે વિષયના જ્ઞાનનો સદુપયોગ થાય. આમ જો થાય તો અમારું માનવું છે કે, જૈન શ્રમણ સંસ્થાનું ભૂતકાલીન ગૌરવ પાછું જીવન્ત બને તથા જૈન સંસ્કૃતિનો વિજયધ્વજ સમસ્ત સંસારમાં દિગંતવ્યાપી બની અવિરત ફરકતો રહે.

## નૂતન સ્તવન સજ્ઝાય સંગ્રહ

કર્તા: **આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.**

પ્રકાશક: **કેશવલાલ વજેચંદ કાપડીયા ખંભાત.**

પૂ૦ કવિકુલકિરીટ જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવશ્રીની આ કૃતિ, વર્તમાનકાલમાં સ્વાધ્યાયના અર્થિ આત્માઓ માટે ખૂબ જ ઉપયોગી છે. પૂ૦ આચાર્યદેવશ્રીની નૈસર્ગિક શકિતનું આ એક નિર્મલ અને શ્રદ્ધાભીનું પવિત્ર ઝરણું છે. અત્યાર અગાઉ પૂજ્ય સૂરિદેવશ્રીના સ્તવન–સજ્ઝાયોના આવા અનેક પ્રકારના સંગ્રહો પુસ્તકાકારે પ્રગટ થયા છે. એ જ હકીકત કહી આપે છે કે, પૂ૦ આચાર્યદેવશ્રીની આ પ્રકારની કૃતિઓ માટે જનતાની કેટલી બધી ઊંડી ભૂખ છે.

વર્તમાનયુગમાં જો કે, ચાલુ રાગના અનેક સ્તવનસંગ્રહો બહાર પડ્યા છે, છતાં પૂ૦ સૂરિદેવશ્રીની આ પ્રકારની સ્તવનાદિ કૃતિઓમાં આ એક ખાસ વિશિષ્ટતા છે કે, તેઓશ્રીની રચનાઓ, સ્વતંત્ર, મૌલિક અને ભાવપૂર્ણ તેમજ અર્થગંભીર હોય છે. જ્યાં નૈસર્ગિક શકિત કે સ્ફૂરણા હોય છે ત્યાં જ આમ બનવા પામે છે અને આવી જ કૃતિઓ જરૂર લોકાદરને વધુ પ્રાપ્ત કરી શકે છે.

પરમાત્માના ગુણ ગાવાની આ શૈલી, વર્તમાન વાતાવરણમાં બાલ-માનસને ખૂબ જ અનુકૂલ છે. પૂ૦ સૂરિદેવશ્રીનો આ અમૂલ્ય સંસ્કારવારસો તેઓ શ્રીમદ્‌ના વિદ્વાન અન્તેવાસિઓમાં પણ સારી રીતે ઉતર્યો છે, એ પણ એક આનન્દની વાત છે.

પૂ૦ આચાર્યદેવશ્રી, આ રીતે વિવિધ માર્ગે જનકલ્યાણકારીણી પોતાની શક્તિઓનો સદુપયોગ કરવાદ્વારા આબાલગોપાલ જનતા પર નિરંતર ઉપકારોની અમીવૃષ્ટિ વરસાવતા રહો !

## ગૌરવગાથા

લે૦ **શ્રી અતિથિ, પ્ર૦ ચંદુલાલ જમનાદાસ છાણી.**

શ્રી **અતિથિની** અનોખી કલમથી લખાયેલું આ જીવનચરિત્ર સુંદર,

સરળ અને ભાવવાહી બન્યું છે. સ્વર્ગીય આચાર્યદેવ શ્રીમદ્ વિજય-ગંભીરસૂરીશ્વરજી મહારાજના જીવનપ્રસંગોની ગૌરવગાથા ધારાબદ્ધ શૈલીયે ઉચિત ભાષામાં આ પુસ્તિકામાં રજૂ થઈ છે. આ પુસ્તિકામાં જે રીતે સ્વ૦ આચાર્યદેવશ્રીની જીવનકથા વણી લેવામાં આવી છે તે રીતે ગુણાનુરાગી વર્ગને પણ સુરૂચિપૂર્વક વાંચી જવાનું મન થયા વિના રહે નહિ.

## श्री सिद्धहेमलघुवृत्तिः अवचूरिपरिष्कारेण समेता.

### પ્ર. લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાલા

ગારીયાધાર [ કાઠીયાવાડ ] મૂલ્ય ૦-૧૦-૦

કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના સ્વોપજ્ઞલઘુવૃત્તિ વ્યાકરણ પર, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-લબ્ધિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય વિદ્વાન મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજીએ અવચૂરિપરિષ્કારની જે સરળ રચના કરી છે, તે આ ગ્રન્થમાં પ્રગટ થઇ છે. ડેમી ૮ પેજ ફારમવાળી ૨૨ પેજની આ પુસ્તિકામાં પહેલા અધ્યાયના પહેલા પાદની અવચૂરીનો પરિષ્કાર પ્રસિદ્ધ થયો છે.

એકંદરે; કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ હેમચન્દ્રસૂરિ મહારાજના વ્યાકરણ–લઘુવૃત્તિને ટૂંકમાં સ્હમજનારને માટે આ પરિષ્કારમાં તેના સંપાદક પૂ. મુનિરાજશ્રીએ અનુકૂળતા કરી આપી છે.

એક એક પાદની અવચૂરિનો પરિષ્કાર આ રીતે છૂટી છૂટી પુસ્તિકા-દ્વારા પ્રસિદ્ધ થાય તેના કરતાં સમગ્ર અધ્યાયનો પરિષ્કાર સળંગરીતે પ્રસિદ્ધ થાય તો અભ્યાસીઓને વધુ અનુકૂળતા રહે એમ અમને લાગે છે.

આ ગ્રન્થનું પ્રકાશન કે સંપાદનકાર્ય ખૂબ પરિશ્રમપૂર્વક ચીવટથી થયું છે. ગ્રન્થના પ્રકાશન પૂરેની શક્તિ, સમય તેમજ શ્રમના વ્યયની અપેક્ષાએ આ પુસ્તિકાનું મૂલ્ય દશ આના એ તદ્દન નજીવું છે.

દરેકે દરેક વ્યાકરણના અભ્યાસીઓએ તેમજ પુસ્તકભંડારોના વ્યવસ્થાપકોએ આ પુસ્તિકા વસાવી લેવા જેવી છે.




જગતનો નકશો આજે ખૂબ જ પલટાઇ ગયો છે. ગઇકાલ સુધી ધરતીના પટ પર પથરાયેલી મહાન સત્તાઓને પડકારનારા હિટલર, ગોએબ્લ્સ કે હિમલરની ત્રિપુટીનો યુગ હવે આથમી ગયો છે, એ જ કહો આપે છે કે, 'ઘમંડ કે ગુમાન, ટકાવ્યા કોઇના ટકયા નથી, ગમે તેટલા તોફાનો, ધમપછાડાઓ કે કોલાહલો મચાવવા છતાં અન્તે પાપ એક દિવસે અવશ્ય પોકારી ઉઠશે.'

છેલ્લા વર્ષોથી દુનિયાના તખ્તા પર ભજવાઇ ગયેલું નાટક ખૂબ જ કરુણ, તેમજ નિરાશામય હતું. ભૂતકાલનો એ ઇતિહાસ વાંચતા, સાંભળતા હજુ કંપારી છૂટે છે કોણ જાણે આ મોહઘેલી દુનિયાનો આવતીકાલનો ઇતિહાસ હવે કેવો ભયંકર હશે!

આંતરરાષ્ટ્રીય જગતમાં વિજળી વેગે બનતા આ બધા બનાવો આપણને ચેતવે છે. 'ચેતજો! સંભાળજો! જો જો! ભાનભૂલા બની માર્ગને ચૂકતા નહિ. ભલભલા સામ્રાજ્યના માલિકોનો પણ ગર્વ ઘડીના છઠ્ઠા ભાગમાં ગળી ગયો, તો તમે કોણ માત્ર?' આ ચેતવણી સાચે અર્થગંભીર છે.

પૃથ્વીના પટ પર છેલ્લા દિવસોમાં ઘણું ઘણું બની ગયું. હિન્દુસ્તાનની ધરતીએ ઘણું નવું જાણ્યું, અનુભવ્યું, યાવત્ જૈન સમાજે પણ આ દિવસોમાં અનેક પ્રકારની કડવી-મીઠી

અનુભવી છે, જેની આ રીતે આટલી ટૂંકી નોંધલેવાનો અવસર 'કલ્યાણ'ના સંપાદક તરીકે અમને આજે મળે છે.

કલ્યાણના બીજા વર્ષનો બીજો ખંડ આજે વાચકોની સમક્ષ રજૂ થાય છે. ફાલ્ગુન પૂર્ણિમા પછી લગભગ ત્રણ મહિનાઓ બાદ [ અધિક ચૈત્રને ગણતરી બહાર રાખ્યો છે ] આજે જેઠની પૂર્ણિમાએ કલ્યાણ, પોતાના બીજા ખંડદ્વારા વાચકોના હાથમાં આવે છે. જે વેળા જગત અને જગતની દરેકે દરેક પ્રજા ધરતીકંપના આંચકાઓ અનુભવી રહી છે.

કલ્યાણના પ્રકાશનમાં અમને રસ છે, એથી જ આની પૂંઠે અમે અમારી શક્તિઓ ઉચિત રીતે ખર્ચી રહ્યા છીએ, જેમાં આપ્તમંડળના માનદ્ સભ્યોનો સહકાર ખૂબ જ યાદગાર બની રહ્યો છે. દિનપ્રતિદિન કલ્યાણની સાહિત્ય પ્રવૃત્તિઓ વિશેષ રીતે વિકસતી થઇ શકે તે કરવાને અમે ઇન્તેજાર છીએ, અને તે માટે અમે શકય કરી રહ્યા છીએ. લેખકો, શુભેચ્છકો તેમજ સહાયકોની મહામૂલ્ય સહાયથી અમારી પ્રવૃત્તિઓ વેગવાળી બની રહી છે એ અમારે મન ગૌરવનો વિષય છે.

સ્વચ્છતા, સુઘડતા અને આકર્ષકતા ઇત્યાદિ બાહ્ય રૂપ-રંગથી તેમજ સુંદર કોટિના સંસ્કારી લેખોની આન્તર સામગ્રીના કારણે અભ્યન્તર રૂપરંગથી કલ્યાણનું આ પ્રકાશન ' સાચે સંસ્કારવાંછુ સહૃદય અભ્યાસી વાંચકોનાં હૃદયને જીતી શકયું છે ' એમ ચોમેરથી અમારા પર આવતા માયાળુ પત્રોદ્વારા અમે જાણી શકયા છીએ.

જૈન-જૈનેતર સમાજનાં શિક્ષિત વર્ગને ધર્મ, સાહિત્ય અને સંસ્કારનો સંદેશો આપનારું આ પ્રકાશન, આ રીતે વધુ

ને વધુ પ્રગતિ કરતું રહે એ જોવા-જાણવાને અમે અતિશય આતુર છીએ. લેખકો, વાચકો, શુભેચ્છકો કે જેઓએ અમારી સાહિત્યપ્રવૃત્તિને અત્યારસુધી અમીની દૃષ્ટિથી નિહાળી, પાળી અને પોષી છે તેઓના શુભ આશિષોથી અમારા કર્ત્તવ્યમાર્ગે અમો આગળ કૂચ કરીશું. આ અમારો અડગ આત્મનિશ્ચય છે.

આ પ્રસંગે અમારે એક સ્પષ્ટતા કરવી જરૂરી છે કે, જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં અમને પૂર્ણ શ્રદ્ધા છે. એ સંપ્રદાયના અમે ઉપાસક છીએ. એના પરાપૂર્વથી ચાલી આવતા પ્રામાણિક અને શાસ્ત્રીય પ્રત્યેક રીત-રિવાજોને અમે સન્માનની દૃષ્ટિયે જોઈએ છીએ. છતાં જૈન સમાજમાં પ્રચલિત આનાથી અન્ય કોઈ પણ સાંપ્રદાયિક મત, મતાન્તરો, રીત-રિવાજો કે પક્ષોને અમે અંગત દ્વેષ, ઇર્ષ્યા યા તેજોદ્વેષથી જોવામાં ડહાપણ માનતા નથી. તદુપરાંત અમે જે સંપ્રદાયમાં છીએ તે સંપ્રદાયના અનેક પક્ષો કે સમુદાયો જે રીતે વહેંચાયા છે તે તે મતભેદો જે રીતે વર્તમાનકાળે ચાલી રહ્યા છે તેને અંગે કલ્યાણના સંપાદક તરીકે, તે તે મતોને સ્હેજ પણ સ્પર્શવાની કે તે નાજુક પ્રશ્નોને છેડવાની નીતિ અમે રાખી જ નથી.

કલ્યાણના સંપાદનમાં અત્યાર અગાઉ જે નીતિ અમે સ્વીકારી છે તેને જ સંપૂર્ણપણે વફાદાર રહેવાનો અમારો અફર નિશ્ચય છે. વર્તમાનના મત-મતાન્તરોમાં કોઇ પણ પક્ષ કે જે સત્ય હોય તો પણ તે પક્ષના કે તે સમુદાયના જ બનીને તેના જ થઈને રહેવું તે અમને આજના સંયોગોમાં પાલવે તેમ નથી. તેમ રહેવામાં કલ્યાણની પ્રતિષ્ઠા, તેનું કાર્યક્ષેત્ર, તેનો ઉદ્દેશ-આ બધું જોખમમાં મૂકાવાનો વર્તમાન સંયોગોમાં અમને પૂરેપૂરો ભય રહે છે. આથી આ તકે અમે

કહીશું કે, જૈન સંસ્કૃતિની સેવાકાજે મથતા અમારા આ પ્રકાશનની પ્રવૃત્તિઓ કોઇની શેહ, શરમ કે દાક્ષિણ્યતાથી અથવા કોઈ પણ પક્ષની દબામણી, આડખીલી કે નડતરથી કદિ પણ નહિ જ ગૂંગળાય.

આ પ્રકાશનની પૂંઠે જેઓનો મહામૂલ્ય સહકાર છે તે બધા સંસ્કારવાચ્છુ ધર્માત્માઓને અમારી આ નીતિ વિષે ફરી અમે અમારું આ નિવેદન રજૂ કરી દઈએ છીએ, અને જૈન સમાજના પૂ. આચાર્યાદિ વિદ્વાન મુનિવરોને તેમજ વિચારક લેખકોને આ તકે અમે આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ કે, આપ સહુ; આપના લેખો, માર્ગદર્શન, સલાહ કે સૂચના વિના સંકોચે કલ્યાણમાં મોકલી આપી અમારી આ પ્રવૃત્તિને ઉત્તેજન આપવા આપ આપનાથી બનતું બધું કરશો.

કોઇને હજુ પણ અમારી નીતિ–રીતિ વિષે ભ્રમ હોય તો તેઓએ કૃપા કરી સ્હમજી લેવું કે, 'જૈન સમાજના શિષ્ટ અને સંસ્કારી પ્રકાશન કલ્યાણના સંપાદનની જવાબદારી માથે લેનાર તરીકે અમને અમારી પોતાની બધી ફરજોનો પૂર્ણ ખ્યાલ છે. આથી કલ્યાણના સંપાદક તરીકે કોઈ પણ પળે કોઈ પણ પ્રકારના નાજુક પ્રશ્નોને હાથ ધરી, કલ્યાણનું લોકપ્રિય પ્રકાશન અળખામણું બનાવવાને અમે તૈયાર નથી. આથી આજના તંગ વાતાવરણમાં એક જ સંપ્રદાયના કોઇ પણ પક્ષ, મત કે વાદવિવાદનાં પ્રશ્નોની છણાવટથી આ અમારૂં પ્રકાશન હંમેશા દૂર રહેશે, 'હા બેશક, મતભેદો ઉગ્રરૂપ ન લે, સમાજની શાન્તિ ન જોખમાય'—આ બધું લક્ષમાં લઇ જનકલ્યાણકર ઉચિત કર્ત્તવ્યક્ષેત્રે વિચરવામાં અમે કદિ પાછા પડીશું નહિ.

પરિસ્થિતિ આટલી બધી સ્પષ્ટ હોવા છતાં, જેઓ કેવળ

લાગણીવિવશ બની અમને એકપક્ષીય તરીકે હલકા પાડવાની પ્રવૃત્તિઓ પોતાના પ્રચારક સાધનો દ્વારા કરે છે તેઓ પ્રત્યે અનુકંપા તેમ જ ઉપેક્ષા રાખી અમે અમારા માર્ગે આગેકદમ ભરતા રહ્યા છીએ અને ભરતા રહીશું. અમે સ્હમજીએ કે, આવા એક પ્રકારના લાગણીવશ વર્ગના આ રીતના બેજવાબદાર પ્રચારની જૈન સમાજના શિષ્ટ, સંસ્કારી અને વિચારક વર્ગને ફૂટી કોડીની પણ કિંમત નથી. આથી અમે માનીએ છીએ કે આવા પ્રચારકો અમારા માર્ગનું-કર્ત્તવ્યનું અમને ભાન કરાવવાપૂર્વક જાગ્રત રાખનારા અમારા હિતબન્ધુઓ છે.

શાસનદેવ ! અમારાં કર્ત્તવ્યક્ષેત્રમાં આવતાં વિઘ્નો, ઉપદ્રવો કે તોફાનોની આંધી સ્હામે અડોલપણે ગંભીરતાથી આત્મશ્રદ્ધાપૂર્વક આગળ મંઝીલ કાપવાનું સામર્થ્ય અમને આપો !

૨૦૦૧
જ્યેષ્ઠ : પૂર્ણિમા :
પાલીતાણા.

સોમચંદ શાહનાં સ્નેહવંદન

## ગત ખંડની અશુદ્ધિઓનું સંશોધન.

કલ્યાણના ફાલ્ગુનના પુ. ૨ ખંડ ૧ માં, જે કેટલીક અશુદ્ધિઓ પ્રમાદવશ રહી ગઇ છે, તેને અંગે કેટલાક અભ્યાસી વાચકો તરફથી અમારૂં ધ્યાન ખેંચવામાં આવ્યું છે; તેનું સંશોધન આ પ્રમાણે છે—

**પૃ.** ૩૩ પર '૬૪ પ્રહર,' જ્યાં જ્યાં છપાયું છે, ત્યાં ત્યાં '**૧૬** પ્રહર' સ્હમજવું.

**પૃ.** ૭૭ અને ૮૩ પર જ્યાં '**૧૯**મા શતક' છપાયું છે ત્યાં '**વીસ**મા શતક' સ્હમજવું.

પૃ. ૧૨૫ની ૧૩ મી પંક્તિમાં '**સં**તોષ' છપાયું છે તેને સ્થાને '**અસં**તોષ' સ્હમજવું.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

શબ્દશાસ્ત્રના જિજ્ઞાસુઓ માટે

અપૂર્વ ગ્રન્થરત્ન

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાળા. પુષ્પ ૩.

# श्री सिद्धहेमलघुवृत्ति

નો

## अवचूरि परिष्कार

શ્રી 'સિદ્ધહેમચન્દ્ર'-વ્યાકરણની મહત્તા શબ્દશાસ્ત્રના અભ્યાસીઓને વિદિત છે. આ વ્યાકરણ બહુ ગંભીર અર્થથી ગર્ભિત છે. સૂત્રોનાં અર્થ, સૂત્રાંતર્ગત પદોનાં ફળ, સુગમતાથી ગમ્ય નથી. સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિ તો બૃહત્ જ છે. તે પ્રાથમિક અભ્યાસીઓ માટે તો અસાધ્ય છે. એટલે સ્વયં ગ્રન્થકારે જ પ્રાથમિક અભ્યાસીઓ માટે લઘુવૃત્તિનું સર્જન કર્યું છે. પરંતુ કાલાનુસાર તેનું પણ તત્ત્વ સમજવું દુર્ગમ બન્યું છે અને વિશેષ ખુલાસાની અપેક્ષા તેમાં રહે છે. આજ સુધી અનેક વિદ્વાનોએ ટીકા ટીપ્પણોઓ દ્વારા એનું પ્રકાશન કર્યું છે, પરંતુ કોઇ પણ પ્રકાશન તે સૂત્રવૃત્તિનાં મર્મનાં આવિષ્કારમાં સમર્થ થયું નથી.

આ પરિષ્કારમાં અનેક ગ્રન્થોની સહાયતાથી કર્તાના ભાવને આવિષ્કાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સૂત્રોમાંથી નીકળતા ન્યાયોનું જ્ઞાન અને પ્રવૃત્તિઓની સમજ આ પરિષ્કારથી પ્રાપ્ત થાય છે. એક એક પાદની પુસ્તિકારૂપે આ પરિષ્કાર અભ્યાસી અને અભ્યાસ કરાવનારાઓના હાથમાં શોભી તે તેઓને પ્રાણપ્રિય બનશે.
પ્રથમાધ્યાયના પ્રથમ પાદની કિંમત માત્ર ૦-૧૦-૦

તુરત મંગાવો:—શા. ઉમેદચંદ રાયચંદ
ઠે. જૈન દેરાસર પાસે, મુ. ગારીઆધાર
વાયા દામનગર-(કાઠીયાવાડ)